R INDIAN SUNDAY SCHOOLS

OUR INDIAN SUNDAY SCHOOLS

BY

EDWARD A. ANNETT.

"હિન્દુસ્તાનની સાબ્બાથશાળાઓ"

આન્નેટ સાહેબકૃત.

તરજુમો કરનાર, હરખાજી કેશવજી.

સુરત:

ઐરિશ પ્રે[illegible] પ્રેસ.

૧૯૧૩.

PRINTED AND PUBLISHED
FOR THE
GUJARAT TRACT AND BOOK SOCIETY
BY
H. R. SCOTT, AT THE MISSION PRESS, SURAT

ઉપોદ્ઘાત.

મ્હૈસુર સંસ્થાનના કોલર ગામમાં, કેટલાએક વરસો પર મને એક અસાધારણ અનુભવ થયો, જેના સરખો અનુભવ કોઇ મનુષ્યને ભાગ્યેજ થયો હશે; એટલે કે જે સોનાની ખાણમાં ધમધોકાર કામ ચાલી રહ્યું હતુ તેવી ખાણમાં ઉતરવાનો લાગ મને મળ્યો હતો. 'મેનેજરે' મને ખાણ ખોદનારનો પોશાક પહેરાવ્યો, મારા માથા પર વિચિત્ર ટોપી ઘાલી, અને મારા હાથમાં 'સેફ્ટી લેમ્પ' નામની બત્તી આપી. અમે એક જાતની ટોપલીમા ચઢી બેઠા, અને અંધારામાં થઇને ઘણું અંતર કાપ્યુ. જમીન નીચે કેટલા બધા ગાઉની મુસાફરી મેં કરી હશે તે મને બરાબર માલમ નથી, પરંતુ કામ કંટાળા ભરેલુ હતુ, કારણ કે પથ કઠણ હતો અને કાંઇ સુવર્ણ પ્રકાશતુ નહોતુ. કાચમણિમા અહી તહી સુવર્ણના રજકણો પ્રકાશતા હતા, તેમ છતાં એ વાત જાણીને દિલાસો મળતો હતો કે કાચમણિ, જેના પર નજર કરતા એવો વિચાર ભાગ્યેજ આવતો કે તેમાં સુવર્ણ હશે, તેમાંથી સૌથી અધિક સોનુ નીકળતુ હતુ. આ વાત મારે વિશ્વાસ ઉપર માનવાની હતી, જે ચીજ હુ નજરે જોઇ શકતો નહોતો, તે ખરી છે એમ વિશ્વાસથી માનવાનુ હતુ.

તેમ છતા ધીરજનો બદલો મળ્યો, જેમાં પુષ્કળ સુવર્ણ હતુ એવા સ્થાનમાં અમે આવી પહોંચ્યા. ઉત્તમ જાતનો એક સંચો કામે લાગેલો હતો, અને તે કાચમણિમાં કાણુ પાડનાર યંત્રને દાખલ કરતો હતો. સ્પષ્ટ રીતે, અસાધારણ પ્રમાણમાં આ જગ્યાએ સુવર્ણ મળી આવતું હતુ. જમીનની સપાટી નીચે, અંધકાર ને એકાંતમા, આ કારીગરોને એટલુ સોનુ મળી આવતુ હતુ કે જેથી તેઓને ખાણના બીજા ભાગમાં કામ કરતાં ઉપજેલી નિરાશા તથા નાહિમ્મતનો બદલો મળતો હતો. આ માણસો આતુર હતા, કાણું પાડનાર યંત્ર પણ કામમાં આનંદ માનતું હોય એવુ દીસતું હતુ, કુદરત પાસેથી

તેનો સોનેરી ખજાનો તેઓ કેવી રીતે કઢાવતા હતા તે મુલાકાત લેનારને બતાવવાથી 'મેનેજર' ને આનંદ થતો હતો.

તે દેખાવનો આબેહુબ ચિતાર મારી સ્મરણશક્તિ પર પડેલો છે, ને મુખ્યત્વે બે બાબતનો—પહેલું, કાણું પાડનાર યત્રની યથાર્થતા અને પરાક્રમ; અને બીજું, કાચમણિના થરોમાં સુવર્ણ અસાધારણ પ્રમાણમાં મળી આવતુ તે.

સાબ્બાથશાળાઓમાં ખ્રીસ્તી મડળી એવા પ્રકારનુ કામ કરે છે કે જેમાથી આત્મિક સોનાનો મોટો જથો પ્રાપ્ત થાય છે. એ કામ પર તેજ પ્રમાણમાં લક્ષ આપવામા આવે એ વાજબી છે. સાબ્બાથશાળાના શિક્ષક ઇશ્વરના હાથમા કાણુ પાડનાર યંત્ર સમાન છે, અને કામ કરી શકે તેવી હાલતમાં તેને રાખવો જોઇએ એવી રીતે દૈહિક કાચમણિમાંથી આત્મિક સોનુ છુટું પાડવામાં આવશે, અને ખ્રીસ્ત તથા તેની મડળીના મહિમા તથા સેવાના ઉપયોગમા લેવાશે. ધધામાં મશગુલ થએલ દુનિયા, ખંતથી કામ કરનાર ખણિયા, જે દૃષ્ટિગોચર ન થાય તેવી રીતે કામ કર્યા જાય છે, તેઓ તરફ નજર પણ કરતી નથી, પરતુ વાસ્તવિક રીતે જોતાં, સુવર્ણ શોધનારા તેઓ છે. સાબ્બાથશાળાના શિક્ષકો ડોળ ઘાલ્યા વિના, અલક્ષિત રીતે, ખોદવાનુ કામ કર્યા જાય છે. પરતુ આત્મિક સુવર્ણના શોધી કાઢનારા તેઓ છે.

મિ. ઇ. એ. આન્નોટે આ પુસ્તકમા ઉત્તમ કામ કર્યું છે. મડળીરૂપી ખાણના સાબ્બાથશાળારૂપ વિભાગમાં આત્મિક સુવર્ણનુ જે મોટું પ્રમાણ મળી આવે છે તેની તરફ તેમણે આપણું લક્ષ ખેચ્યુ છે, અને કાણુ પાડનાર યત્ર યથાર્થપણાની તથા પરાક્રમની ઉત્તમ હાલતમાં કેવી રીતે રાખી શકાય, અને યંત્ર કેવી રીતે કામે લગાડી શકાય તે તેમણે આપણને દર્શાવ્યુ છે. આ પુસ્તક માત્ર વાંચી જવાનુ નથી પણ તેનો ઉડો અભ્યાસ કરવાને છે; મને પોતાને એના વાંચનથી ઘણો લાભ હાંસલ થયો છે.

રેવ. આર. બર્જેસ.

પ્રસ્તાવના.

જેઓને વિદ્યા તથા શિક્ષા પદ્ધતિમા ખાસ કેળવણી મળેલી છે તેઓને આ નાનુ પુસ્તક ઘણુજ પ્રાથમિક દેખાય, પરતુ એ પુસ્તક તૈયાર કરતી વખતે, આખા હિદ દેશમા જે હજારો કેળવણી પામ્યા વિનાના સાબ્બાથશાળાના શિક્ષકો છે, અને જેઓને વિદ્યાર્થીઓ સાથેના તેમના કામમા મદદની અગત્ય જણાય છે, તેઓને લક્ષમા રાખવામા આવ્યા છે. આવા પ્રકારની મદદ આપવામા આવે એવી અરજીઓ ઘણે સ્થળેથી આવવાને લીધે આ લઘુ ગ્રથ બહાર પાડયો છે શિક્ષા પદ્ધતિને લગતા સઘા વિષયો તેમા દાખલ કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો નથી, એથી ઉલટુ, આ ગઢ વિષય, જેમ બને તેમ સાદી અને સરળ ભાષામા વર્ણવવાનો હેતુ લક્ષમા રાખ્યો છે વિચારો ભિન્ન ભિન્ન સ્થળોમાથી સગ્રહ કરવામાં આવ્યા છે

આ લઘુ ગ્રથ જે જગ્યાઓમા શિક્ષકોને કેળવવાના ઉપયોગમા લેવામા આવે છે ત્યા કાળા પાટીઆ ઉપર કોષ્ટકો ઘણા મદદરૂપ થઇ પડશે પ્રશ્નોના જવાબ જો લખીને આપવામા આવે તો અધિક લાભકારક થઇ પડશે

આશા રાખવામા આવે છે કે જે સ્થળોમા શિક્ષકોના વર્ગને કેળવનાર કોઇ મળી આવતું નથી, ત્યા આ પુસ્તકનો અભ્યાસ કરવા માટે વર્ગો સ્થાપન કરવામા આવે ઈગ્લાડ તથા અમેરિકામા, પરદેશી મિશનોના સબધમા આ પ્રકારનો અભ્યાસ અતિ લોકપ્રિય થઇ પડેલો છે, તેનો ઉપયોગ સાબ્બાથશાળાના શિક્ષકોએ મોટા પ્રમાણમા શા માટે નહિ કરવો જોઇએ તેનુ કાઇ લાયક કારણ મળી આવતું નથી અભ્યાસ કરવા માટે વર્ગો કેવી રીતે સ્થાપન કરવા તથા તે કામ કેવી રીતે આગળ ચલાવવુ તે સબધી ખબર, નીચેને સરનામે, અરજી મોકલવાથી મળી શકશે

ઇન્ડીઆ સન્ડે સ્કુલ યુનિયન શિક્ષકોની કેળવણીના અભ્યાસક્રમમા આ લઘુ ગ્રથનો સમાવેશ કરે છે તેને લગતી પરીક્ષાઓ તથા ઇનામો સબંધી ખબરો "ઇન્ડિયા સન્ડે સ્કુલ જર્નલ" માં વખતો વખત પ્રગટ કરવામા આવશે

એવી ઉમેદ રાખવામા આવે છે કે ટુક મુદતમા આ નાનુ પુસ્તક કેટલીએક દેશી ભાષાઓમા મળી શકશે

ઇ. એ. આજેટ.

અનુક્રમણિકા.

ખંડ ૧ લો. વિદ્યાર્થી.

ખંડ ૨ જો. સાબ્બાથશાળા.

ખંડ ૩ જો. શિક્ષક તથા તેનાથી અપાયલું શિક્ષણ.

ખંડ ૧ લો.

વિદ્યાર્થી.

બાળકનું બાલ્યાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં આવવું.

	સદાચારની વૃદ્ધિ.	માનસિક વૃદ્ધિ.
પ્રાથમિક વિદ્યાર્થી ઉમર ૪-૮	વિશ્વાસ (અંતઃકરણ)	કલ્પના શક્તિ
જ્યુનિયર વિદ્યાર્થી ઉમર. ૮-૧૨	વીર-પુજા (હાથ)	સ્મરણશક્તિ
યુવાવસ્થાના વિદ્યાર્થી ઉમર ૧૨-૧૬	પ્રેરકબુદ્ધિ (મગજ)	અક્કલ

પ્રકરણ ૧ લું.

બાળ-અભ્યાસ.

છોકરાંમાં આપણુ કામ સફળ થાય તેટલા માટે પહેલી અગત્યની વાત એ છે કે આપણે તેઓની મનોવૃત્તિઓ જાણવી જોઇએ; આમ જો ન કરીએ તો આપણું કામ નિષ્ફળ થશે. કેટલાક માણસો ફૂલઝાડો ઉગાવવામાં ઘણાં અનુભવી હોય છે, અને તેઓના જેવા થવાનું આપણુ મન થાય છે. પરતુ જો તમે તેઓને બારીકીથી જોશો તો તમને માલમ પડશે કે, દરેક ફૂલઝાડને માટે અનુકૂળ ભૂમિ તેઓ જાણે છે, તેમજ કેટલા તડકાની, કેટલા છાંયાની તથા કેટલા પાણીની જરૂર દરેક ફૂલઝાડને હોય છે તે તેમને માલમ છે, તે ઉપરાંત છોડવાને કેવી રીતે કાપકુપ કરીને સારા રાખવા તથા હાનીકારક જીવડાંથી તેઓનો બચાવ કેવી રીતે કરવો તે સબધી તેઓ જ્ઞાન ધરાવે છે. તમે જવાબ આપશો કે તેઓની સફળતાનુ કારણ એ છે કે તેઓ ફૂલો પર પ્રેમ રાખે છે. હા, તેઓ તેમના પર પ્રેમ રાખે છે તેનું કારણ એ છે કે તેઓ સબધી તેમને જ્ઞાન છે, અને તેવીજ રીતે જો સાબ્બાથ-શાળાઓના આપણા કામમા આપણે સફળતા મેળવવા ઇચ્છીએ તો બાળકો સબધી જ્ઞાન મેળવવા આપણે યત્ન કરવો જોઇએ.

આપણો અભ્યાસ શરૂ કરતાં જે પહેલી વાત આપણે કબુલ કરીએ છીએ તે એ છે કે દરેક બાળકમાં બે શક્તિઓ છે, એટલે સારૂં કરવાની સ્વાભાવિક શક્તિ અને ભુંડું કરવાની સ્વાભાવિક શક્તિ. આપણું કામ એ છે કે ભલુ કરવાની શક્તિ શોધી કાઢવી અને તેને કેળવવી, એટલે સુધી કે આખી જીંદગી પર્યંત ખ્રીસ્ત પર વિશ્વાસ કરવાના નિશ્ચયરૂપી ફળ તેમાંથી પેદા થાય. વશપરપરાથી ઉતરતુ ખ્રીસ્તીપણું એવી કોઇ ચીજ હયાતી ધરાવતી નથી, બાળક જન્મે છે ત્યારે તે ખ્રીસ્તી હોતુ નથી (યોહાન ૧ ;

૧૩). પરંતુ અનુભવથી સાબિત થયું છે કે બાળક બાળપણુના હર કોઇ ભાગમાં ખ્રીસ્તી થવાના નિશ્ચય પર આવી શકે છે. આપણે જાણીએ છીએ કે ઉમરના અમુક ભાગમાં આ બનાવ વારવાર બને છે, પરતુ છેક બાળપણુમાં એ પ્રમાણે ન બનવાને કાંઇ કારણુ મળી શકતુ નથી.

છોકરાંના જીવન તરફ બારીક રીતે લક્ષ દેતા આપણુને માલમ પડે છે કે તેઓ સબધીનુ આપણું જ્ઞાન બે પ્રકારનુ હોવુ જોઇએ, એટલે કે સામાન્ય અને ખાસ.

સામાન્ય જ્ઞાન—બાળ-અભ્યાસથી આપણુને માલમ પડે છે કે જીદગીના જૂદા જૂદા ભાગોમા બાળકોમાં સ્વાભાવિક વળણુ જૂદા પ્રકારનાં હોય છે, અને બાહ્ય અસરોથી એ વળણો સહેલાઇથી કેવી રીતે ફેરવી શકાય તે સબધી નિશ્ચય કરી શકીએ છીએ. વિધ વિધ વળણોના ઉદય વિષે માહિતી મેળવવી, અને તેઓનાં ખાસ લક્ષણો જાણી લેવાં એ બાળ-અભ્યાસ છે. દાખલો --સર્વ બાળકોમાં ચચળાઇનુ ખાસ વળણુ છે, અને તેથી આપણે એવુ કહીએ છીએ કે અશાંત ચપળતા એ બહુ નાના બાળકનુ ખાસ લક્ષણુ છે. જેવી રીતે પુષ્પોની પાંખડીઓ કળીની અદર રાખેલી છે, અને તે પોતાના અનુક્રમ પ્રમાણે બહાર નીકળે છે, તેવીજ રીતે તેણે નાનાં બાળકોમાં ખાસ લક્ષણો રાખેલાં છે ને તેઓ અનુક્રમ પ્રમાણે ખીલી નીકળે છે. હવે મહેતાજીએ એ સબધી માહિતી મેળવવી જોઇએ, એટલે કે અમુક વયના બાળકોના સબધમાં સામાન્ય રીતે કઇ કઇ બાબતો માલમ પડી આવે છે, એ વાત મહેતાજીએ જાણવી જોઇએ, એ માટે કે તેને અનુસરીને બાળકોને તે કેળવણી આપી શકે.

બાળકના મન તથા અતઃકરણુ પર અસર કરવાના જુદા જુદા માર્ગ છે, જ્યારે તેની વયમાં વધારો થશે ત્યારેજ અસર કરવાના બીજા માર્ગો ખીલી આવશે; અને જ્યાં સુધી તે પુખ્ત ઉમરે પહોંચશે નહિ ત્યાં સુધી કેટલાએક માર્ગો ખુલ્લા થશેજ

નહિ. બાળકોના મન પર અસર કરવાના આ જુદા જુદા માર્ગો તેઓના હિતને અર્થે આપણે જાણવા જોઇએ ને તે સબધી શોધ કરવો જોઇએ.

આપણો અર્થ સાધવા માટે આપણે બાળકની જીંદગીના ચાર સરખા વિભાગ પાડી શકીએ, અને તે દરેકમા ચાર ચાર વરસોનો સમાવેશ થઇ શકે. આ વિભાગ બહુ વિદ્વત્તા ભરેલા ન હોય, તેમ છતાં તે સહેલાઇથી યાદ રાખી શકાય એવા છે.

એક વરસથી ચાર વરસ સુધી, બચપણ.

ચાર વરસથી આઠ વરસ સુધી, બાળપણુ—પ્રાથમિક વિદ્યાર્થી.

આઠ વરસથી બાર વરસ સુધી, કિશોર વય–જ્યુનિયર વિદ્યાર્થી.

બાર વરસથી સોળ વરસ સુધી, યુવાવસ્થા–જુવાન વિદ્યાર્થી.

આમાંના પહેલા વિભાગ વિષે આપણે કાંઇ બોલીશુ નહિ, કારણુ કે જે છોકરાં સાબ્બાથશાળામાં આવે છે તેઓની સાથેજ આપણુને કામ કરવાનુ છે.

ખાસ જ્ઞાન—દરેક છોકરા સાથે ઓળખાણુ કરવુ એ વાત શિક્ષકને માટે ઘણીજ અગત્યની છે, કારણુ કે દરેકમાં કાંઇ ખાસ લક્ષણુ હોય છે. અમુક ઉમરનાં સઘળાં છોકરાંમાં અમુક સરખાં લક્ષણો હોય છે, પરતુ કેટલાએકમાં તે વિશેષ ને કેટલા-એકમાં ઓછાં હોય છે, અને બાળકની આસપાસના સંજોગો પ્રમાણે તેમનાં પર અસર થાય છે. કેટલાંએક છોકરાં સ્વભાવે પ્રેમાળ હોય છે, પણુ બીજાં કેટલાંએક એવાં હોય છે કે તેમના પર પ્રીતિ દેખાડીએ તો પણુ તેઓ સામી પ્રીતિ દેખાડતાં નથી. કેટલાંએક ચાલાક અને ગરબડીઆં હોય છે, બીજાઓ તુરગી તથા ભટકતા વિચારનાં હોય છે. કેટલાંએકના દેખાવ પરથી

તમે ભૂલથાપ ખાઓ છો, બીજા ભરોસાપાત્ર તથા ધ્યાન દેનારાં હોય છે, દરેકમા ખાસ પોતાનુ લક્ષણ હોય છે. જે સાબ્બાથશાળાના શિક્ષકને પોતાના વિદ્યાર્થીઓનુ ઓળખાણ માત્ર વર્ગમાં હોય છે તે તેમના વિષે ખાસ જ્ઞાન મેળવી શકતો નથી; તેણે તેઓને ઘેર તેમની મુલાકાત લેવી જોઇએ, અને છોકરૂં ત્યાં શુ શિખે છે, તેને કેવી રીતે શિખવાય છે, કેવી રીતે શિક્ષા કરવામાં આવે છે, તેના સાથીઓ કોણ છે, તે કેવા ખેલ ખેલે છે, તે કેવુ છે અને કેવી રીતે રમે છે, અને બીજાઓની સાથે ને કેવી રીતે વર્તે છે એ સઘળી બાબતો તેણે જોવી જોઇએ.

આમ કરવુ બહુ મુશ્કેલ છે? ના, જ્યારે બાળકના આત્માની કિમ્મત આપણે સમજીએ ત્યારે તે મુશ્કેલ લાગશે નહિ. તેને માટે આપણા તારનારે પોતાનુ અમૂલ્ય લોહી વહેવાડ્યુ, અને તે તારનારને વાસ્તે જો આપણે એક આત્મા મેળવી શકીએ તો આપણી સઘળી મહેનત સફળ થશે. આપણે હમેશાં યાદ રાખવુ કે વર્ગમા ગમે તેવુ મદ બુદ્ધિનુ, ગરીબ, તથા નકામા જેવુ બાળક દેખાતુ હોય તો પણ તે આકાશ માંહેના સૌથી પ્રકાશિત તારા કરતાં વિશેષ મૂલ્યવાન છે. થોડી મુદત પર એક લેખકે કહ્યુ છે કે, "તેઓનાં અડપલાં તથા કસુરો છતાં પણ, સ્વર્ગવાસી દેવના દૂતો તેમાંના દરેક વિષે કાળજી રાખે છે. દરેક બાળકની આગળ વિજય અથવા નાશનો માર્ગ રહેલો છે."

પ્રશ્નો

૧. સફળતા મેળવવા માટે બાળકો સબધી જ્ઞાનની શી અગત્ય છે?

૨. ફૂલો સબધીનું જ્ઞાન ફૂલો ઉગાવવામાં કેવી રીતે મદદ આપે છે?

૩. ૭ વરસની ઉમરનું બાળક ખ્રીસ્તની સેવા કરવાના નિશ્ચય પર આવી શકે?

૪. શાસ્ત્રમાંથી એક કલમ આપો જે પરથી સિદ્ધ થાય છે કે કોઇ બાળક ખ્રીસ્તી જન્મતુ નથી.

૫. બાળ અભ્યાસની વ્યાખ્યા તમારા પોતાના શબ્દોમાં આપો.

૬. બાળકનું લક્ષણ એ પરથી તમે શુ સમજો છો ?

૭. બાળકનાં મન પર અસર કરવાના માર્ગો શી રીતે જાણી શકાય ?

૮. ઉપર વર્ણવેલા બાળકની જીંદગીના ચાર વિભાગનુ વર્ણન કરો.

૯. બાળક સબધી ખાસ જ્ઞાન એટલે શુ ?

૧૦. શિક્ષકે બાળકના ઘર સબધી શી શી વાતો જાણવી જોઇએ ?

પ્રાથમિક વિદ્યાર્થી, ૪-૮.

લક્ષણો

નકલ કરવી.
કલ્પના કરવી.
હાસ્ય ઉપજે એવી બાબતો સબધી જ્ઞાન.
અશાંત ચપળતા
જીજ્ઞાસા.
ભરોસો કે વિશ્વાસ.

મુશ્કેલીઓ.

જુજ અનુભવ.
જુજ શબ્દોનુ જ્ઞાન.

સહાય.

કૃત્યો.
ચિત્રો.
પદાર્થો.

પ્રકરણ ૨ જું.

આપણા બાળવર્ગમાં જે બાળકો હોય છે તે સબધી આપણે પહેલાં વિચાર કરીએ. તેઓનાં લક્ષણોમાંનાં ૭ લક્ષણ વિષે આપણે વિચાર કરીશું તો બસ થશે.

અનુકરણ—બધાં નાના બાળકો નકલ કરે છે. અનુભવ મેળવવાની આ તેઓની રીત છે. બધાં પ્રાણીઓનાં બચ્ચાં અનુકરણથી શીખે છે. સસારી જીવનમાં બાળક અનુકરણ કરે છે એટલુંજ નહિ પણ આત્મિક જીવનમા પણ તેમજ કરે છે. બાળક પોતાના ઘરમાં જે જુએ છે તે પરથી તે પ્રેમ રાખતા શીખે છે. માબાપો નોકરો સાથે, તેમના કરતાં ઉતરતી પકતીનાં મનુષ્યો સાથે જે રીતે બોલે છે તથા પ્રાણીઓ તરફ વર્તે છે, તેનુ અનુકરણ તેઓનાં બાળકો કરતાં શીખે છે જે ઘરમાં ટંટા થાય છે, ને અરસપરસનો પ્રેમ હોતો નથી, તે ઘરનાં બાળકો ટટાખોર થયા વિના રહેતાં નથી. મોટી ઉમરનાં છોકરાં જે કરે છે તે જોઇને બહુ નાનાં બાળકો તેવુજ કરે છે.

કલ્પનાશક્તિ—એવી શક્તિ કે જે અજાયબીઓથી ભરેલી દુનિયા પેદા કરે છે. લાકડી, કેટલાક વખત સુધી ઘોડાની ગરજ સારે છે, પુતળી તે બાળક સમાન છે, ખુરસી ગાડીની જગ્યાએ છે, આંગણાને છેડે સિહ તથા વાઘ વસે છે.

હાસ્ય ઉપજે એવી ચીજો સંબંધી જ્ઞાન—બધી વિચિત્ર ચીજો બાળકને મન હસવા જેવી છે, અને તેને મન ઘણી ચીજો વિચિત્ર છે. પુખ્ત ઉમરના માણસને અધીરા બનાવનારૂ બાળકનુ હસવુ તેનુ કારણ આ છે.

ચપળતા—બાળકમાં ઘણો જુસ્સો રહેલો હોય છે, અને તે બહાર નીકળવાનો માર્ગ શોધે છે. બિછાના પર ચત્તુંપાટ સુતેલુ ને પા કલાક સુધી લાતો મારનાર બાળક તરફ લક્ષ દો. પુખ્ત ઉમરના બાળકને તરત ખાતરી થાય છે કે બાળકમાં બેહદ

જુસ્સો રહેલો છે. શાંત બેસી રહેવાનું કામ બાળકને ઘણુંજ મુશ્કેલ લાગે છે. સાબાથશાળાના શિક્ષકને પણ આ મોટી અડચણ વારંવાર નડતર કરે છે. કોઇ પદાર્થને અડકવાથી ને તેનું અવલોકન કરવાથી, હાવ ભાવના ગાયન ગાવાથી, અને નિશાળના કામને અડચણ ન કરે તેવી રીતે તેઓની સ્થિતિમાં ફેરફાર કર્યાથી અથવા હિલચાલથી બાળકના આ જુસ્સાનો કાંઇ ભાગ ઉપયોગમા લઇ શકાય. પાઠ બેહદ લાંબા હોવા ન જોઇએ, તેમજ તેમાં જાત જાતની બાબતો હોવી જોઇએ.

જીજ્ઞાસા—મજકુર બાબતને મદદ આપનાર આ આપણો મોટો મિત્ર છે. અશાંત છોકરૂ પણ કોઇ રમુજી વાર્તા સાંભળવા માટે લાબી મુદત સુધી શાંત બેસી રહેશે. શા માટે? કારણ કે પછીથી શુ બને છે તે જાણવા બાળકને ઘણીજ જીજ્ઞાસા છે, અને તે કારણથી તે સ્વસ્થ થઇને સાંભળ્યા કરે છે. પરમેશ્વરે બાળકને આ જીજ્ઞાસા આપેલી છે. તેને બધી બાબતો શિખવી પડે છે, તેથી પરમેશ્વરે તેને એવુ બનાવ્યુ છે કે તે સર્વ બાબતો શિખવાની ઇચ્છા કરે છે. તેની દેખીતી અડપલાં ભરેલી રીતોનુ પણ મૂળ કારણ આમાં સમાએલુ છે કોઇ છોકરો ઢોલનો પડદો ફોડી નાખે છે, પણ ખરૂ જોતા ઢોલમાંથી અવાજ શી રીતે નીકળે છે તેનો તે શોધ કરે છે વાર્તાઓથી બાળકોની જીજ્ઞાસા તથા જાણવાની ઇચ્છાઓ જાગૃત થાય છે, તેથી વાર્તાઓની મારફતે તેને શિક્ષણ દેવુ સહેલ કામ છે, કારણ કે ગયા પ્રકરણમાં આપણે જોઇ ગયા તેમ બાળકને જેમાં ગમત પડે છે તેવી ચીજોની મારફતે આપણે તેના મન પર અસર કરી શકીએ છીએ.

જે ચીજો બાળક પોતાના ઘરમાં, તથા ઘરની નજીકમાં દરરોજ જુએ છે, એટલે કે ખોરાકનુ રધાવુ, ઘરનુ કામ, કપાઉન્ડ માંહેના જાનવરો, રસ્તા માંહેનાં વાહનો, અને મુખ્યત્વે કરીને નાના બાળકો, તેઓ પર તે ઘણુ લક્ષ દે છે. જે પ્રકારની

વાર્તાઓનો ઉપયોગ આપણા શિક્ષણમાં આપણે કરી શકીએ તે આ પરથી માલમ પડે છે,—બૈબલ માંહેના તથા બૈબલ બહારનાં છોકરાંઓની વાર્તાઓ, પ્રાણીઓની, પુષ્પોની, ને તારાઓની વાર્તાઓનો ઉપયોગ કરી શકીએ. પુખ્ત ઉમરના માણસોના દુ ખ સબધી બાળકોને જેટલી લાગણી થાય છે તે કરતાં પ્રાણીઓના દુઃખ વિષે વધારે લાગણી ધરાવે છે એક નાનો છોકરો સિંહોના બીલમાં નાખેલા દાનીએલ ભવિષ્યવાદીના ચિત્ર તરફ જોતો હતો. દાનીએલની આસપાસ ચાર પાંચ મોટા સિંહ હતા, અને તેની પાછળ એક નાનો સિંહ હતો. તે છોકરાને રડતો જોઇને કોઇએ કહ્યું, "રડ મા, તેઓએ દાનીએલને ફાડી ખાધો નહોતો." તેણે જવાબ આપ્યો કે, "હુ તેને માટે રડતો નહોતો, આ નાના સિંહના હાથમાં દાનીએલનો કશો ભાગ આવશે નહિ એને લીધે હુ રડતો હતો."

ચિત્રો અને પદાર્થથી ઘણી મદદ મળે છે. કર્ણદ્વાર કરતાં ચક્ષુદ્વારથી બાળકના મનમાં વાત જલદીથી દાખલ થઇ શકે છે, જ્ઞાની શિક્ષક પોતાના શિક્ષણમાં સઘળી ઈંદ્રીઓ ઉપયોગમાં લે છે, અને જે ચિત્રો વિષે તેઓને સમજણ પડે છે તેવા ચિત્રો બાળકો ચાહે છે. તેમ છતાં હિંદુસ્તાનમાં કોઇવાર આ વાત સ્પષ્ટ રીતે સમજાવવાની અગત્ય જણાય છે કે આ તસવીરો પુજાના કામને માટે નથી.

આ એક ગભીર તથા મહત્વની બાબત છે કે જે આપણે તેઓને કહીએ છીએ તે પર બાળક વિશ્વાસ રાખે છે. જ્યાં સુધી તે જુઠુ માનવાનુ કારણ તેને ન મળે ત્યાં સુધી, મોટી ઉમરનુ માણસ તેને જે કાંઇ કહે છે તે બાળક બેશક સત્ય માને છે. નાના બાળકના મત પ્રમાણે તમારામાં અનહદ જ્ઞાન છે. તમારામાં જ્ઞાન હોવુ જોઇએ, નહિ તો સાબ્બાથશાળાના શિક્ષક થવા લાયક તમે નથી. તેના વિચાર પ્રમાણે તમારી ઉમરનાં વરસો પણ ઘણાંજ છે. દાખલો, એક સાબ્બાથશાળામાં સ્ત્રીશિક્ષકે પોતાના વર્ગમાં દાનીએલનુ વૃત્તાંત કહી સભળાવ્યું

હતું. તેણે એ વૃત્તાંતનો એવો આબેહુબ ચિતાર આપ્યો કે, એક નાના છોકરાને એવું ભાસ્યું કે એ બધો બનાવ તેણે પોતાની નજરે જોયો હશે તેથી તાજુબ થઇને તે ધીમેથી બોલ્યો, "શિક્ષક, આ બનાવ બન્યાને કેટલાં વરસ થયાં?" જવાબ મળ્યો કે, "ત્રણ હજાર વરસ." છોકરો અચંબો પામી બોલ્યો, તમારૂં વય કેટલાં બધાં વરસનું હશે!"

તમે જે કહો છો તે બાળક માને છે, કારણ શોધવાને તે થોભતું નથી; જે વાતોથી તમે તેના ચિત્તનું આકર્ષણ કરશો તે તેના મનમાં ઠસી જશે અને તેની પાછળની જીંદગીને માટે પાયા નાખશે ભૂત પલીત માનનારા લોકોમાં જે બાળક ઉછરે છે તેના મનમાંથી ભૂત સબંધીનો વહેમ કદી પૂરેપૂરો નાબુદ થતો નથી. જો કે તેની અક્કલની વિરૂદ્ધ એ વાત તેને લાગે છે તો પણ કેટલેક અંશે તે વહેમ રહે છે. તેવીજ રીતે ઇશ્વર સબંધી તથા ઇસુ સબંધી મહાન વાતો તેના મનમાં દાખલ કરવાનો આ સમય છે. કેટલાંએક સિદ્ધાંતો નાનું બાળક બરાબર સમજી શકતું નથી, પરંતુ દેવના જ્ઞાન, પરાક્રમ, તથા પ્રેમ વિષે તથા ઇસુ ખ્રીસ્ત અને તેની પ્રીતિ વિષે તે સહેલાઇથી સમજી શકે છે. વાર્તારૂપે કહેલી બાબતો, અને નવી નવી રીતે વારવાર કહેવાથી, તેઓના ભવિષ્યના દિવસોને માટે ઇશ્વરી પ્રકટીકરણના સિદ્ધાંત વિષે તેઓના મનોમાં અંકુર નાખવામાં આવશે. ઉત્પત્તિનું વૃત્તાંત, ઉત્પત્તિના પુસ્તકનાં તથા જુના કરારના બીજા પુસ્તકોનાં મહાન તથા સાદા વૃત્તાંતો, અને આપણા પ્રભુનાં સાદાં દૃષ્ટાંતો તથા તેના જીવનના બીજા બનાવો, સરળ ભાષામાં કહેવામાં આવે તો નાનાં બાળકોને પરમેશ્વર સબંધીનું જ્ઞાન આપવાનાં સ્વાભાવિક સાધન થઇ પડ્યા વિના રહે નહિ. આપણી આસપાસ ઇશ્વરનું કુદરતરૂપી મહાન પુસ્તક દરેક રીતે આપણને સહાય આપે છે, કારણ કે તેઓનો જુજ અનુભવ હોવાથી, આપણને એ વાતો જેટલી મનોરંજક લાગે છે તે કરતાં અધિક મનોરંજક તેઓને લાગે છે.

પ્રશ્નો.

૧. આ પ્રકરણના આરંભમાં આપેલું કોષ્ટક ફરી લખી આપો.

૨. નાનું બાળક અનુકરણ શા માટે કરે છે ?

૩. બાળકમાં કલ્પનાશક્તિનાં કયાં ચિન્હો તમારી નજરે પડ્યાં છે ? ટુંકામાં જવાબ આપો.

૪. અસાધારણ દેખાવ જોઇને બાળક કેમ હસે છે ?

૫ નાનાં બાળકો વર્ગમા જો શાંત રીતે બેસી રહેતાં ન હોય તો તમે શો ઉપાય કામે લગાડશો ?

૬. રમુજી વાર્તા સાંભળતી વખતે બાળક કેમ શાંત બેસી રહે છે ?

૭. તમારા ધારવા મુજબ નાના બાળકને પસંદ પડતી હોય એવી બાર ચીજોની ટીપ બનાવો.

૮. કેવા પ્રકારની વાર્તાઓ બાળકોને રસીક લાગે છે ?

૯. ચિત્રો શા માટે મદદરૂપ છે ?

૧૦. ખ્રીસ્તી ધર્મના કયા મુખ્ય સિદ્ધાંતો પ્રાથમિક વિદ્યાર્થીના મનમાં ઠસાવવા જોઇએ ?

જ્યુનિયર (કનિષ્ટ) વિદ્યાર્થી. ૮–૧૨.

લક્ષણો.

શોધ ખોળ.
ચપળતા.
ટેવનું પડવું.
મિલનસાર પ્રેરણા બુદ્ધિ.
સ્મરણશક્તિ
વીર-સેવા.

જોખમો.

ખરાબ સોબતીઓ.
ખરાબ પુસ્તકો.

પ્રકરણ ૩ જું.

જુનિયર-વિદ્યાર્થી.

આસરે આઠ વરસથી માંડીને બાળકમાં ખુલ્લો તફાવત માલમ પડી આવે છે. ફરીથી આપણે છ ખાસ લક્ષણો પર ધ્યાન આપીએ.

શોધ ખોળ—દસ વરસનો છોકરો હજી જીજ્ઞાસુ છે, પણ હાલ તેને અધિક જાણવાનુ મન છે. અગાઉ, તે ઘડીઆળનો ઉપલો ભાગ જોઇને સંતોષ માનતો હતો, પણ હાલ તેની માંહેની કૃતિ જાણવાનુ તેનુ મન છે. છોકરા અને છોડીઓ આ ઉમરે વસ્તુઓના ઉપયોગ વિષે વિચાર કરનારાં થયાં છે, અને તેમના ખેલો પણ હાલ અર્થ સહિત છે.

ચપળતા—બાળક હજી ચચળ છે, પણ ચચળતા કે ચપળતા હાલ શારીરિક તેમ માનસિક પણ છે. ગતકાળમાં તે અર્થ રહિત અશાંતતા હતી પણ હાલ તેમ નથી. હાલ કોઇ અર્થ તરફ તેનું લક્ષ ખેચાયલુ છે,—કદાપિ એવો કોઇ અર્થ કે જેમાંથી તેનાં માવેતર કે શિક્ષકને તસ્દી વિશેષ પડે આ ચાલાકીને સારે રસ્તે દોરવાની જરૂર છે, દબાવવાની નહિ. "જઇને જો કે થોમા શુ કરે છે, અને તેને એમ ન કરવાનુ કહે" એવુ જે માએ કહ્યુ તેણે સામાન્ય પણ મોટી નુકસાનકારક ભૂલ કરી.

ટેવનું પડવું—હાલ વળણ જોર પર આવે છે. આ ઉમરે છોકરાંની જીંદગીમાં જાત જાતની ટેવો પડવા લાગે છે, ને આગળ જતાં તેઓ એવી સજ્જડ થાય છે કે તેમાં ફેરફાર કરવો ઘણો મુશ્કેલ પડે ટેવોની પસદગીમાં શિક્ષકે બાળકોને મદદ આપવી જોઇએ, તેમજ ખરી પસદગી કરવાનાં કારણ બતાવવાં જોઇએ. દાખલા તરીકે, દરરોજ બેબલ વાંચવાની, દરરોજ પ્રાર્થના કરવાની અને નિયમસર દેવળમાં હાજર થવાની ટેવ બાળપણથી પાડવી જોઇએ.

મિલનસાર પ્રેરણાબુદ્ધિ ખીલતી જાય છે. નાના બાળકની રમતો એકાંત તથા એકને માટે હતી, હવે તેઓ પ્રતિસ્પર્ધા ધરાવનારી થાય છે, આગળ જતાં તેઓ સયુક્તતા ધરાવનારી થશે. સામાન્ય લાભ તથા હિતને માટે રમતો રમવામાં આવે છે. સાથે વસવાની, તૃપ્ત ન થાય એવી તૃષ્ણા મનમાં ઉત્પન્ન થાય છે. બાળપણની શરૂઆતમાં બાળક છોકરા તથા છોડી વચ્ચેનો ભેદ સમજતુ નથી—તેઓ સપમા સાથે વસતા હતાં, પરતુ હાલ તેમ નથી. છોકરા છોકરા સાથે ને છોડીઓ છોડીઓ સાથે રહેવુ પસદ કરે છે. તેઓ સગાથે રમવામા પણ વાંધો લે છે. આ કારણથી જૂદા વર્ગોની અગત્ય પડે છે છોકરા સિપાઇઓની, ચાંચીઆની તથા લૂટારાની ટોળીઓ થવા લાગે છે. છોકરાઓની ટોળીમા છોકરો એક આખો કલાક આનદથી કવાયત શીખવાનુ કામ કર્યા કરશે; જો તેને એકલો રાખીને તે પ્રમાણે કરવા ચહાશો તો તેમ તે કરશે નહિ. જ્ઞાની આગેવાન, વર્ગની જૂદી ટોળીઓ પાડીને વર્ગના હિતને અર્થે આ લાગણીનો સારો ઉપયોગ કરી શકે. તે વર્ગને માટે ઉજાણી, શનિવારે ફરવા જવાની, અથવા બીજા કોઇ પ્રકારની ગોઠવણ કરી શકે, અને એમ કરવાથી ખરાબ સોબતીઓથી તેઓને વેગળા રાખી શકે આ સમયમા બાળકોને ખરાબ સગત તથા ખરાબ પુસ્તકોથી સભાળવાને ઘણીજ કાળજી રાખવાની જરૂર છે.

સ્મરણશક્તિ આ વખતે પુર જોસથી જાગૃતિમા આવે છે. આટલી ઉમરે જે બાબતો આપણે યાદ કરવા ચાહીએ છીએ તે સહેલથી શીખી શકીએ છીએ, ને લાબી મુદત સુધી સ્મરણમાં રાખી શકીએ છીએ છોકરાના સ્મરણમાં જે હોય છે તે અવ્યવસ્થિત ને અનિયમિત હોય છે. તેટલા માટે સ્મરણશક્તિરૂપી ખજાનો હાલ ડહાપણથી તર કરવાનો આ સમય છે. આ સમયે છોકરાં સૌથી ઉત્તમ ગીતો, સૌથી ઉત્તમ કાવ્ય, ભવિષ્યનાં વરસોમા સૌથી વિશેષ ઉપયોગી થઇ પડે એવા શાસ્ત્રનાં વાક્યો શિખે તેને વિષે તમારે ખાસ કાળજી રાખવી. પવિત્ર

આત્માની મદદથી ભવિષ્યને માટે જે સાધનો વિશેષ ઉપયોગી થઇ પડે એવાં હોય તે શિખવાને તેઓ યત્ન કરે એવી કાળજી રાખો. એક ચિનાઇ બંદરમાં એક યુરોપિયન એક જુગારખાનામા બેઠો હતો જુગાર તથા દારૂથી તે પુરેપુરો ધિક્કારપાત્ર તથા નીચ થઇ ગયો હતો. "ઇસુ, મજ પર કરે પ્રીત" એ ગીતનો રાગ સિટીમાં વગાડતાં કોઇ પાસે થઇને ગયુ; અને એ ગાયનના સૂરથી એ કંગાળ માણસના મનમાં સ્મરણશક્તિના તરંગો ઉછળવા લાગ્યા. તે એ ગીત સાબ્બાથશાળામાં શિખ્યો હતો, અને તે ગીતની સાથે, જે તારનારે તેને માટે પોતાનો જીવ આપ્યો હતો તેની વાત તેના મનમાં ધસી આવી. શરમ અને તૃષ્ણાની નવી લાગણીથી તે જુગારખાનામાંથી બહાર નીકળી ગયો, અને જે તારનાર આટલાં બધા વરસથી તેની રાહ જોતો હતો તે તેને થોડીજ વારમા પ્રાપ્ત થયો.

વીર-સેવા—જેમ નાનાં છોકરાને બીજાં નાના છોકરાંની વાતો સાભળવી ગમે છે તેવીજ રીતે એથી વધારે ઉમરનાં છોકરાને પુખ્ત વયના માણસો વિષે વાર્તાઓ સાંભળવાનુ પસંદ પડે છે. તેની ચક્ષુઓ પુખ્ત વયના માણસો તરફ લાગેલી છે; રમતોમાં પણ આ વાત નજરે પડે છે. છોકરાને ટોળીના આગેવાન થવાનુ, વહાણના નૌકાધિપતિ થવાનુ, અથવા ફુટબૉલ ટીમના કપ્તાન થવાનુ ગમે છે, તેમજ છોડીને ઘરની વ્યવસ્થા રાખનાર અથવા સ્ત્રીશિક્ષક થવાનુ ગમે છે.

જે લોકોએ કાંઇ મોટું કૃત્ય કર્યું છે તેઓ સંબધીની વાતો માણસોનાં લક્ષનુ આકર્ષણ કરે છે. ફરજની વાત તેમના વિચાર પ્રમાણે બહુ મહત્વની નથી, પરતુ સાહસ અને પરાક્રમનાં કામો વિષે સાંભળીને તેઓનાં મન રજીત થાય છે. સદ્‌ગુણો વિષે બોલવા કરતાં સદ્‌ગુણી પુરૂષોના દાખલા તેઓની નજર આગળ ખડા કરવા જોઇએ. એટલે માયા વિષે નહિ પણ માયાળુ માણસ વિષે વાત કર્યાથી તેમને વિશેષ સમજણ પડશે. ધર્મની બાબતમાં માણસોએ કેવા હોવું જોઇએ તે કરતાં

શું શુ કરવું જોઇએ એ છોકરાના સમજવામાં સહેજ આવે છે. આવા વર્ગનાં છોકરાંને માટે જુના કરારના શૂરવીરોની વાર્તાઓ પરથી ઉત્તમ નમુના મળે છે, તેમજ મિશનરીઓ ને જેઓએ પ્રાચિન અથવા સાપ્રત કાળમાં ઇશ્વરને માટે પરાક્રમી કામો કર્યાં છે, તેઓનાં વૃત્તાંતોનો ઉપયોગ પણ જુનિયર વર્ગના શિક્ષકો સારી રીતે કરી શકે.

પરતુ તેઓની નજર આગળ પ્રભુ ઇસુને વિશેષ ચિત્તાકર્ષક બનાવવાને પ્રયત્ન કરો , તેણે જે જે કૃત્યો કર્યાં તેમાંથી વૃત્તાંતો પસદ કરો. તેઓનાં મન એવી રીતે આકર્ષો કે તેના વિષે વિશેષ જાણવાની ઇચ્છા તેઓને થાય. તેમના મનમાં પુખ્ત ઉમરના માણસનો પ્રેમ કદાચ ઉત્પન્ન નહિ થાય, તો પણ સાચો અને ખરા દિલનો પ્રેમ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

પ્રશ્નો.

૧. પ્રાથમિક વિદ્યાર્થીનાં કયા લક્ષણો જરા જૂદા રૂપમાં જુનિયર વિદ્યાર્થીમાં ફરીથી નજરે પડે છે?

૨. જુનિયર વિદ્યાર્થીના લક્ષણની ટીપ આપો.

૩. છોકરાની ચપળતા યોગ્ય રીતે કામે લગાડવામાં આવે માટે શું કરવું?

૪. એટલી ઉમરની છોડીઓ માટે તમે કઇ ટેવો વિષે સૂચના કરશો?

૫. નાનું બાળક અને દસ વરસનો છોકરો કે છોડી એઓન ખેલોમાં તમને શો તફાવત માલમ પડે છે?

૬. જુનિયર ભાગના છોકરા તથા છોડીઓને માટે જૂદા વર્ગોની જરૂર શા માટે છે?

૭. ટોળીઓ બનાવવાનું વળણ તમે શા રીતે ઉપયોગમાં લઇ શકો?

૮. બે ગીત તથા શાસ્ત્રમાંની ચાર જૂદી જૂદી વાતો આપો જેઓ વિષે તમે ધારતા હો કે તે મુખપાઠે કરવા લાયક છે. તમે તેઓને શા માટે પસંદ કરો છો તેનું કારણ કહો.

૯. આ વયના બાળકોને કેવા પ્રકારની વાર્તા રસિક લાગે છે?

૧૦. તારનારના જીવનચરિત્રમાંની કઇ વાતો જુનિયર વિદ્યાર્થીને વિશેષ રસિક લાગે છે?

યુવાવસ્થાનો વિદ્યાર્થી. ૧૨-૧૬.

લક્ષણો.

જલદીથી પણ અનિયમિત રીતે વૃદ્ધિ પામે છે.
ધિંગામસ્તી અને આવેશ.
સ્વજ્ઞાન.
અસર ગ્રહણ કરવાની શક્તિ.
ઇન્સાફ.
બંધુત્વનું ખીલવું.

સુચના

વાસ્તવિક શિક્ષણ આપવું.
અકેકને ખાનગી શિખામણ આપવી.
કાંઇક કરવાનું ફરમાવવું.
ખ્રીસ્તને સ્વીકારવાના નિર્ણય પર આવે એમ કરવું.

પ્રકરણ ૪ થું.

યુવાવસ્થાના વિદ્યાર્થી.

યુવાવસ્થા એટલે જુવાન માણસની વયે પહોંચવુ. આ સમયે મુશ્કેલ સન્જોગો આવી ઉભા રહે છે, એ વાત ધ્યાનમાં લેવાથીજ તેને યોગ્ય શિક્ષણ આપી શકાય છે. શારીરિક નવી શક્તિઓ હયાતીમાં આવે છે ત્યારે તેની સાથે નવા પરીક્ષણો પણ જોરથી ધસી આવે છે, અને મન પર તથા લાગણીઓ પર તેમની અસર મોટી થાય છે. થોડી મુદતમાં અમે પુખ્ત વયના પુરૂષ અથવા સ્ત્રીઓ થઇશુ એ વિચારને લીધે તેમનામા લાગણી ઉત્પન્ન થાય છે, અને તે ભારે પરીક્ષણોમા આવી પડવાના ભયમાં રહે છે. અગાઉની માફક છ ખાસ લક્ષણો પર ધ્યાન દઇએ.

ઉતાવળી અને અનિયમિત વૃદ્ધિ—ઘણી વાર શરીરનુ કદ વધે છે તેના પ્રમાણમા કોવત વધતુ નથી. તેર વરસથી માંડીને પંદર વરસ સુધી છોકરા બીજા બધા વખત કરતાં વિશેષ વધે છે. આ વખતે તેઓ વારવાર આળસુ અને કઢગાં દેખાય છે. કોઇ વાર હોશિયારી અને જુસ્સો તો કોઇ વાર મદપણુ ને સુસ્તી તેઓમાં નજરે પડે છે.

ધિંગામસ્તી અને આવેશ—માહુથી ઉત્પન્ન થએલા નવા જુસ્સાનુ આ પરિણામ છે. વખતે બેહદ આવેશ અને વખતે સુસ્તીનો અનુભવ થાય છે, અને તેમાંનુ કયુ મળી આવશે તે આગળથી કહી શકાય નહિ. છોકરાઓમા અધિક તોફાનીપણું જોવામા આવે તો આપણે તેને લીધે તેઓનો બહુ વાંક કાઢવો નહિ. એક પિતાને આટલી ઉમરના બે છોકરા હતા. તેના શહેરમાં ભારે ધરતીકપ થયો હતો, અને ધરતીકપના બીજા આંચકા લાગશે એવુ ધારવામાં આવતુ હતુ. એક મિત્રને ત્યાં પોતાના છોકરાઓને સલામતી માટે તેણે બહારગામ મોકલ્યા. એ છોકરા એવા તોફાની હતા કે એક અઠવાડીઆ બાદ તેના મિત્રે લખ્યુ કે, "ધરતીકપ મારા પર ભલે આવો, પણ તમારા દીકરાઓને પાછા બોલાવી લો."

સ્વજ્ઞાન—દેખાવ વિષે કાળજી, પોતાની કદર થાય એવી તૃષ્ણા, ને એના સરખી બીજી બાબતો પરથી આ વાત દેખાઇ આવે છે. બીજાઓની નજરમાં સારા દેખાવાની ઇચ્છાથી ઘણી વાર હાસ્યજનક બનાવો બને છે. કોઇ ટીકા કરે, ને મુખ્યત્વે જાહેરમાં ટીકા કરે, તો ભારે લાગણી થાય છે. પોતા વિષે કોઇ હલકા વિચાર ધરાવે છે એમ જો લાગે તો બહુ માઠું લાગે છે. મહેતાજી આ બાબત ધ્યાનમા રાખે એ જરૂરની વાત છે, નહિ તો ગભીર ભૂલો કર્યા વિના તે રહેશે નહિ

અસર ગૃહણ કરવાની શક્તિ—જો કે તેઓ કદાચ આ વાત કબુલ નહિ કરે તો પણ, છોકરા અને છોડીઓમાં આ પ્રસગે સહલાગણી અને મિત્રભાવની ઘણી તૃષ્ણા હોય છે. જીંદગીમાં તેઓને એકાંતપણુ લાગે છે. શિક્ષક આ તકનો લાભ લઇ શકે છે. ચોદ વરસના છોકરાને પુખ્ત ઉમરનો માણુસ પોતાની સાથે ફરવા લઇ જાય તો પોતાને માન મળ્યુ છે એમ તે છોકરો સમજે છે અને જો શિક્ષક આવી રીતે છોકરા સાથે વર્તે તો લાંબા કાળની મિત્રતા તથા વફાદારી પ્રાપ્ત કરી શકે છે.

ઇન્સાફ—આ ઉમરે મન શરીર પર અધિકાર ધારણ કરવા માંડે છે. માત્ર કોઇના કહેવાથીજ વાત પર વિશ્વાસ થતો નથી. ભલુ ભુંડું પારખવાની શક્તિ તથા મન વશ રાખવુ, એ તેની વર્તણુકમાં નજરે પડવા લાગે છે. જેમ તેના ચપ્પુનો ઉપયોગ કરવો તેને ગમે છે તેમ પોતાની અક્કલનો ઉપયોગ કરવો છોકરાને ગમે છે. તેને તે ધાર કાઢયા કરે છે. પોતાના શિક્ષકની ચૂક પકડવાથી અથવા ચોપડીમાં ભૂલ શોધી કાઢવાથી તેને આનદ થાય છે. તકરાર કરવામાં હોશિયારી બતાવવાથી તેને હર્ષ થાય છે.

ઇન્સાફને મળતો એક બીજો શિક્ષક પ્રેરકબુદ્ધિ છે, અને પ્રેરકબુદ્ધિનુ ખીલવુ તે ખાસ ધ્યાન આપવા જોગ બનાવ છે.

બંધુત્વનું ખીલવું—બધુત્વ એટલે બીજાઓ પર પ્રેમ રાખવો. જાતિ સબધમાં નવો આનદ મળી આવે છે. જુનિ-

પર ક્લાસમાં છોકરાઓનો છોડીઓ તરફનો તિરસ્કાર ને છોડીઓનો છોકરા તરફનો તિરસ્કાર હાલ અલોપ થઇ જાય છે, અને તેથી ઉલટી લાગણી હયાતીમા આવે છે, તેમજ સામાજીક લાગણી પણ પ્રવૃત્તિમાં આવે છે. ટોળી, ક્લબ, અથવા ટીમને માટે વફાદારી નજરે પડે છે, અને નુકસાન વેઠીને પણ મુકરર કરેલા નિયમને આધીન રહેવાને કોશિશ કરે છે. પહેલવાનોના નિર્ણય મજુર રાખવામાં આવે છે, અને પોતાના પક્ષના લાભને માટે પોતાની ઇચ્છા તજી દેવાને છોકરો તૈયાર થાય છે. શિક્ષક આ લાગણીનો સારો ઉપયોગ કરી શકે તેમ છે. છોકરાઓ આગળ ઇસુ ખ્રીસ્તને આગેવાન કે કપ્તાન તરીકે રજુ કરી શકાય, ખ્રીસ્ત તરફની વફાદારી તરીકે ધર્મ મજુર રાખવામાં આવશે, અને આધીનતા, આજ્ઞાંકિતપણુ તથા સેવા વિષે તેઓને સમજણ સહેલથી પડી શકશે. "બોયસ બ્રીગેડ," "બોય્-સ્કાઉટ્ઝ" ઇત્યાદિ સસ્થાઓ ફતેહમદ નીવડી છે તેનુ મુખ્ય કારણ આની માંહે રહેલું છે

યુવાવસ્થાના વિદ્યાર્થીઓના શિક્ષકોને માટે ચાર વાત ધ્યાનમાં રાખવાની છે, એટલે કે—

વાસ્તવિક શિક્ષણ—છોકરાને જે બાબત ન કરવી જોઇએ તે સબધી મના કરવા કરતાં જે તેણે કરવુ જોઇએ તે કહો. છોકરા પાસે ખરાબ આદત છોડાવવાનો સૌથી ઉત્તમ માર્ગ એ છે કે, લાગણી બતાવ્યા વિના અથવા ધમકી આપ્યા વિના એકાંતમાં તે સબધી તેની સાથે વાત કરવી. કોઇ વાતના વિરૂદ્ધ પક્ષ વિષે વિવેચન કરવાથી છોકરાને તે સબધી શોધ કરવાનુ વળણ થાય છે, અને ખરી હકીકત એમજ છે કે નહિ એ વિષે તપાસ કરવાનુ તેને મન થાય છે; માત્ર તમારા કહેવા પર તેને પૂરો વિશ્વાસ આવતો નથી. એટલા માટે તમારૂં શિક્ષણ વાસ્તવિક થવા દો, કેવળ નિષેધક નહિ; એટલે શું ન કરવું જોઇએ તે કરતાં શું કરવુ જોઇએ તે વિશેષ બતાવવુ. જે પુરૂષો તથા સ્ત્રીઓએ પરમેશ્વરની ખાતર કાંઇ મહાન કાર્યો કર્યાં

છે તેઓની વાતો જેમ જ્યુનિયર વિદ્યાર્થીઓને તેમ આવાને પણ મનોરંજક થઇ પડશે; પરંતુ જે સદ્દવર્તનને લીધે તેઓ એવાં કૃત્ય કરી શક્યાં તેના પર અને એ સદ્દવર્તન બાંધવામાં જે અડચણો પડી તે પર ભાર મુકો, આમ કરવાથી છોકરા અજાણતાં પોતાને સારૂ અનુકરણીય નમુના પસંદ કરશે.

એકેકને ખાનગી શિખામણ આપવી—આ વખતે બળવાન તથા સદ્દવર્તનવાળો માણસ છોકરા પર જેટલી અસર કરી શકે છે તેટલી અસર બીજો કોઇ કરી શકતો નથી. તેમજ છોડીઓની બાબતમાં, તેઓની સાથે સહલાગણી ધરાવનાર બાઇ ઘણીજ અસર કરનાર થઇ શકે છે છોકરાને માટે પુરૂષ શિક્ષક, ને છોડીઓને માટે સ્ત્રીશિક્ષકો હોવા જોઇએ. હવે રવિવાર શિવાયના બીજા દિવસોમાં વિદ્યાર્થીઓની સાથે સમાગમમાં આવવાની અગત્ય લક્ષમાં લેવાની છે. છેટે છેટે રહીને તમે તેઓના પર કઇ સારી અસર કરી શકતા નથી. જો સમાગમથી વિદ્યાર્થીને લાભ પ્રાપ્ત નહિ થાય તો પણ શિક્ષકને તો થશેજ. જેમ બને તેમ ઘાડો સમાગમ તેઓ સાથે રાખતા જાઓ. તેઓ તમને પોતાના દિલોજાન મિત્ર ગણે તેમ કરવાનો યત્ન કરો.

કાંઈ કામ કરવાનું—વર્ગને માટે, તમારે માટે, દેવને માટે કાંઇ કામ કરવાનું તેમને સોપો. તેઓને માથે જવાબદારી મુકવાથી કેટલાએક આડા છોકરામાં અસાધારણ સુધારો થએલો માલમ પડ્યો છે. અમેરિકામાં એક ગાડાની ઇસ્પીતાલના સુપ્રીન્ટેન્ડેન્ટને પુછવામાં આવ્યુ કે "તમારી દેખરેખ નીચે આટલાં બધાં માણસ પૂરાં સાજાં થઇ જાય છે તેનુ કારણ શું?" તેણે જવાબ આપ્યો "હુ દરેક દરદીને કાંઇક કામ કરવાનું સોપુ છું, હું તેઓને કહુ છું કે ફલાણો ડાગળી છટકેલ છે માટે તમારે તેની દેખરેખ રાખવી. આવી રીતે ઇસ્પીતાલના બધા માણસો એક બીજા પર દેખરેખ રાખે છે."

ખ્રીસ્તને સ્વીકારવાના નિર્ણય પર આવવું—ખરા ખ્રીસ્તી થવા સારૂ આ અતિ અનુકૂળ સમય છે. સોળ વરસની ઉમરે જેટલાં માણુસ ખ્રીસ્તની પાસે આવે છે તેટલા બીજી કોઇ ઉમરે આવતાં નથી. અને એજ ઉમરે આપણી સાબ્બાથશાળાઓના ઘણા વિદ્યાર્થીઓ મડળી સાથેનો સબધ તોડી નાખીને વિખુટા પડી જાય છે જે જુવાન પુરૂષ કે કુમારિકા આટલી ઉમરે ખ્રીસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારતાં નથી તેઓ વિષે એવી ધાસ્તી રહે છે કે તેઓ કોઇ વાર ખ્રીસ્તની પાસે આવશે નહિ. જીંદગીની મહાન બાબતોનો નિર્ણય આ પ્રસગે કરવામાં આવે છે. પ્રાર્થના સહિત, ડહાપણુ સહિત, પ્રીતિ સહિત તમારા વિદ્યાર્થીઓમાના દરેકને (જેમ ઉત્તમ ઘેટાપાળકે ખોવાયલા ઘેટાને શોધ્યુ તેમ) શોધો, અને તેમને તારનારની પાસે લાવો.

પ્રશ્નો.

૧. આટલી ઉમરના વિદ્યાર્થીઓને યુવાવસ્થાના વિદ્યાથી કહેવાનુ સબબ શુ છે ?

૨. યુવાવસ્થામા પ્રસગોપાત હોસીલાપણુ અને સુસ્તી જોવામાં આવે છે તેનુ કારણુ શુ ?

૩ ચોદ વરસના છોકરા ધાંધળીઆ હોય છે તેનુ શું કારણુ ?

૪. આ વખતે સ્વજ્ઞાન જુદે જુદે પ્રકારે નજરે પડે છે તેના કેટલાએક દાખલા આપો.

૫. જુવાનીઆ એકદમ તમારી વાત પર વિશ્વાસ કેમ લાવતા નથી ?

૬. બધુત્વ એટલે શું ? આ વિદ્યાર્થીઓમા તે કેવી રીતે દેખાઇ આવે છે ?

૭. એટલી વયનાં છોકરા આગળ તમે ખ્રીસ્તની વાત કેવી રીતે રજુ કરશો ?

૮. શિક્ષકોને માટે જે ચાર સુચના ઉપર આપવામાં આવી છે તે લખી આપો.

૯. આ સમયે અભાવસૂચક શિક્ષણ કરતાં વાસ્તવિક શિક્ષણ શા માટે અધિક ઉપયોગી છે?

૧૦. આ પ્રસગે છોકરાંને ખ્રીસ્તની પાસે લાવવાને વિશેષ મહેનત કરવી જોઇએ તેનુ શુ કારણ?

પહેલા ખંડનું પુનરાવર્તન.

૧. સાબ્બાથશાળાના વિદ્યાર્થીઓના જીવનના દરેક ત્રણ વિભાગના ત્રણ અગત્યના લક્ષણો આપો.

૨. દરેક સમયને માટે કેવા પ્રકારની વાર્તાઓ સૌથી ઉત્તમ છે?

૩. દરેક વિભાગનાં મુખ્ય માનસિક લક્ષણો કયાં છે?

૪. બાળક વિષેનુ કયા બે પ્રકારનુ જ્ઞાન શિક્ષકને માટે અગત્યનુ છે?

૫. સાબ્બાથશાળાના કયા ખાતામા ચિત્રો વિશેષ ઉપયોગી છે અને શા માટે?

૬. બાળપણુમા યાદદાસ્ત સભાળથી તર કરવાની શી જરૂર છે?

૭. સામાન્ય રીતે કેટલા વરસની ઉમરે ખ્રીસ્ત પાસે આવવાના નિર્ણય પર માણુસ આવે છે?

૮. યુવાવસ્થાના વિદ્યાર્થીઓ પર અસર કરવાની શક્તિ મેળવવા માટે તમે કેવી રીતે પ્રયત્ન કરશો?

ખંડ ૨ જો.

સાબ્બાથશાળા.

પ્રકરણ ૫ મું.

સુપ્રિન્ટેન્ડેન્ટ અને સેક્રેટરી.

સાધારણ રીતે હિંદુસ્તાનમાં સાબ્બાથશાળા એકજ વર્ગથી શરૂ થાય છે, જેમાં સઘળી વયનાં છોકરાનો સમાવેશ થએલો હોય છે. વખત વિતતા નવો શિક્ષક આવવાથી તેમાં બીજો વિભાગ પડે છે, અને એવી રીતે કામ જારી રહેવાથી આખરે કેટલાએક વર્ગવાળી નિશાળ તેમાથી સ્થાપિત થાય છે. જ્યારે સાબ્બાથશાળા એવી સ્થિતિમા આવે છે ત્યારે નિયમિત રીતે કામ ચલાવવા માટે સુપ્રિન્ટેન્ડેન્ટની અગત્યતા જણાય છે.

સારો સુપ્રિન્ટેન્ડેન્ટ ઘણા ગુણસપન્ન મનુષ્ય હોય છે. તેની નિશાળ તેના ખ્રીસ્તી સેવાકાર્યમાં એક અગત્યનો ભાગ છે. ઘણી ખુશીથી તે તેને માટે હરેક જાતનો ભોગ આપવા તૈયાર છે. બહોળો અભ્યાસ કરીને બીજા સ્થાનોની સાબ્બાથશાળાને લગતા સવાલો તથા કેવી રીતે તેની ઉન્નતિ થાય છે તે સબધી તે પોતાને જાણીતો કરે છે. તીક્ષ્ણ દૃષ્ટિ રાખીને નિશાળની જરૂરો તે શોધી કાઢે છે ને તે જરૂરો પુરી પાડે છે. આવતી મુશ્કેલીઓ તે સહેજ સમજી જાય છે ને તેનો નિવેડો કાઢે છે. જે જગ્યાએ તેની જરૂર હોય ત્યાં જવાને હરકત વેઠીને પણ તે તૈયાર રહે છે. નિશાળના સબધમાં જે કાઇ કરવાનુ હોય છે તે કરવાને તેના હાથ તત્પર રહે છે. જરૂરનુ ગમે તેવુ કામ કરવામાં તે લાજ ગણુતો નથી. તેનુ અત:કરણ બધા સાથે સહલાગણી ધરાવનારૂં ને ઉદાર હોય છે, ને તે ઉપરાંત તેનામાં સમયસુચકતા તથા શાણપણુ હોય છે. નિશાળ પરના પ્રેમને લીધે નિશાળના દોષ પર પોતાની આંખો તે બધ રાખતો નથી.

શિક્ષકો સાથે તે જ્ઞાની અને માયાળુ આગેવાન તરીકે વર્તે છે, અને તેઓમાંના દરેકના કામ વિષે કાળજી રાખે છે. તેઓના કામ તથા અડચણો સંબધી તેને સંપૂર્ણ માહિતી હોવી જોઇએ, અને તેમાંના દરેક માટે તેણે સહલાગણી ધરાવવી જોઇએ.

જો કોઇ શિક્ષક ગેરહાજર હોય તો તે તેને એકદમ માલમ પડી આવે છે, તે તેને ઘેર જાય છે અને ગેરહાજર રહેવાનુ કારણ શોધી કાઢે છે. શિક્ષકો વચ્ચે જો અણબનાવ થાય તો તે મટાડવાને તે પ્રયત્ન કરે છે. ભિન્ન ભિન્ન વર્ગોના શિક્ષણ ઉપર તે બારીક ને ડહાપણ ભરી દેખરેખ જારી રાખે છે, અને જ્યારે લાગ મળે ત્યારે જોઇતી સલાહ ડહાપણથી આપે છે.

શિક્ષકો પોતાના કામને માટે તૈયાર થાય એની જવાબદારી મારે શિર છે એવુ તે સમજે છે. જો બની શકે તો પાઠની તૈયારીને માટે શિક્ષકોનો વર્ગ તે ચલાવે છે. અને તે વર્ગનુ ધ્યાન કેવી રીતે ખેંચવુ ને પાઠ ઉપર તેમના ચિત્તનુ કેવી રીતે આકર્પણ કરવુ તે બીજાં સ્થાનોમા ફતેહમંદ નીવડેલી રીતોનો અભ્યાસ કરીને તે શોધી કાઢે છે, ને દરેક અઠવાડીએ બધા શિક્ષક હાજર રહે એવી તે કાળજી રાખે છે, એ માટે કે તેઓ પોતાના કામ માટે પુરા તૈયાર હોઇ શકે. સાબ્બાથશાળાના પાઠો અને સાબ્બાથશાળાને લગતાં બીજા ચોપાનીઆં તે શિક્ષકોને માટે પુરાં પાડે છે, અને તેઓના ઉપયોગને માટે જોઇતાં સાધન મેળવવા એ પોતાની ફરજ છે એમ તે માને છે. જોઇતા સાધનો પુરા પાડવાને મડળીની જે ફરજ અને જવાબદારી છે તે વિષે ખુલાસો કરવો તેને શિર રહેલું છે

શિક્ષકોની સખ્યા પૂરી પાડવી એ સુપ્રિન્ટેન્ડેન્ટના અખત્યારની વાત છે. બે કે ત્રણ મનુષ્યોને, કદાચ પુખ્ત વયના વિદ્યાર્થીઓને માદગી અથવા એવા બીજા સબબથી થએલી ગેરહાજરીને લીધે ખાલી પડેલી જગ્યા પૂરવાને માટે તૈયાર રાખવા જોઇએ. એવા માણસોની સાથે તેણે નિકટનો સબધ રાખવો જોઇએ, અને જ્યારે તેને તેઓની જરૂર પડે ત્યારે તેઓ તેના ખપમાં આવશે એવી તેને સપૂર્ણ ખાતરી હોવી જોઇએ.

શિક્ષકો કેવી રીતે તૈયાર કરવા એ અગત્યની બાબત ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. દરેક મોટી સાબ્બાથશાળામાં એક એવી ટ્રેનિંગ કલાસ હોવી જોઇએ કે જેમાં પુખ્ત વયના

વિદ્યાર્થીઓને સાબ્બાથશાળાના કામને માટે તૈયાર કરવામાં આવે; અને તે જુવાનો ખ્રીસ્ત ઉપર શુદ્ધ વિશ્વાસ રાખનારા તથા તેને માટે સેવા કરવાની ખાએશ રાખનારા હોવા જોઇએ. શાસ્ત્ર-અભ્યાસનો તથા શિક્ષણપદ્ધતિનો ક્રમ તેઓને માટે મુકરર કરવો જોઇએ, એ માટે કે કામ કરવામાં તેઓ કાબેલ થાય. કેટલાંક સ્થળોમાં આ વર્ગ સાબ્બાથશાળાની બીજી કલાસો સાથે રવિવારે ચલાવવામાં આવે છે, પરતુ અઠવાડીઆના કોઇ બીજા દિવસે એ વર્ગ ચલાવવો વધારે અનુકૂળ પડે, કેમકે તેમ કર્વાથી સુપ્રિન્ટેન્ડેન્ટ પોતે તે ચલાવી શકે. તૈયારીના વર્ગની સાથે તેને જોડી દેવામા આવે નો તે સુગમ પડે. વધતા જતા કામને માટે નવા કામદારોની ખોટ પુરી પાડવાની મુશ્કેલી આ ગોઠવણથી દુર થશે જે શિક્ષકોને પોતાના કામને વાસ્તે યોગ્ય શિક્ષણ મળ્યુ નથી તેઓના હાથમા બાળકોને સોંપવા એ મડળીને બિલકુલ દુરસ્ત લાગતુ નથી.

સુપ્રિન્ટેન્ડેન્ટ બધા વિદ્યાર્થીઓનુ ઓળખાણ કરશે ને તેઓ તેને ઓળખે એવી કાળજી રાખશે. તેનુ ઓળખાણ વર્ગના શિક્ષકના જેવું પુરતુ નહિ હોય, પરતુ તેઓનાં નામ તેને માલમ હોવાં જોઇએ, ને અઠવાડીઆમાં જ્યારે તે તેઓને મળે ત્યારે તેમની ખબર અતર પુછવી જોઇએ એ રીતે સાબ્બાથશાળામાં એવી એકતાનો ધાડો સબધ થશે કે જે મુશ્કેલીના પ્રસગે સારા કામમા આવે. સમયમા તે તેને ભારે મદદરૂપ થઇ પડશે.

પાળક, સુવાર્તિક અથવા મિશનરી સાહેબની સાથેનો તેનો સબધ ધાડો હોવો જોઇએ. તે નિશાળનો આગેવાન છે તેમ છતાં સઘળી અગત્યની બાબતોમાં તેણે મડળીના અધિકારીઓનો અભિપ્રાય લેવો જોઇએ, અને જેમ બને તેમ નિશાળને મડળીની સાથે નિકટના સબધમાં રાખવાની કોશિશ કરવી. વખતો વખત જાહેર સેવામા સાબ્બાથશાળાનુ કામ લક્ષમાં લેવાય એવી ગોઠવણ તેણે પાળકની સાથે કરવી જોઇએ. દરસાલ છોકરાંને માટે અમુક દિવસ મુકરર કરવાથી, અને મડળીનાં હલવાનોને પાળવામાં

મડળી શિક્ષકોની રૂણી છે એ વાતનો સ્વીકાર કરવાથી ઉપરની મતલબ પાર પડી શકે તેમ છે.

આ પરથી સહેજ સમજી શકાશે કે સુપ્રિન્ટેન્ડેન્ટની પમ્દગી કરવામા કેટલી બધી કાળજી રાખવાની અગત્ય છે કોઇ પણ પ્રકારે એ કામ સહેલુ નથી. જે ઉત્તમમા ઉત્તમ માણસ આપણને મળી શકે તેનેજ તે જગ્યાએ નિમવો જોઇએ, એટલીજ વાત ધ્યાનમાં લેવાની છે. એ જગ્યા મળવાથી અમુક ગૃહસ્થ રાજી થશે એમ ધારીને કોઇને એ જગ્યા પર ઠરાવતા ના. કોઇ ગૃહસ્થે વફાદારીથી સેવા બજાવી હોય તે ધ્યાનમા લઇને બદલો આપવાને તેને નિમવો નહિ. મુખ્યત્વે કરીને જો એમ નહિ કરીએ તો અમુક ગૃહસ્થને માઠુ લાગશે એ સબબને લીધે તેને એ જગ્યા પર નીમશો નહિ. આખી સાબ્બાથશાળાને ધક્કો પહોચાડવા કરતા એકાદ જણને માઠુ લગાડવુ ઓછુ નુકસાન-કારક છે.

સેક્રેટરીની જગ્યા ઘણી સાધારણ ગણવામા આવે છે, પણ સામાન્ય રીતે મોટી નિશાળમા સેક્રેટરીની જરૂર છે એટલુજ નહિ પણ નિશાળના હિતને અર્થે તે ઘણુ કરી શકે એમ છે. તે નિશાળનુ રજીસ્ટર પુરે છે અને હિસાબ રાખે છે. શિક્ષકોએ પોતપોતાના વર્ગની હાજરી કલાસ પત્રકમા પુર્યા પછી તે હાજરી સેક્રેટરી સામાન્ય રજીસ્ટરમા દાખલ કરે તથા આખી નિશાળ જોઇ શકે એવી રીતે કાળા પાટીઆ પર કુલ સખ્યા લખે એ માટે, તેઓ પોતાના રજીસ્ટર સેક્રેટરીને સ્વાધીન કરે. રજીસ્ટરો લાવતા અને પાછા આપતાં તેણે ખાસ સભાળ રાખવી કે તેનાથી શિક્ષકોના કામને કઇ ખલેલ પહોચે નહિ. કોઇ રીતે જો વિદ્યાર્થીઓનુ લક્ષ તેમના પાઠ પરથી ઉઠી જાય એવુ થાય તો શિક્ષકો સ્વાભાવિક રીતે વાંધો લેશે.

પાટીઆ પર લખેલા આંકડા હોશીઆરીથી એવી રીતે ગોઠવવા જોઇએ કે તેમાં કલાસોને રસ પડે ને હાજરી પર, નિયમિતપણા પર ને આપવા પર તેઓ વધારે લક્ષ આપે. ગયા

સાબ્બાથના અથવા ગત સાલના તેજ રવિવારના આંકડા સાથે અમુક સાબ્બાથના આંકડાનો મુકાબલો કરી શકાય. દરેક રવિવારે, ગેરહાજર રહેનારાઓની ટીપ સુપ્રિન્ટેન્ડેન્ટને આપવી એ માટે કે તે તેઓની મુલાકાત લેવાનો બંદોબસ્ત કરે. ચોપાનીઆં, શાસ્ત્રપાઠો અને એવાં બીજાં લખાણુ નિયમિત રીતે વર્ગોમાં વહેંચી આપવાં એની જવાબદારી તેને શિર છે.

પ્રશ્નો.

૧. સાબ્બાથશાળામાં સુપ્રિન્ટેન્ડેન્ટની જરૂર ક્યારે પડે છે ?

૨. શિક્ષકો પ્રત્યે સુપ્રિન્ટેન્ડેન્ટની શી ફરજો છે ?

૩. શિક્ષકોને તેઓના કામ માટે તૈયાર કરવાને તે કેવા પ્રયત્ન કરી શકે ?

૪. ટ્રેનિગ ક્લાસના હેતુ તથા રીતિનું વર્ણન કરો.

૫. સુપ્રિન્ટેન્ડેન્ટ તથા વિદ્યાર્થીઓ વચ્ચે કેવો સબંધ હોવો જોઇએ ?

૬. પાળક સાથે કેવી રીતે તે નિકટના સબંધમાં રહી શકે ?

૭. સેક્રેટરીની ફરજો શી શી છે ?

પ્રકરણ ૬ ઠ્ઠું.

સાહિત્ય અને વ્યવસ્થા.

સાહિત્યથીજ સાબ્બાથશાળા બનતી નથી, પરતુ સાબ્બાથ-શાળા સારી બનાવવા માટે લાયક સાહિત્યથી ઘણી મદદ મળે છે પરતુ આપણે યાદ રાખવુ જોઇએ કે સાધન કરતાં કારીગર વધારે અગત્યનો છે. કેટલાક કામદાર ખાલી કોટડીમાં આબાદ નિશાળ ચલાવી શકે છે, અને બીજાઓ હરેક જાતનાં સાધન છતાં પણ નિષ્ફળ નીવડશે

સાબ્બાથશાળાને માટે અનુકૂળ **મકાન** થવા માટે એવી ઇમારતની જરૂર છે કે તેમાં એક મોટો ઓરડો હોવો જોઇએ, જેમાં કામ શરૂ કર્યા પહેલાં, અને પૂરૂં કર્યા પછી બધા વિદ્યાર્થીઓ એકઠા થઇ શકે. સુપ્રિન્ટેન્ડેન્ટને માટે એક નીચો માચડો ઉપયોગી થઇ પડશે, ત્યાંથી તે બધાં શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને સ્પષ્ટ જોઇ શકશે. જો એક વાજુ હોય તો તે ગાયનના સારા ઉપયોગમાં લઇ શકાય, અને બીજી રીતે પણ તેનો ઉપયોગ થઇ શકે. દરેક વર્ગને માટે જો જુદી જુદી ઓરડીઓ હોય તો સારા શિક્ષણને માટે જે એકાંતપણાની તથા શાતતાની જરૂર છે તે હાંસલ થઇ શકે. પણ ઘણી સારી નિશાળોમાં વર્ગ વર્ગની વચ્ચે પડદા બાંધીને કામ કરવુ પડે છે. બીજી કલાસ છેક નજીક ન હોય તો વર્ગમાં વ્યવસ્થા રાખી શકાય છે ને વિદ્યાર્થીઓનુ લક્ષ બીજી બાબતો તરફ ખેંચાતુ નથી. જો પડદા મળી શકે નહિ તો વર્ગોને જેમ બને તેમ એક બીજાથી અલગ બેસાડવા જોઇએ, એ માટે કે શાંતિમાં ભગ પડવાનુ જોખમ કમી થાય.

જો **બેઠકોની** જરૂર હોય તો ખસેડી શકાય એવી ખુરસીઓ સૌથી સરસ છે ; અને વિદ્યાર્થીઓની ઉંચાઇને અનુસરીને તેઓની ઉંચાઇ રાખવી જોઇએ, એ માટે કે બધાના પગ જમીનને અડકી શકે જો છોકરાના પગને માટે ટેકો હોતો નથી તો તેમને શાંત રાખતાં હરકત પડે છે. પોતાના પગ જમીનથી દૂર રાખીને

મોટાં માણસોને ભાગ્યેજ બેસી રહેવું પડે છે, અને તેથી એમ કરતાં નાનાં છોકરાંને કેવી હરકત પડે છે તે તેઓ સમજી શકતાં નથી. મદ્રાસવાળી ક્રિશ્ચિયન લીટરેચર સોસૈટી પ્રાથમિક ખાતાને માટે નાની ખુરસીઓ તૈયાર કરાવે છે, અને જેને એવી ખુરસીઓ જોઇએ છે તે ત્યાંથી મગાવી શકે છે; પણ હિન્દની ઘણી નિશાળોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્ને જમીન પર પાથરેલી સાદડીઓ પર બેસે છે, અને મોટા ભાગને આ પ્રમાણે બેસવું સગવડવાળુ લાગે છે એમા શક નથી. ઇંગ્લાંડ ને અમેરિકામાંની કેટલીક નિશાળોમાં બહુ નાના છોકરાંના વર્ગ ભોંયતળીઆં પર બેસે છે, કારણ કે નાના બાળકોને માટે એમ બેસવુ સુલભ છે. શિક્ષક વચમાં ઉભો રહીને સમાંતર પાટલીઓ પર બેઠેલી વિદ્યાર્થીઓની બે હારોને શીખવતો હોય તે કરતાં તે એક સારી સાદડી પર બેઠેલો હોય ને તેના વિદ્યાર્થી તેની આસપાસ વિટલાઇ વળીને તેનુ સાંભળતા હોય તે વધારે આનંદમય દેખાવ લાગે છે

દરેક સારી સાબ્બાથશાળામાં **કાળા પાટીઆની** જરૂર છે. પાઠ શિખવવા અને તેનો સાર લખવા ઉપરાંત ગાયનને માટે, આંકડાઓને માટે, અને પાઠની તૈયારી કરવાને શિક્ષકોના વર્ગને સારૂ તથા ટ્રેનિંગ કલાસને સારૂ તેનો ઉપયોગ થઇ શકે છે. વાળી લેવાય એવુ પાટિયુ દરેક વર્ગને માટે અનુકૂળ થઇ પડે તેમ છે.

શાસ્ત્રના બનાવોનાં **ચિત્રો** સાબ્બાથશાળાની દીવાલોને માટે સુંદર શણગાર છે, અને જે સાબ્બાથશાળામાં ઇન્ટરનેશનલ પાઠો વપરાય છે તેમા ધીમે ધીમે એઓનો સારો સગ્રહ થઇ શકે તેમ છે. તેઓ નિશાળમાં ઉપયોગી થઇ પડશે એટલુંજ નહિ પણ નિશાળના વિદ્યાર્થીઓ બહારના મૂર્તિપૂજક છોકરાઓમાં સુવાર્તા પ્રસાર કરવાનુ કામ માથે લે તો તે વખતે પણ ચિત્રો કામમાં આવી શકે તેમ છે. જે દેશોનાં નામ બૈબલમાં આવે છે તેના તથા પાલેસ્ટાઇનના નકશાનો વિશેષ ખપ પડે છે, અને મુખ્યત્વે કરીને મોટી ઉમરના છોકરાના ઉપયોગમાં તે આવે છે.

જો ગીતની ચોપડીઓ હોય તો તે એટલી હોવી જોઇએ કે વાંચી શકે એવા બધા વિદ્યાર્થીઓને તે બસ થાય. જો ચોપડીઓ થોડી હોય તો ગડબડ થવાનો ભય રહે છે. જ્યારે બધા શબ્દો સ્પષ્ટ રીતે જોઇ શકાય ત્યારેજ ઉમગથી ગાઇ શકાય છે. દરેક વર્ગમાં ઉઘરાણુાની થેલી અથવા પેટી હોવી જોઇએ, તેમજ દરેક ક્લાસવાર પત્રક ને આખી સ્કુલને માટે એક મોટુ પત્રક હોવું જોઇએ. બૈબલના બનાવો સમજાવી શકાય એવા સાહિત્યો મળે તો કાચના દરવાજાવાળા એક નાના કબાટમાં તેઓનો સગ્રહ કરવો જોઇએ, કે જેથી નિશાળના વખત શિવાય છોકરાઓ ગમે તે વખતે માહેની ચીજો જોઇ શકે. પુસ્તકો જો ડહાપણુથી પસદ કરવામા આવે ને જો બધા છોકરા તેમનો ઉપયોગ કરે તો સ્કુલલાઇબ્રેરી (પુસ્તકાલય) બહુ લાભકારક થઇ પડશે.

નિશાળમાં **વર્ગ પાડવાનુ** કામ બહુ સભાળથી થવુ જોઇએ ; એટલે સરખી ઉમરના ને સરખા અભ્યાસવાળા વિદ્યાર્થીઓ એકઠાં બેસાડવા જોઇએ, ને તેઓને લાયક હોય એવા શિક્ષકના હવાલામા તેમને રાખવા જોઇએ.

કેટલીએક મોટી શાળાઓમા ત્રણ ખાતા હોય છે—પ્રાથમિક, મધ્યમ, સિનિયર. દરેક ખાતાને માટે જૂદો સુપ્રિન્ટેન્ડેન્ટ હોય છે ને તેઓ આખી સ્કુલના સુપ્રિન્ટેન્ડેન્ટને તાબે છે. પણ હિદુસ્તાનની ઘણી ખરી સાબ્બાથશાળાઓ આટલે દરજ્જે પહોંચી નથી. પણ ઘણી સાબ્બાથશાળાઓમા પ્રાથમિક ખાતાને માટે એક જૂદો સુપ્રિન્ટેન્ડેન્ટ હોય તો ચાલે, કેમકે એ ખાતાને માટે વિશેષ દેખરેખ રાખવાની જરૂર પડે છે.

રોજની નિશાળની વ્યવસ્થાને અનુસરીને ખાતાં કે વર્ગ પાડવાનુ કામ કરી શકાય, પણ તેમાં કેટલાએક તફાવત લક્ષમાં રાખવાના છે. મદ બુદ્ધિવાળો છોકરો અગબળમા કે સદ્દવર્તનમા તેના જેટલી ઉમરવાળા છોકરાથી કઇ ઉતરતો નહિ હોય, તેથી માત્ર અક્કલની પરીક્ષા બસ નથી. સાબ્બાથશાળામાં વર્ગો

પ્રાડવાનો ખરો આધાર એ વાત પર રહેલો છે કે બાળકના ખીલતા જીવનની અમુક મજલો છે, ને તેને અનુસરીને શિક્ષકને જ્ઞાન આપવાના પ્રસગ મળે છે. વિદ્યાર્થીઓની અક્કલ ખીલવાના પ્રમાણમાં તેઓના વર્ગ પાડી શકાય. કેટલાક સાત વરસ ને કેટલાક નવ વરસની વયે પ્રમોશનને લાયક થાય છે. આ સબધી સુપ્રિન્ટેન્ડેન્ટે બારીક તપાસ રાખવી જોઇએ, કારણ કે વિદ્યાર્થીઓ પોતાના વર્ગમા મિત્રો અથવા નાના ભાઇ બેનોને લાવે, અને શિક્ષકો પણ લાયકી સબધી તપાસ કર્યા વિના વિદ્યાર્થીઓને વર્ગમાં દાખલ કરે છે. જો વર્ગમાંનુ એક છોકરૂ પાઠની મતલબ સમજી ન શકે તેમ હોય તો તેથી આખી કલાસને હરકત પહોંચે છે. છોકરાઓને માટે પુરૂષશિક્ષક ને છોડીઓને માટે સ્ત્રીશિક્ષક હોવા જોઇએ એ તો ખુલ્લુ છે. પ્રાથમિક ખાતાને એ વાત લાગુ પડતી નથી, તેમા તો સ્ત્રીશિક્ષકો વિશેષ સારૂ કામ કરે છે એમ સભવે છે

શિક્ષકોના પણ દરજ્જા બાધવા જોઇએ, એવી રીતે કે જે વિદ્યાર્થીઓને તેઓ કબજે રાખી શકે એવા વિદ્યાર્થીઓ તેમના હાથમા સોપવામા આવે. હાલ એવુ માલમ પડ્યુ છે કે વરસોવરસ કલાસો ચઢવાથી સિક્ષકોમા ફેરફાર થાય તેના કરતા એક ને એક શિક્ષક ઘણા વરસ લગી એક વર્ગમાં રહે એ અધિક લાભકારક છે. એમ થવાથી અમુક વયના છોકરાં વિષે શિક્ષકને ખાસ જ્ઞાન પ્રાપ્ત થશે.

પાઠોના પણ દરજ્જા પાડવા જોઈએ.—જુદા પ્રકારના વિદ્યાર્થીઓ માટે જુદા પ્રકારના પાઠો તૈયાર કરવાથી આ થઇ શકે છે. આ કામ કરવામાં ઘણી મુશ્કેલીઓ નડે તેમ છે. વિશેષે કરીને નિશાળની એકતા સબધી, શિક્ષકોના વર્ગ સબધી, અને સાબ્બાથશાળાના પાઠો સબધી હરકતો નડે છે. હિંદુસ્તાનમાં ઘણી ભાષાઓ હોવાથી આ અડચણો તો વિશેષ ભારે લાગે છે. બીજી વધારે લોકપ્રિય રીત એ છે કે એ ને એજ પાઠ જુદી જુદી પદ્ધતિ મુજબ વિવિધ વર્ગો આગળ રજુ કરવામાં આવે છે. એ

રીતે બધા વર્ગોને માટે એક પાઠ હોય છે, પણ છોકરાની ઉમર ને અભ્યાસને અનુસરીને શિક્ષક તેનો વિવિધ રીતે ઉપયોગ કરી શકે છે.

ઉન્નતિ—નિશાળની ઉન્નતિ કે ચઢતી જોવાને બધા રાજી હોય છે. એ સબધી ધ્યાનમા રાખવુ કે શિક્ષકો ચલાવી શકે તેથી વિશેષ વિદ્યાર્થીઓ હોવા ન જોઇએ. એવો અડસટો કાઢવામા આવ્યો છે કે એક શિક્ષકને માટે દસ વિદ્યાર્થી પુરતી સખ્યા છે. મોટી વયના વિદ્યાર્થીઓની બાબતમા એ સખ્યામાં સહેજ વધારો કરી શકાય, પણ પ્રાથમિક વિદ્યાર્થીઓની બાબતમાં ઘટાડો કરાય તો સારૂ. શિક્ષકો મળી શક એવી ખાતરી હોય તોજ નવા વિદ્યાર્થી સ્કુલમા દાખલ કરવા. વધારે શિક્ષકોની રાહ જોવી એ આતુર આત્માઓને કઠણુ લાગે, પણુ વિદ્યાર્થીઓનો ઉમેરો કરવા પહેલાં શિક્ષકોનો વધારો કરવામાં ડહાપણ માલમ પડશે. મોટી સાબ્બાથશાળા કરતા સારી સાબ્બાથશાળા બનાવવાને યત્ન કરો, જો શાળા સારી હશે તો આખરે છોકરાની સખ્યા વધશેજ. તમારી આસપાસ રહેનાર બધા માબાપોને માલમ પડે કે તમારે તેમના બાળકોનો ખપ છે એવુ કરવુ, અને નિયમિત ઉન્નતિ થાય એ હેતુથી સાબ્બાથશાળાની વ્યવસ્થા કરવી જોઇએ.

ગેરહાજર રહેનારા બહુ નુકસાનકારક છે. ગેરહાજર રહેનારની મુલાકાત લેવામા ન આવે તો આખરે તેઓ નિશાળે આવવાનુ પડતુ મુકે એમ છે. કોઇ શિક્ષક કે વિદ્યાર્થી એક રવિવારે ગેરહાજર રહે તો તેને થયલી ગેરહાજરી વિષે સવાલ કર્યા વગર રહેવુ નહિ. વિદ્યાર્થીઓની સખ્યા ને સરાસરી હાજરી, એ પરથી સાબ્બાથશાળા ઉત્તમ હાલતમાં છે કે કનિષ્ટ હાલતમા છે તે મુકરર કરાય. મુલાકાત કરવાનુ કામ શિક્ષકે કરવુ અને જેમ અગાઉ કહી ગયા છીએ તેમ સુપ્રિન્ટેન્ડેન્ટે તપાસ રાખવી કે એમ કરવામા આવે છે કે નહિ. મદવાડ વખતે દરદીઓની સારવાર કરવાથી ઘણા ખ્રીસ્ત તરફ ખચાય

છે એ અનુભવસિદ્ધ વાત છે. મુલાકાતનુ ફળ એકદમ માલમ પડે કે ન પડે પણુ મુલાકાત લેવાની રીત રાખવી જોઇએ. વિદ્યાર્થીના નામ આગળ "શાળા છોડી દીધી" એવુ લખવામાં આવે ને શિક્ષક સાબ્બાથશાળા છોડવાનુ કારણુ જાણુતો ન હોય તો તે દોષિત કહેવાય.

પ્રશ્નો.

૧. કલાસો વચ્ચે પડદા હોય તો શો ફાયદો થાય?

૨. બેઠકો કેટલી ઉંચી હોવી જોઇએ?

૩. ઓછામા ઓછાં કેટલાં સાહિત્યથી સાબ્બાથશાળા બરાબર ચલાવી શકાય?

૪. સાબ્બાથશાળાના છોકરાના વર્ગ પાડવામાં શી વાત ધ્યાનમાં રાખવાની છે?

૫. શિક્ષકે એક ને એક કલાસમાં હમેશ શા માટે રહેવુ જોઇએ?

૬ સાબ્બાથશાળાની ચઢતીની વ્યવસ્થા તમે કેવી રીતે કરશો?

૭. ગેરહાજર રહેનારાની ખબર કોણે લેવી જોઇએ?

પ્રકરણ ૭ મુ.

સાબ્બાથશાળાની બેઠક.

સાબ્બાથશાળામા જેઓ હાજર થાય છે તેઓને માટે તે આનદકારક તેમજ લાભકારક જગ્યા હોવી જોઇએ. સાબ્બાથ-શાળામા જવુ કોઇ વિદ્યાર્થીને તેમજ શિક્ષકને કટાળો ઉપજવો જોઇએ નહિ. તેમ છતા આમ થવા માટે ઘણી બાબતો પર ધ્યાન આપવુ જોઇશે

કામ શરૂ થયા અગાઉ સુપ્રિન્ટેન્ડેન્ટ તથા શિક્ષકોએ હાજર થવુ જોઇએ. સુપ્રિન્ટેન્ડેન્ટે કાર્યક્રમ પહેલેથી મુકરર કરેલો હોવો જોઇએ. ગાવાના ગીતો અને બીજી બધી વ્યવસ્થા આગળથી મુકરર કરી રાખવી જોઇએ, એ માટે કે વખત નકામો જાય નહિ ને છોકરાને ગડબડ કરવાની તક મળે નહિ. જ્યારે વિદ્યાર્થીઓ કલાસમાં દાખલ થશે ત્યારે બધા વિદ્યાર્થીઓને બસ થાય એટલી ગીતની ચોપડીઓ, હાજરીપત્રક તથા ઉઘરાણાની થેલી સહિત, દરેક શિક્ષક તેને માટે મુકરર કરેલી જગ્યામા માલમ પડશે. જ્યારે વિદ્યાર્થીઓ અદર આવીને શાંત રીતે પોતાની બેઠકમાં બેસી જાય છે તે વખતે શિક્ષક દરેકનો આવકાર કરે, કલાસ એકઠી થાય તે વખતે હાજરી પત્રક પૂરે, અને જ્યારે વર્ગો પોતપોતાની જગ્યાએ જાય ત્યારે સેક્રેટરીના ઉપયોગ માટે પત્રક પાછળ મુકી જાય એ રીત વ્યવસ્થિત જણાશે.

સ્કુલ બેસતાં અને બધ થતાં શિક્ષકો વિદ્યાર્થીઓની સાથે બેસે એ જરૂરની વાત છે, કેમકે એમ કર્યા વિના વિદ્યાર્થીઓ શાંત રહેશે, એવી સુપ્રિન્ટેન્ડેન્ટના મનને ખાત્રી થશે નહિ. છોકરાઓને શિક્ષણ અપાતું હોય ત્યારેજ નહિ પણ તેઓ કલાસમાં દાખલ થાય ત્યાંથી માંડીને વર્ગનું કામ ખલાસ થાય ત્યાં સુધી તેમને શાંત રાખવા એ જવાબદારી શિક્ષકને શિર છે.

સ્કુલમાં જો સ્વર્ગનો આભાસ કાંઇક અંશે પાડવા ચાહીએ તો તેમાં વ્યવસ્થાની વિશેષ જરૂર છે જે નિશાળમાં અવ્યવસ્થા

અને ગડબડ હોય છે તેમાં બાળકોને કોઇ પ્રકારે નીતિને લગતી કેળવણી મળી શકે કે કેમ તે સબધી મોટો શક રહે છે. વ્યવસ્થાનો ભેદ છોકરાં વહેલાં સમજી જાય છે અને વ્યવસ્થિત રીતે ચલાવેલી શાળામાં આનંદ માણતાં તેઓ શિખે છે. જો વ્યવસ્થા ડહાપણથી કરવામાં આવે તો તે બોજરૂપ લાગતી નથી, અને શિક્ષક તથા સુપ્રિન્ટેન્ડેન્ટને માલમ પડશે કે જેઓ અધિકાર કરવાનો ડોળ કરતા નથી તેઓ ઉત્તમ રીતે અધિકાર ચલાવી શકે છે સુપ્રિન્ટેન્ડેન્ટ ખડકના જેવો દૃઢ છતાં પણ બધા તરફ નમ્રતા તથા વિવેકથી વર્તતાં શિખશે. નમ્રતામાં ભારે પરાક્રમ રહેલુ છે. એક નિશાળ વિષે એવી વાત ચાલે છે કે તેમાં પુષ્કળ ગડબડ ચાલી રહી હતી તેજ વેળાએ એક ધર્માધ્યક્ષ તેમા દાખલ થયો. ધીમે અવાજે પણ ઘણીજ સ્પષ્ટ રીતે તે બોલ્યો કે "મને લાગે છે કે એક નાનો છોકરો જોઇએ તે કરતા વધારે તાણીને બોલે છે." એકદમ નિશાળમાં શાંતિ પ્રસરી ગઇ. એક કરતાં વધારે વખતે હુકમ કરવાની અગત્ય પડવી જોઇએ નહિ. તાણીને બોલવાથી આ વ્યવસ્થાનુ કાર્ય સાધિત નહિ થાય, પણ ભારબોજ તથા દૃઢતા રાખવાથી માન જરૂર મળશે. છોકરાં એકદમ આગેવાનને ઓળખી જાય છે, અને છોકરાના મનમા આ વાત સપૂર્ણ રીતે ઠસી જવી જોઇએ, કે વર્ગ શરૂ થાય ત્યાંથી માંડીને તે વિસર્જન થાય ત્યાં સુધી અમારે કામે વળગી રહેવુ જોઇએ

કોઇની વાટ જોયા વિના વખતસર સાબ્બાથશાળાનુ કામ આરભવુ જોઇએ, કારણ કે વખત વિષે નિયમિતપણુ નિશાળમાં શિખવાનો અગત્યનો પાઠ છે. આ હેતુ પાર પાડવાના ઘણા રસ્તા છે. કેટલીક જગ્યાઓમાં નીચેની રીતથી આ મતલબ પાર પડે છે :—

સુપ્રિન્ટેન્ડેન્ટના મેજ ઉપર એક કાર્ડ લટકતું રાખે છે, જેના પર એવા શબ્દો લખ્યા હોય છે કે "હુ વહેલો આવ્યો છું." છોકરા દાખલ થાય છે તે વખતે આ વાક્ય પર તેઓનુ લક્ષ

ખેંચવામાં આવે છે. કામ શરૂ થાય ત્યારે કાર્ડ ઉંધુ ફેરવવામાં આવે છે ને તેના પર આ વાક્ય લખેલું જોવામાં આવે છે કે "હું મોડો આવ્યો છું," પછી પાંચ મિનિટ સુધી બારણું બંધ રાખવામાં આવે છે; તેથી શિક્ષક ને વિદ્યાર્થી મોડા આવનારને બહાર થોભવું પડે છે. ત્યાર બાદ, કામ આરંભવાને નીમેલા વખત પછી પાંચ મિનિટે, પૂરી શાંતિ સહિત, અંદર આવનારા પર ચિત્ત આકર્ષાય માટે ગાયન ગાયા વિના, બારણાં ખુલ્લાં મુકવામાં આવે છે, ને મોડા આવનારા અંદર દાખલ થાય છે. "વર્ગના તારા" એ બીજી તથા સહેલી રીત છે. જે દરેક કલાસના બધા વિદ્યાર્થી નિયમસર હાજર થાય છે, (કેટલીકમાં તેમના બૈબલ સાથે હાજર થવાની સરતે) તેઓના નામ સામે સેક્રેટરીનાં રજીસ્ટરમાં તે દિવસની હાજરીમાં એક તારો પાડવામાં આવે છે જે કલાસને સૌથી વધારે તારા મળે છે તેને એક વાવટો અથવા તેના જેવી કોઇ બીજી નિશાણી આપવામાં આવે છે આને લીધે વિદ્યાર્થીઓમાં પ્રતિસ્પર્ધા ઉત્પન્ન થાય છે, અને હેતુ પૂર્ણ રીતે પાર પડે છે.

શરૂઆતનુ ગીત બધાંને આવડવુ જોઇએ ને બધાને ગમતુ હોવુ જોઇએ, અને ગાવામાં સઘાએ સામેલ થવુ જોઇએ ગાયન પછી પ્રાર્થના આવશે. ઘણીજ સભાળ રાખવામાં ન આવે તો માન અને અદબની લાગણીનો ભગ થવાની ધાસ્તી રહે છે. સાબ્બાથશાળાની પ્રાર્થના ટુકી હોવી જોઇએ, કારણ કે લાબા વખત સુધી માથા નીચા નમાવીને ને આંખો બધ રાખીને ઉભા રહેવુ પડે છે ત્યારે છોકરાં કટાળીજાય છે વળી છોકરાં સમજી શકે એવી સાદી પ્રાર્થના હોવી જોઇએ, અને જે આશીર્વાદોની તેઓ ઉમેદ રાખી શકે એવી આશીષોને માટે અર્જીઓ થવી જોઇએ. પ્રાર્થના વખતે જે બેઅદબી કોઇ વાર છોકરામાં દેખાય છે, તેનુ કારણ મોટા લોકોને લાયક લાંબી પ્રાર્થનાઓ છે, એવો અનુભવ વારે વારે કરવામાં આવે છે.

હવે સ્મરણશક્તિ કામમાં લાવવાને થોડી પળ આપવી જોઇએ, તેથી કલાસમાં જે વાત છોકરાં શિખ્યાં હોય તે યાદ કરવાને

તેમને લાગ મળશે. બધા સાથે ગીત બોલે, અને જુદી જુદી કલાસો શાસ્ત્રમાંથી વાક્યો મુખપાઠે બોલે તો આ વખત ઘણોજ રસિક ને આનંદકારક થઇ પડશે. નિયમીત ગોઠવણથી સાબ્બાથશાળામાં મોઢે કરેલી બધી વાતોનું પુનરાવર્તન આ વખતે કરી શકાય.

જો આખી નિશાળ આગળ બૈબલપાઠ વાંચવામાં આવતો હોય તો તે વાંચવાની રીતમાં વારવાર ફેરફાર કરવો, કેમકે નવું નવુ અનુભવવામાં છોકરાં આનદ માને છે. એક દિવસ સુપ્રિન્ટેન્ડેન્ટ શાસ્ત્રપાઠ વાચે, બીજે દિવસ કોઇ શિક્ષક અથવા વડો છોકરો, ને કોઇ વેળાએ સુપ્રિન્ટેન્ડેન્ટ ને નિશાળીઆ વારાફરતી કલમો વાચે, અથવા તો થોડી કલમો છોકરા વાચે ને બાકીની છોડીઓ વાંચે તો શાસ્ત્રપાઠ તરફ ધ્યાન ખેચવાનો વધતો સભવ થશે.

બીજું ગીત ગાયા પછી છોકરાંને કલાસોમા મોકલવામાં આવે. વાજાપર કુચ કરવાનો રાગ વગાડવાથી છોકરાંને બોલ્યા વગર નિયમસર કલાસમાં જવામા ઉત્તેજન મળે છે. સુપ્રિન્ટેન્ડેન્ટ કલાસમાં જવાનો હુકમ આપે તે વખતે વાત કરવા કે ધકાધકી કરવા દેવી જોઇએ નહિ. આદરભાવ રહિત વર્તણુકથી ઘણુ નુકસાન થાય છે, કેમકે દરેક પળે એ તરફનુ વળણુ છોકરાના મનમાં બળ પકડતુ જાય છે, તથાપિ આદરભાવ અને અદબ ભરેલી વ્યવસ્થાથી ધર્મ વિષે એવી ઉત્તમ લાગણી પેદા થાય છે, કે જે આજ્ઞાઓ કરવાથી જવલ્લેજ થઇ શકે. નિશાળ સબધીના છોકરાંના સઘળા વિચારોમા પ્રીતિ, માન, વ્યવસ્થા અને સુદરતાના વિચારો જોડાએલા હોય તો ઉમરભર તેઓને એ લાભકારક થઇ પડશે. આપણે યાદ રાખવુ જોઇએ કે નિશાળ કેળવણી આપવાનુ સ્થાન છે એટલુજ નહિ, પણ તે સાબ્બાથશાળા છે, અને તેમાં ધર્મ સબધી શિક્ષણ અપાય છે, એને લીધે કલાસમાં જવા અને તેમાંથી બહાર નીકળવાપર પણ લક્ષ આપવાની અગત્ય છે.

શિક્ષણ અપાતું હોય તે વખતે સુપ્રિન્ટેન્ડેન્ટ તરફથી કોઇ પણ પ્રકારે શિક્ષકોને હરકત પહોંચવી જોઇએ નહિ, તેમજ મળવા આવનારા તથા સ્કુલમાં બેસનારાઓ તરફથી તેઓને અડચણ થવા દેવી જોઇએ નહિ.

કલાસો ફરી એકઠી કરવા માટે બે વાર ઘંટ વાગે તો વિશેષ સારૂ. નિશાળ બધ થવા અગાઉ પાચ મિનિટપર એક ઘંટ વગાડવો, એ માટે કે શિક્ષકોને નિયમસર પોતાની કલાસનુ કામ આટોપી લેવાને વખત મળે. બીજા ઘંટ વખતે વિલબ કે અવ્યવસ્થા થવી જોઈએ નહિ, પણ વાજાના સૂરને અનુસરીને, જૂદી થતી વખતના જેવીજ અદબથી ને આદરભાવ સહિત વ્યવસ્થિત રીતે ફરી ભેગી થાય. જે સ્થળોમાં પ્રાથમિક ખાતાનો નિરાળો સુપ્રિન્ટેન્ડેન્ટ હોય છે ત્યા, તે બધ કરવાના સેવાકાર્ય વખતે બીજી કલાસો સાથે એકઠા થવાને બદલે સેવાકાર્ય જુદુ ચલાવીને કામ બધ કરે તો વિશેષ સારૂ.

દરેક કલાસમા ઉઘરાણુ કર્યા બાદ, સુપ્રિન્ટેન્ડેન્ટ તે નાણુ મેજ આગળ તેની પાસે મોકલવાનુ કહે. જ્યારે દરેક કલાસમાંથી છોકરૂ ઉઘરાણુ લાવે અને તે કેટલુ છે તે સુપ્રિન્ટેન્ડેન્ટ સ્કુલ આગળ જાહેર કરે, તે વખતે સેક્રેટરી પાટિયાપર આંકડા લખે. એ રીતે બધી બાબતોને લગતી સખ્યાઓ નિશાળની નજર આગળ પાટિયાપર રજુ થશે. આપવાના વિષય પર નિશાળમા કોઇ પણ રીતે જોઇતો ભાર મૂકવો જોઇએ. એ કાઇ નાણાં મેળવવાની વાતજ નથી, પણ વિદ્યાર્થીઓને ખ્રીસ્તી સેવાકાર્યના એક વિશેષ અગત્યના કામને માટે તૈયાર કરવાની વાત છે. જો સેક્રેટરીએ કોઇ બાબત સબધી નોટિસ આપવાની હોય અથવા બીજી કાંઇ સુચના કરવાની હોય તો તે કામ તેણે ટુકામાં પતાવવુ જોઇએ.

સુપ્રિન્ટેન્ડેન્ટ પાઠનો સાર સમજાવે એ સાબ્બાથશાળાની બેઠકનો સૌથી અગત્યનો ભાગ છે. વિદ્યાર્થીઓ પાઠ સમજ્યા છે કે કેમ તે વિષે થોડા પ્રશ્ના પુછીને તે ખાતરી કરી લેશે.

સોનેરી વાક્ય બોલાવીને તે ઉપરથી પાઠના મુખ્ય વિષય વિષે થોડા બોલ બોલવાનો પ્રસગ મળશે. આગળથી શોધી મૂકેલી નાની પણ અસરકારક એક વાર્તા કહીને વિષય નિશાળીઆના મગજમાં ઠસાવવાને યત્ન કરવો. છેલ્લુ ગીત ગવાડવું, વિદાય કરવાની ટુંકી પ્રાર્થના કરાવવી, અને એક પળ ચુપ રહ્યા પછી કાંઇ પણ ગડબડ કર્યા વિના વિદ્યાર્થીઓ શાળામાંથી નીકળી જાય.

પ્રશ્નો.

૧. નિશાળનુ કામ શરૂ કર્યા અગાઉ સુપ્રિન્ટેન્ડેન્ટ ને શિક્ષકોને નિશાળમાં હાજર થવાની શી જરૂર છે ?

૨. શરૂ કરવાના ને બધ કરવાના સેવાકાર્ય વખતે શિક્ષકો કલાસ સાથે બેસે એ શિખામણ આપવાનાં કારણ આપો.

૩. સાબ્બાથશાળામાં વ્યવસ્થાની શી અગત્ય છે ?

૪. વખતનુ નિયમિતપણુ શી રીતે કરી શકાય ?

૫. છોકરાની સભાને કેવા પ્રકારની પ્રાર્થના અનુકૂળ છે તેનુ વર્ણન કરો.

૬. દિવસને માટે મુકરર કરેલો શાસ્ત્રપાઠ વાચવામા કેવી રીતે ફેરફાર કરી શકાય ?

૭. કલાસોને પોત પોતાની જગ્યાએ મોકલવાની સરસ રીતિ કઇ છે તે વિષે સુચનાઓ આપો.

૮. કલાસોને પાછી એકઠી કરતી વખતે બે વાર. ઘટ વગાડવાની શી જરૂર છે ?

૯. સ્કુલ ચાલતી હોય તે વખતે ઉઘરાણુા પર ભાર શી રીતે મૂકી શકાય ?

૧૦. સુપ્રિન્ટેન્ડેન્ટ પાઠનો સાર કહી બતાવવામાં થોડી મિનીટનો સર્વોત્તમ ઉપયોગ શી રીતે કરી શકે ?

ખંડનું પુનરાવર્તન.

૧. સુપ્રિન્ટેન્ડેન્ટની પસંદગી અતિ અગત્યની બાબત શા માટે છે?

૨. છોકરાંને નિયમિત વખતે હાજર કરવામાં ને સાબ્બાથ-શાળાનુ ઉઘરાણુ વધારવામાં સેક્રેટરી શી રીતે મદદ આપી શકે?

૩. સાબ્બાથશાળાના વર્ગ પાડવાની રીતનું વર્ણન કરો.

૪. વર્ગ વાર પાઠ તથા સામાન્ય પાઠ એ બેના ફાયદા ગેરફાયદા સરખાવો.

૫. સાબ્બાથશાળામા વ્યવસ્થા કેવી રીતે સાચવવી તે સબંધી સુચનાઓ કરો.

૬. સાબ્બાથશાળાના વિદ્યાર્થીઓમાં આદરભાવની લાગણીની વિશેષ અગત્ય છે, એનુ કારણુ શુ?

ખંડ ૩ જો.

શિક્ષક તથા તેનાથી અપાયલું શિક્ષણ.

નમુનાલાયક શિક્ષક.

૧. શિક્ષક નીચે મુજબ પ્રેમ કરનાર હોવો જોઇએ.

તારનાર પર
શાસ્ત્ર પર.
વિદ્યાર્થીઓ પર.

૨. શિક્ષકને નીચે મુજબ જ્ઞાન હોવું જોઇએ.

બીજનુ.
જમીનનુ.
વાવવાની રીતનુ,

૩. શિક્ષકનો હેતુ નીચે મુજબ હોવો જોઇએ.

તારનાર પાસે વિદ્યાર્થીને લાવવાનો
તેઓમા સદ્‌વર્તન ઉપજાવવાનો.

પ્રકરણ ૮ મું.

નમુનાલાયક શિક્ષકનાં લક્ષણ.

નિશાળની અંદર ગમે તેવો સારો બંદોબસ્ત રાખવામાં આવે, અને ગમે તેવી સારી શિખવવાની રીત હોય તો પણ જો શિક્ષક સારા ન હોય તો તેથી કાંઇ ફાયદો થશે નહિ હલકા હથિયારની મારફતે પણ સારો કારીગર મહાભારત કામ કરી શકે છે, અને ઉત્તમ હથિયાર છતા પણ અપ્રવીણ માણસ વિશેષ કરી શકતો નથી. સારાંશ, દરેક વાતનો આધાર શિક્ષક પર છે.

શિક્ષકનાં લક્ષણ વિચારતાં પહેલી ને વિશેષ અગત્યની આ વાત માલમ પડે છે કે તેનામા પ્રેમ હોવો જોઇએ. ફતેહમંદ સાબ્બાથશાળાના કામને પ્રેરનારી શક્તિ એજ છે. પદ્ધતિ કરતાં મતલબ વધારે બળવાન છે, અને પ્રેમ રહિત સાબ્બાથશાળાની રીતો ગમે તેવી ઉત્તમ હોય તો પણ તે નિરર્થક જેવી રહેવાની છે.

શિક્ષકનો પ્રેમ ત્રણ પ્રકારનો પ્રેમ છે, અને એક જુના ગ્રંથકારની લખેલી આ વાત સત્ય છે કે "ત્રેવડી દોરી સહેલથી તુટતી નથી."

પ્રીતિ { તારનાર પર
સત્યશાસ્ત્ર પર
વિદ્યાર્થી પર } હોવી જોઇએ.

પ્રભુ ઇસુ પર **આતુર** પ્રેમ હોવો જોઇએ (અંગ્રેજીમા જે શબ્દ "આતુર" ને માટે છે તેનો અર્થ "ઉકળતુ" અથવા તો "જ્વલિત" થાય છે). જો આપણે બાળકોના મનમા પ્રેમરૂપી અગ્નિ પ્રદિપ્ત કરવા ઇચ્છીએ તો આપણામાં એજ અગ્નિ સળગતો હોવો જોઇએ. ધુમાતુ શણ—ઝાંખી બળતી દિવેટ—પ્રભુ હોલવશે નહિ, તેમજ ધિક્કારશે નહિ, પરતુ સાબ્બાથશાળાઓમાં એવા પુરૂષો અને સ્ત્રીઓનો ખપ છે કે જેઓના મનમાં પ્રેમરૂપી મોટી સગડી જોરથી સળગતી હોય છે. જે અસંખ્ય પરીક્ષણો દરેક અઠવાડીએ શિક્ષકને વેઠવાં પડે છે તેમાંથી, માત્ર ખ્રીસ્તપરનો એવો પ્રેમ તેને ઉગારી શકશે.

સત્યશાસ્ત્ર ઉપર પણ પ્રેમ હોવાની જરૂર છે. ભવિષ્યના દિવસોમાં વિદ્યાર્થીઓનો બૈબલ તરફનો ભાવ—તેઓ તેને અનુપમ અને મનોહર પુસ્તક ગણશે, અથવા તેના વિષે બેદરકારીના અને કટાળા ભરેલા વિચાર તેમના મનમાં રહેશે, એનો આધાર મોટે ભાગે સાબ્બાથશાળાના શિક્ષક પર રહે છે. પ્રેમ ચેપી છે, અને શિક્ષક શાસ્ત્ર પર કેવો ભાવ રાખે છે તે છોકરાઓ જલદી પારખી જાણે છે.

છોકરા પરનો પ્રેમ એથી ઓછો અગત્યનો નથી. આપણે તેમને શા કારણથી શિખવીએ છીએ તે છોકરા સમજે છે, અને તેમના સહલાગણી ધરાવનારા અત કરણ જલદી પ્રેમના બદલામાં પાછો પ્રેમ કરે છે. જો આપણે છોકરાંનો પ્યાર પોતા તરફ ખેંચી ન શકીએ તો તારનાર તરફ તેઓનો પ્યાર ખેંચી શકાશુ નહિ. એક બાનુ, જેણે બાળપણમા તારનારનો સ્વિકાર કર્યો હતો તેણીએ એક વાર કહ્યુ કે, "આરભમાં હુ મારા શિક્ષક પર પ્રેમ કરવા લાગી, પછી મારા શિક્ષકના બૈબલ પર પ્રેમ કરવા લાગી, અને છેલ્લે મારા શિક્ષકના તારનાર પર પ્રેમ કરવા લાગી." મરહુમ અર્લ ઑફ શાફ્ટસબરી એક વાર લંડનમાના એક ધોરી રસ્તાપર ચાલતા કે જ્યા લોકોની તથા ઘોડા ગાડીની ઠઠ્ઠ હતી, ને તે વખતે એક છોડીએ તેમને કહ્યુ, "સાહેબ, મહેરબાની કરીને રસ્તાની સામી બાજુએ મને લઇ જશો?" તેણે તેના હાથમા પોતાનો હાથ મૂક્યો, અને ગાડીઓની ઠઠ્ઠમાંથી તેને સહીસલામત સામી બાજુએ લઇ ગયો ત્યાર બાદ સાહેબે તે છોડીને પુછ્યુ, "તે બીજા કોઇ જનારાને વિનતિ ન કરી પણ મને વિનતિ કરી તેનુ શુ કારણ?" તેણીએ જવાબ આપ્યો કે "તમારા ચહેરાપરથી આપ મને ભરોસા લાયક માલમ પડ્યા" છોકરાં તમારા ચહેરાપરથી તેમનાપરનો પ્રેમ સમજી જાય એવી રીતે વર્તો.

પણ પ્રીતિ મુખ્ય લક્ષણ છે, એમ છતાં તે વિના સારા શિક્ષકનાં બીજાં લક્ષણ પણ છે, ને તે સબધી આપણે પ્રેરિત પીતરની

આ વાત વાપરી શકીએ—"કેમકે એ સઘળાં તમારામાં હોવાથી તથા વધવાથી તમને નિષ્ફળ થવા દેશે નહિ." "એ સઘળાં" એટલે શું, તે આપણે જોઇએ, એ માટે કે આપણા પ્રયત્નોમાં નિરાશ કે નાહિમ્મત ન થતાં અધિક ભાવથી કામ કરવા સારૂ ઉત્તેજિત થઇએ.

સાથી પહેલાં **પવિત્ર આત્માના દાન**ની જરૂર છે. તેની આપેલી માયાળુ સૂચનાઓ તથા શક્તિ વિના આપણી મહેનત વ્યર્થ જશે

વળી **ધીરજ**ની જરૂર છે, કેમકે જો કે સાબ્બાથશાળામાંથી થતી ફસલ પુષ્કળ છે, તો પણ તે ઘણું કરીને ધીમે પાકે છે. ખેડુત પૃથ્વીમાથી કીમતી ફળને માટે રાહ જોવામાં ઘણી ધીરજ રાખે છે, એમ યાકુબ કહે છે, અને તેવીજ રીતે, જે આત્મિક ખેડુત બાળકોમાં કામ કરે છે તેનામા અધિક ધીરજ હોવી જોઇએ. સાબ્બાથશાળા કસવાળા ખેતર જેવી છે કે જેમા ફળ જલદીથી પાકી જશે, એવુ ધારીને કોઇ ક્ષણિક આસ્થાના આવેશમાં તે કામમાં ભાગ લેવાને લલચાય, પણ એ તો બોધ પર બોધ, આજ્ઞા પર આજ્ઞા, થોડું અહી અને થોડું તહી, એવી વાત છે, અને મજુર આનદથી અમૂલ્ય પાક જોઇ શકે ત્યાર પહેલા તેને ઘણુ કામ કરવુ પડશે. પ્રાતથી લાબી મુદત સુધી મહેનત કર્યા બાદ ફતેહ મળે છે

વિશ્વાસ એ શિક્ષકના હાથમાં બીજું બળવાન હથિયાર છે. પ્રભુ પર તેના મનમાં એવો વિશ્વાસ હોવો જોઇએ કે તે ખરા મનથી કરેલો શ્રમ વ્યર્થ જવા દેશે નહિ; સુવાર્તા સબધી એવો વિશ્વાસ હોવો જોઇએ કે જેમ મોટી વયના માણસોના મનમાં તે સાર્થક થાય છે તેવીજ રીતે બાળકોના મનમાં પણ તે સાર્થક નિવડશે; બાળકો સબધી એવો વિશ્વાસ હોવો જોઇએ કે તમારી મહેનતનુ પ્રતિફળ આપીને તેઓ જીવતા દેવના દીકરા ને દીકરીઓ થાય. વર્ગની અદર અવિશ્વાસ માત્ર મુઠીભર છોકરાં જુએ છે, કદાચ તસ્દી આપે તેવાં ને વળી અજ્ઞાન; પણ

વિશ્વાસની દૃષ્ટિ ભવિષ્ય પર ઠરે છે, માટે તે એવાંઓમા દેવના થનારા કામદાર જુએ છે, કે જેઓનુ સેવાકાર્ય શિક્ષકના તાજ તથા ઇનામરૂપ થશે.

વિશ્વાસ સાથે **પ્રાર્થના** નિકટ જોડાયલી છે. પ્રાર્થનારૂપી સાંકળવડે તમે તમારા વિદ્યાર્થીઓને દેવના રાજ્યાસન સાથે બાધી દો છો. કોઇ ખરો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને માટે આતુરતાથી પ્રાર્થના કર્યા વિના સાબ્બાથશાળાના વર્ગમા જશે નહિ એક એકનુ નામ લઇને તેણે દેવની આગળ તેઓને માટે પ્રાર્થના કરવી જોઇએ. હજીએ પ્રાર્થનાથી ચમત્કારો થાય છે, અને ભુડાઇનાં જે પરાક્રમી લશ્કરો દરેક બાળકને ઘેરી લે છે, તેને હરાવવાને અર્થે શિક્ષકે નિરતર આગ્રહી વિનતિ કરવી જોઇએ. ખ્રીસ્ત જાણતો હતો કે પીતર મોટા પરીક્ષણમા પડતાં પણ છેવટે બચશે, કેમકે તેણે કહ્યુ કે "મેં તારે માટે પ્રાર્થના કરી છે" શિક્ષક છોકરાં સબધી એવોજ દૃઢ વિશ્વાસ રાખે તો તેમના વિષે પણ એવુજ આશીર્વાદિત પરિણામ થવા વિના રહેશે નહિ.

સૌથી છેલ્લુ, શિક્ષકે **નમુનારૂપ** થવુ જોઇએ. તેના શબ્દો કરતા તેના જીવનની અસર વિશેષ થશે. રોજના કામમા નિર્બુદ્ધ, અધમ કે અપ્રામાણિક વ્યવહાર કરવાથી જે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓનાં મનમા, પોતા પ્રત્યે અનાદર ઉપજાવે છે તે શિક્ષકનુ સાબ્બાથશાળામા કોઇ પ્રકારનુ વજન રહેશે નહિ સાબ્બાથશાળાના શિક્ષકનો ધર્મ સાબ્બાથશાળાનેજ વારને ધારણ કરેલો હોવો જોઇએ નહિ. સદ્વર્તનની ગરજ ફકત ધર્મની વાતો કરવાથી સરશે નહિ. તમે કેવા પ્રકારનુ જીવન ગાળો છો તે જોઇને વિદ્યાર્થીઓ અજાણતા તમારા શબ્દોની તુલના કરે છે. પાઉલે તિમોથી પર લખ્યુ કે, "બધાની આગળ નમુનારૂપ થા, એ સારૂ કે તારા ઉપદેશથી તુ તારા સાંભળનારાઓને તારી શકે" પ્રેરિતના શબ્દો આપણે પોતાને લાગુ પાડીએ, અને યાદ રાખીએ કે બીજા છ દિવસનુ વર્તન સાબ્બાથશાળાના કામની સફળતાની સાથે ઘણોજ નિકટનો સબધ રાખે છે.

શિક્ષકોને માથે આ તો મોટી જવાબદારી રહેલી જણાશે, પરતુ જરૂરનો અનુગ્રહ આપવાને માટે પ્રભુ તત્પર છે, અને તેણે આપણને કહ્યું છે કે જો દૈહિક માબાપ પોતાનાં છોકરાંને ખુશીથી સારાં વાનાં આપે છે તો તેથી કેટલુ અધિક આપણો સ્વર્ગવાસી પિતા આપણને સારાં દાન આપશેજ આપશે. માટે આ સર્વ બાબતોમાં આપણા બળનો ઝરો પરમેશ્વર છે, અને આપણી સર્વ ગરજોને માટે તેનાં વચન આપણે માટે પુરતા છે. ઉપકારસ્તુતિ સહિત આપણે સ્મરણમાં રાખીએ કે ખામી વિનાનો શિક્ષક તો નહિ પણ વિશ્વાસુ શિક્ષક ઇશ્વરી આશીર્વાદો પમાડવાને સાધન-રૂપ થાય છે

પ્રશ્નો.

૧. શિક્ષકને માટે વિશેષ અગત્યનુ લક્ષણ પ્રેમ છે, તેનુ શું કારણ ?

૨. બબલ પ્રત્યે શિક્ષકની કેવા પ્રકારની લાગણી હોવી જોઇએ ?

૩. તારનાર ઉપરના પ્રેમનુ ઓછાપણુ સાબ્બાથશાળાના કામની સફળતાને કેવી રીતે અડચણ કરે છે ?

૪ લાયક શિક્ષકના મુખ્ય સારા ગુણોની એક ટીપ બનાવો.

૫. કઇ બાબતો વિષે શિક્ષકે વિશ્વાસ રાખવો જોઇએ ?

૬. આપણી રોજની ચાલ ચલગત આપણા શિક્ષણ પર કેવા પ્રકારની અસર કરે છે ?

પ્રકરણ ૯ મુ.

નમુનારૂપી શિક્ષકનું જ્ઞાન અને હેતુ.

શિક્ષકને માટે અગત્યનુ જ્ઞાન આ ત્રણ બાબતમા સમાઇ શકે છે

બીજ વિષે
ભૂમિ વિષે } જ્ઞાન.
વાવવાની રીતિ વિષે

આરભમા તેને **બીજ** બધી જ્ઞાન હોવુ જોઇએ. લુક ૮, ૧૧ માં આપણે વાંચીએ છીએ કે બીજ એ દેવની વાત છે. છોકરાના મનમાં ઘણી બાબતો શિક્ષકે ઠસાવવાની છે, પરતુ તે સઘળી એક શબ્દમાં આવી જાય છે, એટલે કે—બાઇબલ રોજની નિશાળમાં અભ્યાસ કરવા માટે ઘણાં પુસ્તકો હોય છે, જેમકે ગણિત, ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ પણ સાબ્બાથ-શાળામાં તો એકજ પુસ્તક વપરાય છે—પરમેશ્વરનુ પુસ્તક. જે પ્રમાણમા શિક્ષક બાઇબલનુ જ્ઞાન ધરાવે છે તેજ પ્રમાણમાં વિદ્યાર્થીઓમા કરેલુ તેનુ કામ સફળ થશે. જો બાઇબલ વિષે તે અજ્ઞાન હશે તો તેનુ કામ જરૂર નિષ્ફળ નિવડશે.

શિક્ષકને આખા બાઇબલ સબધી જ્ઞાન હોવુ જોઇએ. જુના તથા નવા કરાર વચ્ચેનો સબધ તેણે સમજવો જોઇએ, જુના કરારના સમયમાં પરમેશ્વરે ધીમે ધીમે પોતા સબધીનું પ્રકટીકરણ કેવી રીતે વિદિત કર્યું, તેમજ નવા કરારમા તે પ્રકટીકરણ કેવી રીતે પરિપૂર્ણ થતુ ગયુ તેનુ જ્ઞાન, ખ્રીસ્ત સબધી જુના-કરારની સાક્ષી, અને ભવિષ્યવચનો તેનામા કેવી રીતે પૂરાં થયાં એ સબધી પણ તેને જ્ઞાન હોવુ જોઇએ. બાઇબલમાનાં પુસ્તકો, તેના લખનારા, અને જે પ્રસગોમા તે લખવામાં આવ્યાં તે સર્વનો ઇતિહાસ, વળી દરેક પુસ્તકનો ખાસ સદેશો, એ સબધીનુ જ્ઞાન મોટાં છોકરાંમાં કામ કરતી વેળાએ તેને ઘણુંજ ઉપયોગી થઇ પડશે.

જુના કરારની વાર્તાઓ, તેમ જે મહાન પુરૂષો તથા સ્ત્રીઓનાં વૃત્તાંતથી જુના કરારનો મોટો ભાગ રોકાયલો છે તેઓની હકીકતથી શિક્ષકે વાકેફગાર હોવુ જોઇએ. કલાસના કામમાં એમાંથી તેને વારવાર સારી મદદ મળશે. જે અસખ્ય દાખલા જુના કરારમા મળી આવે છે તેઓ વડે ખ્રીસ્તી શિક્ષણ જેવી રીતે આપી શકાય છે તે કરતાં શિક્ષણની બીજી કોઇ સારી રીત નથી. વળી નવા કરારના બનાવો અને મુખ્ય સિદ્ધાંતો સબધીની સમજણ અતિ અગત્યની થઇ પડશે. શાસ્ત્રના વૃત્તાતના મુખ્ય ભાગ શિક્ષકે સમજવા જોઇએ એટલુંજ નહિ પણ સુવાર્તાના તારણ સાધક સિદ્ધાતો વિષે ખાસ સપૂર્ણ જ્ઞાન હોવુ અવશ્ય છે, એ માટે કે પ્રસગ મળે ત્યારે વિદ્યાર્થીઓના અતઃકરણમા તે બાબત તે ઠસાવી શકે.

પાલેસ્ટાઇનની ભૂગોળ તથા ઇતિહાસ સબધી તથા આસપાસના દેશો અને લોકોની રીતભાત સબધી જે જ્ઞાન શિક્ષક મેળવી શકે તે તેનુ શિક્ષણ રસિક ને મદદરૂપ બનાવવામાં કામ લાગશે. અર્થાત્ તેને બૈબલનુ જ્ઞાન જેમ અધિક હોય તેમ સારૂ, માત્ર આ વાત સ્પષ્ટ રીતે સમજવી જોઇએ કે વિદ્યાર્થીઓની ઓછી વધતી સમજણને અનુસરીને આ જ્ઞાન ઉપયોગમા લેવુ.

તેણે **ભૂમિ** જાણવી જોઇએ—એટલે બાળકના જે ખીલતા જીવન સાથે તેને કામ લેવાનુ છે તેનુ જ્ઞાન હોવુ જોઇએ. જીવનના ખીલવા સબધીનુ જ્ઞાન હોય તો બાળકોની અગત્યોને અનુસરીને તેમને કેવુ શિક્ષણ આપવુ એની સમજ પડે છે. આ પુસ્તકના આગલા ભાગમાં આપણે જોયુ છે તેમ છોકરાને સમજવુ, એટલે છોકરાનુ ધ્યાન તથા પ્રેમ આકર્ષવાની રીતિ તેમજ તેને તારનારની પાસે લાવવાની રીતિ સમજવી.

કેવી રીતે વાવવું તેનુ જ્ઞાન પણ શિક્ષકને હોવુ જોઇએ. હવે પછીના પ્રકરણમાં આ વિષે કહેવામાં આવશે. ખરૂં જોતાં એનો અર્થ એ છે કે શિખવવાની પદ્ધતિ વિષે તેને એટલું તો જ્ઞાન હોવુ જોઇએ કે શિક્ષણ શી રીતે આપવુ તે તે સમજે છે;

શિક્ષક, યાદ રાખો કે કોઇ એક બાળકને તમારા કરતા અધિક સારો શિક્ષક કદાપિ મળશે નહિ. પ્રેમ સયુક્ત રીતિઓમાં પ્રવીણુતા પામેલા પુરૂષ તથા સ્ત્રીશિક્ષકોનો આપણી હાલની સાબ્બાથશાળાઓમાં ઘણોજ ખપ છે.

શિક્ષકનો હેતુ બેવડો છે, તે નીચે મુજબ —

૧. વિદ્યાર્થીઓ પુનર્જન્મ પામે.

૨. તેઓમાં ખ્રીસ્તના જેવા સ્વભાવનો ઉદ્‌ભવ થાય.

જો આપણી આગળ કામનો હેતુ રાખેલો ના હોય તો કામનુ પરિણામ પણ નહિ થાય, એવો સભવ છે શિકારીનો દાખલો લો. જો કે તે ઘણીજ સભાળથી તાકે છે તો પણ હમેશાં તેની ગોળી ખરી રીતે વાગતી નથી, પણ જો તે તાકીને મારે નહિ તો જરૂર ગોળી નકામી જશે ઘણી નિશાળોમા સાબ્બાથ-શાળાનો હેતુ લક્ષમાં લેવામા આવતો નથી. વિદ્યાર્થીઓનો પુનર્જન્મ થાય એ આપણો હેતુ ન હોય તો આપણુ કામ નિષ્ફળ રહે એ આશ્ચર્યકારક નથી હવે સાબ્બાથશાળાની મારફતે વિદ્યાર્થીઓનો પુનર્જન્મ થવો જોઇએ, કારણ કે આપણે પાછળ જોઇ ગયા છીએ તેમ બાળપણમા અને યુવાવસ્થામા માણસો ખ્રીસ્તની સેવા કરવાના નિર્ણય પર આવીને તેને પોતાના તારનાર તરીકે કબૂલ કરે છે છોકરાં એ વયમા ખ્રીસ્તને પોતાને અર્પણ કરે એનો વધનો સભવ છે, એ કારણને લીધે દરેક સાબ્બાથ-શાળાનો અને દરેક શિક્ષકનો હેતુ છોકરાંને ખ્રીસ્તનો સ્વીકાર કરવાને ઉત્તેજન આપવાનો હોવો જોઇએ.

શિક્ષકે આશાથી ને ઉમેદથી વાવવુ જોઇએ. પાઠ પછી પાઠ તે શિખવે છે, ત્યારે તેણે પોતાના મનની આંખ આગળ એ વાત રાખવી કે ખ્રીસ્તી ધર્મ મનોરજક અને ઇચ્છવા જોગ છે; તેમજ વિચાર કરવો કે ખ્રીસ્ત એવો મનોહર ત્રાતા છે કે વિદ્યાર્થીઓ તેના તરફ ખેંચાયા વિના ને તેના પર પ્રીતિ કર્યા વિના ને તેની સેવા કર્યા વિના રહી શકેજ નહિ; એવી રીતે હુ ખ્રીસ્તી ધર્મ

તેમને કેવી રીતે સમજાવી શકું? ત્યારે તો દહાડાની નિશાળનો શિક્ષક જેટલી આતુરતાથી પરીક્ષાના પરિણામની રાહ જુએ છે તે કરતા અધિક આતુરતાથી સાબ્બાથશાળાનો શિક્ષક, છોકરાં ખ્રીસ્ત પાસે આવવાની ઇચ્છા કરે છે તે સબધીની નિશાણીઓની રાહ જોશે તેઓને માટે આગ્રહથી પ્રાર્થના કરીને તેઓ તે અગત્યની પસદગી કરવાને તૈયાર છે તેના ચિન્હોની તે વાટ જુએ છે. અને એક પછી એકને તે ખ્રીસ્તની કને આવતા જુએ છે તેમ તેમ, જે ભરવાડને તેનુ ભુલુ પડેલુ ઘેટુ પાછું મળે છે, તેની માફક તેના મનમા હર્ષ થાય છે

વળી એક બીજો હેતુ યાદ રાખવાનો છે. સાબ્બાથશાળા મડળીનુ ધરોવાડીઉ છે. નાળીએરીની વાડીના એક ખુણામા નાળીએરમાથી નાના છોડવા ઉગાડવામા ને તેની સારી સભાળ લેવામા આવે છે, ને આખરે તે મજબુત થાય છે ત્યારે તેઓને ઉપાડીને બીજી જગ્યામા રોપવામા આવે છે ડાંગરના ક્યારડામા રોપવા માટે આગળથી ધરોવાડીઆમા રોપા ઉછેરવામા આવે છે, ને ત્યાથી ઉપાડીને પછી ક્યારડામાં રોપવામાં આવે છે એવીજ રીતે મડળીને માટે સાબ્બાથશાળા એવી જગ્યા છે કે જેમાં સભાસદોને ઉછેરવામા ને તૈયાર કરવામા આવે છે. જો સાબ્બાથશાળાનુ કામ નબળુ હોય ને તેમા સારૂ શિક્ષણ અપાતું ન હોય તો મડળી નબળી રહેશે એથી ઉલટું મોટી ને આબાદ સાબ્બાથશાળા હોય તો મડળી પણ મોટી ને આબાદ થશે. જે સાબ્બાથશાળામા વિદ્યાર્થીઓ ખ્રીસ્તના ખરા સેવક થાય છે તે પરથી એવુ માલમ પડે છે કે, મડળીના સભાસદો આત્મિક રીતે જીવતા છે જ્યારે છોકરાં સાબ્બાથશાળામાં શિખે છે કે ખ્રીસ્તીનો પહેલો નિયમ સેવા કરવાનો છે, ત્યારે તે જગ્યાની મડળી વડે ખ્રીસ્તને માટે આજુબાજુના લોકમાં સુવાર્તાનુ કામ કરવામાં આવશે ધર્મને માટે સન્માન તથા ઉદારતાની ટેવ, જેનો મડળીમાં ઘણો ખપ છે તે, મોટપણુ કરતાં નાનપણુમાં વિશેષ સહેલાઇથી શિખવી શકાય છે.

હવે પછીનાં વરસોમાં વિદ્યાર્થીઓ ધર્મને શુદ્ધ અને સુંદર ચીજ સમજશે અથવા તો તેને કઠણ, રસહીન, ને જીવનરહિત ચીજ સમજશે તેનો આધાર તમ શિક્ષકો પર છે, એટલે કે સાબ્બાથશાળામાં તમે મડળીના સભાસદો બનાવો છો ભવિષ્યની મડળીના સભાસદો કેવા પ્રકારના થશે તેનો આધાર તમારા શિક્ષણ પર છે. ત્યારે તમારૂં શિક્ષણ પક્કુ, નિયમિત અને રસિક હોવુ જોઇએ એ વાત કેટલી જરૂરની છે!

ઉત્તમ પ્રકારના શિક્ષકનો વર્ગ, વહેલા કે મોડા, ઉત્તમ થયા વિના રહેશેજ નહિ

પ્રશ્નો.

૧. કઇ ત્રણ બાબતો શિક્ષકને જાણવાની અગત્ય છે?

૨. અમલની કયી બાબતો સબધી શિક્ષકને ખાસ જ્ઞાન હોવુ જોઇએ?

૩ બાળકની સાથે ઘરોબો હોવાથી સાબ્બાથશાળાના શિક્ષકને શી મદદ મળે છે?

૪. સાબ્બાથશાળાના શિક્ષકના બેવડા હેતુનુ વર્ણન કરો.

૫ વિદ્યાર્થીઓ નાનપણમા ખ્રીસ્તનો સ્વીકાર કરે એવુ શિક્ષણ આપવાની શી અગત્ય છે?

૬. સાબ્બાથશાળાનો શિક્ષક પોતાના કામમાં કઇ મોટામાં મોટી ફતેહ મેળવી શકે?

૭ એવુ કહેવાય છે કે "હાલ સાબ્બાથશાળા જે સ્થિતિમા છે તેવીજ સ્થિતિમા દસ વરસ પછી મડળી આવશે." આ વાત કેવી રીતે સત્ય ઠરે છે?

શિખવવાની પદ્ધતિ.

સપૂર્ણ તૈયારી — સરળ ભાષા.

રસ

લક્ષ.

શિક્ષણના વિભાગ.

બોધરૂપ	દાખલારૂપ	પ્રશ્નાર્થક
આબેહુબ વૃત્તાત આપવુ ખાસ હેતુથી બોધ કરવો લાગુકરણ કરવું	પ્રકાશ પાડે છે આકર્ષણ કરે છે અસર કરે છે	જ્ઞાન જાહેરમા લાવે છે વિચાર કરાવે છે સુકૃત્યો કરવાની હોસ ઉપજાવે છે

પ્રકરણ ૧૦ મું.

શિક્ષણની પદ્ધતિ.

સાબ્બાથશાળામા શિક્ષણ આપવાનો હેતુ એ છે કે વિદ્યાર્થીઓના વતન ઉપર અસર કરે એવા પ્રકારનુ તેમને જ્ઞાન આપવુ. જ્યારે શિખવેલી નાતો એક બીજાને બધ બેસતી આવે, અને એક બીજામાથી ઉત્પન્ન થાય ત્યારેજ આ અર્થ સાધિત થાય છે સબધ રહિત ઘણી બાબતોમા કાંઇ માલ નથી. જે નિયમો અને સુવચનો આપણે તેમનામા દાખલ કરી શકીએ તે રાખી મૂકવાના પાત્ર સમાન આપણે આપણા વિદ્યાર્થીઓને ગણવા નહિ, પણ તેમના તાજા મન આપણે ખિલવવાના છે, અને તેમની અદર આપણે ખ્રીસ્તી સત્યતા તથા ફરજો નિયમિત રીતે દાખલ કરવાના છે એમ ગણવુ જોઇએ. આ કારણથી આપણામા શિક્ષણના નિયમોનુ કાઇ જ્ઞાન હોવુ જોઇએ, અને વિદ્યાર્થીઓની શક્તિને અનુકૂળ પડે એવા પ્રકારનુ આપણુ શિક્ષણ આપણે શી રીતે બનાવી શકીએ, તે જાણવુ. ખરૂ જોતા શિક્ષણ પદ્ધતિ, એટલે વિદ્યાર્થીઓની શિખવાની રીતિઓ સમજવી

આપણે બધા આ વાત કબુલ રાખીએ છીએ કે ચિત્ત આકર્ષવુ એ અતિ અગત્યની બાબત છે, કેમકે જો છોકરાં લક્ષ દઇને સાભળતા ન હોય તો આપણે તેમને શિખવી શકીએ નહિ, તેમની સાથે માત્ર વાત તો કરી શકીએ. જે કલાસ લક્ષ દેતી નથી તેને કાઇ શિક્ષણ આપણાથી આપી શકાય નહિ. હવે છોકરા લક્ષ દે કે ન દે એનો આધાર તેઓને રસ પડવા ઉપર રહેલો છે. જો વિષયમાં છોકરાને રસ પડે તોજ તેઓ તે વિષય પર લક્ષ દેશે; તમે તેમને ધ્યાન આપવાની આજ્ઞા કરો તે પરથી તે ધ્યાન આપવાના નથી. સાંભળવામા માલ છે એવી તેમની ખાતરી થવી જોઇએ.

ચિત્ત કેવી રીતે આકર્ષવુ

રસ પડવો એનો આધાર એ વાત પર રહેલો છે—પુરી તૈયારી તથા સરળ ભાષા. કેટલાક લોકો એવુ ધારે છે કે બાળકોનું લક્ષ ખેંચવાની શિક્ષકમાં સ્વાભાવિક શક્તિ હોવી જોઇએ. તેઓ કહે છે કે શિક્ષકો બનાવ્યા બનતા નથી, પણ જન્મ-સ્વભાવથીજ થાય છે. ઘણે અંશે, આ વિચાર સત્ય નથી. સો સ્નેહમદ શિક્ષકો લો તો તેમાથી ખરી રીતે જોતાં જન્મ-સ્વભાવથીજ એકે શિક્ષક જવલ્લેજ હોય, બાકીના નવાણુ શિક્ષક ખંતથી તૈયારી કરવાથી શિક્ષક બન્યા છે

સરળ ભાષા

સરળ ભાષા અગત્યની છે, કારણ કે બાળકોને જુજ શબ્દનુ જ્ઞાન હોય છે. આપણે તેઓની ભાષામાં તેમની સાથે વાત કરવી જોઇએ, એટલે કે જે ભાષા તેઓ સહેલથી સમજી શકે એવી ભાષા, અસાધારણ શબ્દો અને વાક્યો સમજાવવા જોઇએ, નહિ તો બાળકના મનમાં ગુંચવાડો થવાનો સભવ રહે છે. દાખલા તરીકે, એક વાર કેટલાક તામીલ શિક્ષકોને હુ આ સબધી વિવેચન કરતો હતો, અને આગલા અઠવાડીઆમા "પાંજીમ" (એટલે દુકાળ) શબ્દ તેઓએ કલાસમા વાપર્યો હતો, તે તેમના બધા વિદ્યાર્થીઓ સમજતા હતા કે કેમ તે મેં પુછ્યુ. મારો સિદ્ધાંત તેઓ મજુર રાખતા હતા, પણ જે દાખલો મેં આપ્યો તે તેઓ ખરો માની શક્યા નહિ. પછી જ્યારે મેં કહ્યું કે કેટલાંએક છોકરાં "પાંજીમ" નો અર્થ કોઇ જાતનુ જનાવર એવો સમજ્યા હશે ત્યારે તેઓના મનમાં મારા દાખલા વિષે વધતો શક ઉત્પન્ન થયો એક નાની છોડી હાજર હતી કે જે આગલે રવિવારે સાબ્બાથશાળામાં આવી હતી, અને મારી વાત ખરી છે કે ખોટી તેની પરીક્ષા કરવાને, તેની પડોશમાં બેસનાર એક બાનુએ ધીમેથી તેને પૂછ્યુ "પાંજીમ" એટલે શું ? નાની છોડીએ ભોળપણમાં જવાબ આપ્યો, "બિલાડી."

શિક્ષણ ત્રણ પ્રકારનું હોવુ જોઇએ, જેને આપણે બોધરૂપ, દાખલારૂપ તથા પ્રશ્નાર્થક એવાં નામ આપી શકીએ. આ પ્રકરણમાં અમે માત્ર પહેલા પ્રકાર સબધી બોલીશું.

બોધ કરવો એટલે કહી દેવુ, અને શિક્ષણના કામનો આ વિભાગ અતિ અગત્યનો છે. અમુક દિવસે કેવા પ્રકારની વાર્તા કહેવામાં આવે છે તેના પર ઘણે ભાગે શિક્ષણની સફળતા આધાર રાખે છે. દિવસની વાર્તા એમ હુ કહુ છું, કારણ કે બધા ક્રમવાર અભ્યાસ પાછો ગમે તો વાર્તાઓ અથવા વૃત્તાંતો છે. સિદ્ધાંતો ને મતો વિષે છોકરાં બહુ પરવા કરતાં નથી પણ સારી રીતે કહેલી વાર્તામાં તેમને ઘણો રસ પડે છે આ વાત તદ્દન સત્ય છે કે, સારી રીતે વાર્તા કહેવાની શક્તિ એ બાળશિક્ષકનુ એક ઉત્તમ લક્ષણ છે, પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં વાર્તા કહેનારને માન આપવામા આવતુ, કઇ બશે જીર્ણ થએલી આ કળાને આપણી સાબ્બાથશાળામા આપણે સજીવન કરી ન શકીએ? શિખવવામા આપણા ત્રાતાની એ મુખ્ય રીતિ હતી; અને જેમ બીજી બાબતોમા તેમ એમા પણ આપણે તેનુ અનુકરણ કરીએ તો લાભ થયા વિના રહે નહિ.

વાર્તા કેવી રીતે તૈયાર કરવી એ વાત "તૈયારી" ના મથાળા નીચે આવશે, અને ત્યા સુધી આપણે એ વિષય મુલતવી રાખીશુ, પણ તે કેવી રીતે કહેવી એના સબધમાં એક બે બોલ અમે બોલવા ઇચ્છીએ છીએ. ઉક્ત વાતનો, એટલે કે વાર્તા માંહેના લોકોના બોલેલા શબ્દોનો ઉપયોગ કર્યાથી વૃત્તાતનો આબેહુબ ચિતાર નજર આગળ ખડો થાય છે. (ઉડાઉ દીકરાનુ દૃષ્ટાંત જુઓ). "અને દીકરાએ તેને કહ્યુ, બાપ, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કીધુ છે. ઇત્યા." વર્ણનમાં લાગણીના મેળવણી દાખલ કરો. વિદ્યાર્થીઓની જીજ્ઞાસા તથા કલ્પના શક્તિને ઉશ્કેરો, અને વાર્તામાં આવેલા માણસો તેમની નજર આગળ જીવતા હોય ને વાર્તાના બનાવો તેમની નજરે બનતા હોય એવી રીતે મુખ્ય મુદ્દા સાથે પ્રાસગિક વિગતનો ચિતાર રજુ કરો. આ કરવાને માટે નવી બિનાઓ કે નવા માણસો યોજી કાઢીને બૈબલની વાર્તામાં દાખલ કરવાની કાંઇ જરૂર નથી, પણ માત્ર બૈબલને લગતા દેશોના લોકોના રીત

રિવાજ તથા દેશની ભૂગોળનું જ્ઞાન મેળવવાથી આ અર્થ સાધિત થઇ શકે છે. સૌથી વિશેષ બાળકના દૃષ્ટિબિંદુથી દરેક વાત જોવાને, યત્ન કરો. એમ કરવાથી વાર્તાઓ રસિક ને રમુજી કરી શકશો

વાર્તામાં રહેલી શિખામણ આપવાની રીત પર પણ લક્ષ દેવુ જોઇએ. વાર્તાને અંતે તેમાં જે બોધ રહેલો હોય તે પર બાળકનુ લક્ષ ખેંચવાથી વાતનો રસ જતો રહે છે. છોકરાં એને લીધે માઠુ લગાડે છે અથવા તે વિષે પરવા કરતાં નથી. એક છોકરાએ તેના શિક્ષકને કહ્યું "શિખામણની બાબત જવા દો, ને એક બીજી વાર્તા કહો." વાર્તાનો સાર કે બોધ તેમા એવી રીતે સમાએલો હોવો જોઇએ કે છોકરાં પોતાની મેળે તે સમજી શકે. વાર્તા ને બોધ એ બે વિખુટાં પડવા ન જોઇએ, એથી છોકરાને જ્યારે વાત યાદ આવશે ત્યારે બોધ પણ તેની સાથેજ યાદ આવશે. આપણા પ્રભુના દૃષ્ટાંતો સબંધીની વાત પણ એવીજ છે. વાર્તા પરથી લેવાનો બોધ છોકરા પાસે કઢાવીએ તો તેઓને સારો મહાવરો થાય છે. કોઇ વાર એથી કરીને વિચિત્ર વિચારો નિકળશે, પણ તેઓના મન પર તેની છાપ વિશેષ જોરથી પડશે ને અસર અધિક થશે.

સાબ્બથશાળાના દરેક વર્ગના વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિપર, કોઇ પ્રકારની વાર્તા ઘણી અસર કરે છે. જુનિયર વર્ગામા તે નજર આગળ બનતી હોય એવી આબેહુબ રીતે કહેવાની જરૂર છે. તેની ભાષા સાદી ને સરળ ને બોધ સમજવાને સહેલો હોવો જોઇએ. સિનિયર વર્ગોની અદર વાર્તાનો સબધ સદ્વર્તન પસદ કરવા ને સારી ટેવ પાડવાની સાથે છે તો પણ જ્યારે તે નજર આગળ બનતી હોય તેવી રીતે વર્ણવામાં આવે છે ત્યારે તેથી ફાયદો ને લાભ અધિક થયા વિના રહેતો નથી.

છેલ્લુ, આ વિષય ઉપર જે સૌથી ઉત્તમ પુસ્તકો લખાએલાં છે તેમાથી સારા શિક્ષણ વિષે કેટલાક સિદ્ધાંતો પર આપણે લક્ષ આપીએ; "તમારા વિદ્યાર્થીઓ સાથે કામ કરો, તેઓ સમજી

શકે તેવી રીતે વિષય તેમને સમજાવો, પગલે પગલે તેમને આગળ દોરો, જુના શિક્ષણનો નવાની સાથે સંબધ જોડો, જાણીતાની સાથે મુકાબલો કરીને નવુ શિખવો, વારવાર પુનરાવતન કરો, અને તેમ કરતાં શિક્ષણની રીતમાં ફરક કરવાની અગત્ય ધ્યાનમાં રાખો, તમારા હાથ નીચે મૂકેલા દરેક વિદ્યાર્થીને અનુકૂળ પડે એવુ તમારૂ શિક્ષણ કરવાની કાળજી રાખો.'

પ્રશ્નો.

૧. સાબ્બાથશાળામા શિક્ષણ આપવાનો હેતુ તમારા પોતાના શબ્દોમાં જણાવો

૨. શિક્ષકો બનાવ્યા બનતા નથી, પણ જન્મસ્વભાવથીજ છે, એ વાત શા પરથી ખોટી પડે છે ?

૩. શિક્ષકે સરળ ભાષા શા માટે વાપરવી જોઇએ ?

૪. વાર્તારૂપી શિક્ષણ છોકરાંને માટે ઉત્તમ પ્રકારનુ છે તેનુ કારણ શુ ?

૫. બેબલમા કહેલા દેશોની ભૂગોળનુ તથા લોકોના રીતરિવાજનુ જ્ઞાન હોવાથી વાતમાં કેવી મદદ મળી શકે છે ?

૬. સાબ્બાથશાળાના બધા વર્ગો જુનિયર તથા સિનિયર એને શિખવેલી વાર્તાઓમાં કઇ બાબતો સરખી રીતે હોવી જોઇએ ?

૭. વાર્તા કહેવામાં વાર્તાના પાત્રોના વાપરેલા શબ્દોનો ઉપયોગ કરવાથી શો લાભ થાય છે ?

પ્રકરણ ૧૧ મું.

દાખલા આપવાની કળા.

દાખલાઓના ત્રણ મુખ્ય ઉપયોગ છે, એટલે સમજણ પાડવી, ચિત્ત આકર્ષવું, અને મન પર છાપ પાડવી. પ્રથમ તે આપણા શિક્ષણ પર પ્રકાશ પાડીને તે સબધી સમજણ પાડે છે. જે પ્રમાણે બારીઓ વડે આપણી કોટડીમાં અને મકાનમાં પ્રકાશ આવે છે, તેજ પ્રમાણે દાખલા મારફતે આપણા પાઠ પર પ્રકાશ પડવો જોઇએ બીજુ, સાંભળનારનુ લક્ષ તે આકર્ષે છે. ખુલી જગ્યામા ઉપદેશ કરવામા આવે છે ને સાંભળનારા મરજીમા આવે તો ઉભા રહે ને મરજીમા આવે તો ચાલ્યા જાય એવી જગ્યામાં આની સાબિતી મળે છે. જે માણસ છુટથી દાખલાનો ઉપયોગ કરે છે તેની આસપાસ સહેલાઇથી લોકોનુ ટાળુ એકઠુ થાય છે, અને તેના પછીનો બોલનાર જે માત્ર ધર્મસિદ્ધાંતો સબધી વાત કરે તો તે તરત વેરાઇ જાય છે કંટાળી ગએલા વર્ગનો શિક્ષક જ્યારે કહે કે, "હુ તમને એક વાર્તા કહેવાનો છુ" ત્યારે વિદ્યાર્થીઓ એકદમ લક્ષ આપવા મડી જાય છે, એ કોણે જોયુ નથી? ત્રીજુ, તેથી મનપર છાપ પડે છે. આ સબધી જો તમારે દાખલા જોઇતા હોય તો આપણા પોતાના અનુભવ ઉપરથી સહેલથી મળી આવે છે. દાખલા તરીકે, ચાર અઠવાડીઆ પર રવિવારની સવારે તમે જે ઉપદેશ સાભળ્યો તેમાથી તમને શુ યાદ છે? સભવિત છે કે આધારવચન પણ તમે ભુલી ગયા હશો, અને ઉપદેશના વિભાગ તમે યાદ લાવી શકતા નથી પણ જો ઉપદેશકે ચિત્તાકર્ષક દાખલા કે વાર્તાનો ઉપયોગ કર્યો હશે તો તે તમને હજી સુધી યાદ હશે, ખરૂ કહીએ તો તમે તે ભુલી જઇ શકતા નથી. અને જો તેના દૃષ્ટાંતનો ડહાપણથી ઉપયોગ કરીને તેમાં તેણે બોધનો સમાવેશ કર્યો હોય તો તે પણ તમને યાદ હશે.

પદાર્થરૂપી દાખલાઓ વિશેષે કરીને પદાર્થો, ચિત્રો અને કાળા પાટીઆની મારફતે આપી શકાય છે. જે ચીજો પાઠનો

ખુલાસો કરવામાં ઉપયોગી થઇ શકે તે ઘણી મદદરૂપ થઇ પડશે. વિદ્યાર્થી તેને અડકે ને તપાસીને જુએ. ચિત્રો સામાન્ય રીતે પ્રાથમિક વર્ગોમાં વિશેષ ઉપયોગી થઇ પડશે. તેઓ આબેહુબ ને સાંદા હોવા જોઇએ, અને બનતા સુધી તેમાં છોકરાંને અજાણીતી વિગત ન હોવી જોઇએ ઇન્ટરનેશનલ પાઠો સબધી જે વાળી શકાય એવા ચિત્રો વપરાય છે તે સાધારણ રીતે સારાં છે. જ્યારે આખી નિશાળના વિદ્યાર્થીઓને નિશાળ બધ કરતી વખતે ભેગા કરાવી શિક્ષણ આપવાનુ હોય ત્યારે કાળુ પાટિયુ વિશેષ ઉપયોગી થઇ પડે છે, તેમ છતા વર્ગને શિખવતી વખતે પણ તેનો ઉપયોગ કરી શકાય છે. પાટીઆના કામને માટે કેટલાએક સાદા નિયમો નીચે મુજબ છે , કલાસની નજર આગળ તમારૂ ચિત્ર કાઢો, આગળથી મહાવરો કરી રાખો, સાદુ કામ કરો, વિશેષ સુદર કામ કરવા માટે લાંબો વખત લો નહિ, કલ્પનાશક્તિ વડે, બધી ચુકો છતા, વિદ્યાર્થી ચિત્રની મતલબ સમજી જશે. તમાશા તરીકે નહિ પણ શિક્ષણના સાધન તરીકે પાટિયાનો ઉપયોગ કરો

શબ્દોથી આપેલા દાખલા (કે વચન ચિત્રો) વાપરવામા આવે તો તેનો અધિક ઉપયોગ થઇ શકશે જેમ પાછલા પ્રકરણમા આપણે જોઇ ગયા છીએ તેમ આ શિખવવાની પદ્ધતિને આપણો ત્રાતા ઉપયોગમા લેતો હતો. અમુક દાખલા-ઓમા તે સામાન્ય સત્ય વાતોનો સમાવેશ કરતો હતો. વાર્તાની મારફતે સિદ્ધાત સબધી સારી સમજ પડે છે

દૃષ્ટાંતો કે ઉપમાઓ, ને વૃત્તાંતો કે હકીકત, એ બે મુખ્ય પ્રકારનાં વચનચિત્રો છે.

આમાંનુ પહેલુ, (એટલે દૃષ્ટાંત કે ઉપમા) જાણીતાની માર-ફતે અજાણ્યા વિષે સમજણ પાડે છે, અને બીજુ, (વાર્તા કે હકીકત) સમાન કે સરખી બાબતોના મુકાબલાની મારફતે સમજણ પાડે છે. આ બે બાબતના દાખલાના નમુના, તાલતના દૃષ્ટાંત તથા ઉડાઉ દીકરાના દૃષ્ટાતમાં મળી શકે છે.

ઉદાહરણો જાણીતા અને સાંભળનારને રસ પડે એવાં હોવાં જોઇએ. આ જરૂરની બાબતો આપણા ત્રાતાના દૃષ્ટાન્તોમા ને વાર્તાઓમાં સ્પષ્ટ રીતે મળી આવે છે તેઓ કેવાં સાદાં હતાં ! શબ્દાર્થના નકામા ફેર વિષે રાબ્બીઓના તર્ક વિતર્ક ભરેલા ઉપદેશથી જે લોકો કંટાળી ગયા હતા, તેઓને આ સાદાં દૃટાન્તો ઘણાંજ મનોહર લાગ્યાં. રોજના સાધારણ ધંધા રોજગારને લગતી તેની વાતો હતી, કોઇ બાબત તેને મન હલકી નહોતી. ઘર વાળી કાઢવાનુ અથવા નાના દિવાને માટે તેલ વેચાતુ લેવાનુ તેવી વાતોનો તે ઉપયોગ કરતો. આસપાસનુ ઘાસ, ટેકરીઓ પર સખ્યાબધ ઉગતા ફુલો, પોતાના બચ્ચાને સાચવતી મુરઘી, ફેકી દીધેલો એઠવાડ ખાતા કૂતરા, ચોટામા રમત કરતા છોકરા અને છોડીઓ, એ સર્વને દેવના રાજ્યને લગતી વાતો સમજાવવા માટે તે લાયક ને અનુકૂળ દાખલા ગણતો હતો.

જેઓની આગળ તે ઉપદેશ કરતો હતો તેઓના મન પર, પોતાના દૃષ્ટાંતોમા આવા પ્રકારના બનાવો દાખલ કરીને, તે ભારે અસર કરી શકતો હતો, એટલે કે, મુસાફર પર ચોરો હુમલો કરે છે, નિર્દય યાજક ને માયાળુ પરદેશી તેની પાસે થઇને જાય છે, છોકરો પોતાનુ ઘર છોડીને પરદેશ ચાલ્યો જાય છે, નોકરની સાથે તેના સાથી નોકરો કઠોર રીતે વર્તે છે ઇત્યાદિ. શબ્દચિત્રો તે રજુ કરતો હતો. જગતના સાહિત્યમાં આ વૃત્તાન્તો, કૌશલ્યના ઉત્તમ નમુના ગણાય છે.

જે બાબતોમાં તેના સાંભળનારાને રસ પડતો હતો તેવી બાબતો પસદ કરવામા આપણા ત્રાતાની નિપુણતા દેખાઇ આવે છે. લોકોને લાગુ પડે તેવા તે દૃષ્ટાંતો પસદ કરતો હતો. જો તેઓ માછી હોય તો તેની વાતો માછલી, જાળ અને માછલી પકડવા સબધી હતી. જો સાંભળનારા ખેડુત હોય તો તે બી અને વાવવા સબધી, દુશ્મને વાવેલા કડવા દાણા સબધી, પાકેલાં ખેતરો, કાંટા, અને દાણા ચોરનાર પક્ષીઓ સબધી વાત કરતો હતો. સ્ત્રીઓની સાથે તે ઘરેણા સબધી, ને ભરવાડ સાથે ઘેટાં સબધી બોલતો હતો.

તેવીજ રીતે છોકરાને રસ પડે તેવાં આપણે ઉદાહરણો પસંદ કરવાં જોઇએ. છોકરાંની દૃષ્ટિથી આપણે આખા પાઠ ઉપર જોવું જોઇએ, એટલુંજ નહિ પણ તેઓને રસ પડે એવી રીતે પાઠ શિખવવામાં પગલે પગલે આગળ વધવું જોઇએ. જે વાતો વિષે આપણા વિદ્યાર્થીઓ અધિક વિચાર કરે છે તેથી આપણે જાણીતા હોવું જોઇએ હવે હિન્દુસ્તાનના એક સાધારણ બાળકની વાત ધ્યાનમાં લઇને જોઇએ કે સ્વાભાવિક રીતે તેને કઇ વાતોમા રસ પડે છે. આરંભમાં આપણે બધા કબૂલ રાખીએ કે ઘરમા જે સઘુ તે જુએ છે તેમાં તેને રસ પડે છે. ઘરમાંનુ કામકાજ, ખાટલા કે શેત્રજીઓ જે પર સુવામા આવે છે તે, ભોય તળીઆને માટે ખજુરીની ચટાઇ, ભાત પરની નાની ગરોળી, પણ વિશેષે કરીને દાળ ભાત ને ચુલો ને જે વાસણોમા તે ખોરાક પકાવવામા આવે છે તે સર્વથી તેને રસ પડે છે. વળી બાળક કપાઉન્ડમા જે જુએ છે તેમા તેને રસ પડે છે, એટલે કે ખાસ રીતે જે જાનવરો ત્યા રાખવામા આવે છે તેમા , વિચિત્ર પગવાળા બકરા ને બકરીઓ નીચલી જે ભીંતો પર ચાલાકીથી કુદાકુદ કરે છે તેમા; કુકડા કે જે લડે છે ને ખોતરે છે , નબળી બિલાડીઓ ને ગંદા કુતરા , ખીસકોલીઓ જે એક બીજાની પાછળ પડે છે, ને ઘરપર ઉડતા કાગડા,— આ બધી ચીજો જોવામાં બાળક આનંદ માને છે. અને વળી એ ઉપરાંત રસ્તો છે, જે રસ્તા પર ધંધાદારી માણસો હમેશાં આવ જા કરે છે તે પર નજર કરતા બાળક કદિ કંટાળતુ નથી. રસ્તો જીવતા પ્રાણીઓથી ભરપુર છે, તેના ઉપર ચળકતા કપડા પહેરેલા, અને મોટા બોજા ઉપાડનારા વટેમાર્ગુ ચાલતા નજરે પડે છે, ધીમે ચાલતા ગાડાને જોડેલા મંદગતિના બળદ, ઘેટાના ટોળા, કોઇવાર પસાર થતી ઘોડાગાડી, બાઇસીકલ, અને મોટાર ગાડી જે વંટોળીઆની માફક ધુળ ઉડાડતી ઉડાડતી ઝડપથી જતી રહે છે, એ ઉપરાત બીજા નાનાં છોકરા તેમનાં ચિત્ત ઘણાંજ આકર્ષે છે. ઉપર વર્ણવેલી બાબતો ઉપરાંત છોકરાને રસ પડે

એવી બાબતો થોડીજ છે. આવી બાબતો પરથી આપણાં દૃષ્ટાંતો આપણે છોકરાંને માટે લેવાં જોઇએ, ને એમ કરવાથી સાબ્બાથશાળા તેમને ગમત તથા આનંદની જગ્યા થઇ પડશે, એટલુંજ નહિ પણ તેમને લાભ કર્યા વિના રહેશે નહિ. વિચાર કરવાથી અન્ય વયના છોકરાંને શી બાબતોમા રસ પડે છે તેનુ આપણને જ્ઞાન થશે, અને તે જ્ઞાન તો સફળતાની કુચી છે .

હમેશા દાખલો તૈયારજ રાખો. 'સમાન' બાબતો શોધી કાઢવાનો મહાવરો પાડો, અને જે ચીજો આપણે જોઇએ તેઓ વિષે આપણે પોતાને આવા પ્રશ્નો પુછીએ કે, "એ ઉપરથી હું શુ શિખી શકુ છુ?" "તેમા કાંઇ આત્મિક બોધ રહેલો છે?" તો કામમા મદદ મળશે. જે બધા ઉદાહરણો તથા વાર્તાઓ આપણને આનદ આપનાર થયા હોય તેઓની એક નોંધપોથી રાખવી જોઇએ, કેમકે આપણા કામમા તે ઘણી કિમતી જણાશે. સારી સાબ્બાથશાળાના શિક્ષકો ઘણુ કરીને બૈબલમાં વર્ણવેલા બનાવો તથા વાર્તાઓનો ઉપયોગ કરે છે, કેમકે તેથી કરીને ચાલતા પાઠ ઉપર આપણે પ્રકાશ પાડી શકીએ છીએ, એટલુંજ નહિ પણ આગળ શિખી ગએલા પાઠોનુ જ્ઞાન આપણે બાળકોનાં મનમા તાજુ કરી શકીએ છીએ.

પ્રશ્નો.

૧. દાખલા આપવાના ત્રણ ઉપયોગ કયા છે?

૨. સાબ્બાથશાળામા કાળા પાટીઆના ઉપયોગ વિષે કેટલાએક સાદા નિયમો આપો.

૩. બનાવ અને દૃષ્ટાંત એ બેમા શો તફાવત છે તે બતાવો.

૪. આપણા પ્રભુના દૃષ્ટાંતોનુ વિશેષ ચિત્તાદર્શક લક્ષણ શું હતુ તે વિષે તમે શુ ધારો છો?

૫. જે જાનવરો વિષે સુવાર્તામાં આપણા પ્રભુએ વાત કરેલી છે તેઓની એક ટીપ બનાવો

૬ દસ વરસના છોકરાને કઇ બાબતોમા રસ પડે છે એ વિષે તમે શુ ધારો છો?

૭. તમારે તમારી દાખલારૂપી વાર્તાઓ ક્યાથી પસદ કરવી જોઇએ?

૮. સાબ્બાથશાળાના કામને માટે બેબલના દૃષ્ટાંતો શા કારણથી વિશેષ ઉપયોગી છે?

પ્રકરણ ૧૨ મું.

પ્રશ્ન કરવાની કળા.

ઘણા જણ એવુ ધારે છે કે મનુષ્યનુ મન કેળવવાનુ મુખ્ય સાધન પ્રશ્ન કરવા એ છે પ્રશ્ન કરવાની કળાને આટલી બધી મહત્વની શા માટે ગણે છે તેનાં કારણો આપણે તપાસીએ. પ્રશ્ન કરવાના ત્રણ મુખ્ય ઉપયોગ છે.

૧. અમુક વિષય સબધી વિદ્યાર્થીને કેટલુ જ્ઞાન છે ને તે જ્ઞાન પાકુ છે કે નહિ, એ પ્રશ્નોત્તરની મદદથી શિક્ષક જાણી શકે છે. પરીક્ષા પત્રકોમાં જે ઘણી હાસ્યજનક ભૂલો થાય છે તેનુ કારણ શિક્ષકોનુ નિશ્ચિતપણુ છે, કેમકે તેઓએ પોતાના શબ્દ કે વાક્ય સમજવામા આવ્યા છે કે નહિ તે સબધી તપાસ રાખી નથી જે છોકરાએ પરીક્ષકને કહ્યુ કે, યાજકનુ કામ જીવડા બાળવાનુ હતુ તેમાં તે છોકરાનો દોષ નહોતો પણ શિક્ષકનો હતો, તેણે "incense" (ધૂપ) શબ્દનો ખુલાસો કર્યો નહોતો, માટે છોકરો તેને બદલે "insect" (જીવડું) સમજ્યો હતો

૨. પ્રશ્ને કરીને છોકરાને વિચાર કરવાની જરૂર પડે છે. જ્યારે તેઓ વિચાર કરે છે ત્યારેજ તેઓ શિખે છે. મન કોથળા જેવુ નથી, કે જેમા તમે જે ઘાલવા ચાહો તે ઘાલી રાકો. મનુષ્યના મનને જાગૃત કરવાની જરૂર છે, નહિ તો તે કશું ગ્રહણ કરી શકશે નહિ, અને પ્રશ્ને કરીને આપણે મનને જાગૃતિમા લાવી શકીએ છીએ પાઠ ગ્રહણ કરવામા શિક્ષક તથા વિદ્યાર્થીએ ઐક્યમાં આવી સાથે કામ કરવુ જોઇએ.

૩. પ્રશ્નવડે છોકરાને કાંઇ કરવાનુ મળે છે. તેઓના ભારે આવેશને દબાવી રાખવો એ મુશ્કેલ કામ છે, અને તે આવેશનો લાભ લેવાનો ગમે તે માર્ગ મળે તેનો ઉપયોગ કરવો. પુખ્ત વયના માણસને લાંબા વખત સુધી સાંભળવાથી જેટલો કંટાળો ઉપજે છે તેટલોજ કંટાળો બાળકને અરધો કલાક સાંભળવાથી

ઉપજે છે. ધારો કે કોઇ માણુસ આપણી સાથે એક કે બે કલાક સુધી વાત કર્યા કરે અને આપણુને ફક્ત હા કે ના કહેવાનોજ વખત આપે તો તેથી આપણુને કેટલો કટાળો ઉપજશે! જ્યારે એવા બોલનારની વાતનો પાર આવશે ત્યારે આપણુને આનદ થશે. પણ જે માણુસ આપણી સાથે વાતચિત કરતાં તેમાં આપણુને ભાગ લેવા દે છે તેના તરફ આપણી લાગણી કેવા જૂદા પ્રકારની હોય છે' વાત કરવામા આપણે કાઇ ભાગ લીધો છે તે આ તફાવતનુ કારણ છે. પ્રશ્નોના ઉત્તર આપવાથી છોકરા વાતચિતમા ભાગ લે છે એ વાત યાદ રાખીને, છોકરામા કામ કરતી વખતે આપણે આ સિદ્ધાતનો ઉપયોગ કરીએ.

અમુક દિવસના પાઠના વિષય સબધી છોકરાને કેટલુ જ્ઞાન છે તે જાણવા, તેમાં તેમનુ ચિત્ત આકર્ષવા તથા તેમનામા તે વિષે જીજ્ઞાસા ઉપજાવવા, તેમજ આગળના જુના પાઠની સાથે નવા પાઠનો સબધ જોડવા માટે, પાઠની શરૂઆતમા આપણે પ્રશ્નો પુછીએ છીએ. પાઠ ચાલતી વખતે આપણે પ્રશ્નો પુછીએ છીએ, કેમકે આપણે છોકરાને જે શિખવવા ચાહીએ છીએ તે સબધી ધ્યાન આપીને વિચાર કરવાની એથી છોકરાની ફરજ પડે છે. તેમના મન વિચાર ગ્રહણ કરવાની સ્થિતિમાં રહે છે, અને આપણુ શિક્ષણ તેમના સમજવામાં આવે છે એવી આપણુને ખાતરી થાય છે. પાઠ સમાપ્ત કરતી વખતે પ્રશ્ન પુછવાથી વિદ્યાર્થીઓને થયલા જ્ઞાનને તપાસીએ છીએ. એવી રીતે શિક્ષક પ્રશ્ન પુછતા પુછતા વિદ્યાર્થીઓમાં જ્ઞાન દાખલ કરે છે ને પ્રશ્નની મારફતે તેમની પરીક્ષા કરતાં કરતાં તે જાણે છે તેમનુ જ્ઞાન બહાર કાઢીને પારખે છે.

આ પરથી બે સૂચના મળે છે, તે શિક્ષક ધ્યાનમાં રાખે તો સારૂ. જે તમે છોકરાંની પાસે કહેવડાવી શકો તે તેમને કદિ કહો નહિ; અને તેમને જે કાઇ નવુ જ્ઞાન આપો તે હમેશાં તેમના પોતાના શબ્દોમાં તેમની પાસે કહેવડાવો. દરેક વિદ્યાર્થીના મનનો અભ્યાસ કરવાની અગત્યતા આ પરથી

આપણા જાણવામાં આવે છે. કઇ બાબતો પોતે બાળકો પાસે કઢાવી શકે અને કઇ બાબતો તેણે પોતે બાળકને કહેવી જોઇએ એનુ જ્ઞાન શિક્ષક આ પરથી મેળવી શકે છે.

આપણા પ્રશ્નના પ્રકાર સબધી આપણે નીચેની સૂચનાઓ ધ્યાનમા રાખવી.

પ્રશ્નો ટુકા અને સરળ ભાષામાં હોવા જોઇએ. અસાધારણ ને મુશ્કેલ શબ્દો બાળકો સમજી શકતાં નથી. લાબા શબ્દો તેમને ગુંચવણમાં નાખે છે.

પ્રશ્નો સ્પષ્ટ હોવા જોઇએ. શિક્ષક મારી પાસેથી શુ માગે છે તે વિદ્યાર્થીના સમજવામા એકદમ આવવુ જોઇએ દાઉદને એક દીકરો હતો, કદાચ તમને બધાને એનુ નામ આવડે છે; તમારામાંનો કોઇ મને તે કહી શકશે? આ પ્રશ્ન બે કારણથી ખામી ભરેલો છે રૂપમા તે ગુંચવણ ભરેલો છે, અને એક કરતાં અધિક ખરા જવાબ તેના આપી શકાય તેમ છે. દરેક પ્રશ્નનો એકજ ઉત્તર હોવો જોઇએ. એમ ન પુછો કે "કોણે તે કર્યું અને ક્યારે?" એના બે પ્રશ્ન બનાવો.

પ્રશ્નોથી વિચારને જાગૃતિ મળવી જોઇએ. એવા પણ પ્રશ્ન પુછી શકાય કે વિદ્યાર્થીઓ વગર વિચારે તેનો જવાબ આપી શકે. ઉદાહરણ, "માણસે પ્રાર્થના કરવી જોઇએ, એમ તમે ધારો છો કે નહિ?" એ સવાલનો એકજ જવાબ આપી શકાય જે પ્રશ્નને અને પુછવામા આવે કે "એમ કેની?" તે આ પ્રકારનો છે. એનો ઉત્તર એટલોજ મળી શકે કે "હા." આવા પ્રશ્નો પુછીએ તો છોકરાંને લક્ષ દઇને સાભળવાની જરૂર પડતી નથી, કેમકે પ્રશ્નની અદરજ ઉત્તર સૂચવેલો હોય છે લકામાં એક મિશનેરી તેની સાબ્બાથશાળાનુ શિક્ષણ સુધારવાને આતુર હતો તે એક દિવસ એક શિક્ષક પોતાની ક્લાસ શિખવતો હતો ત્યારે તેની વાત લક્ષ દઇને સાંભળતો હતો. છોકરાં તદ્દન નિશ્ચિંત હતાં, ને વાતમાં તેમને કાંઇ રસ પડતો નહોતો, તેમ છતાં શિક્ષક જે પ્રશ્નો પુછે તેનો ઉત્તર સધાં સાથે એકદમ આપતાં

હતાં, તેમ છતાં તેઓ સાંભળતાં નહોતાં. શિક્ષક સાદ ઉંચો નીચો કર્યા વિના પુછયા જતો હતો. "ઇબ્રાહીમ ઇસ્હાકનો બાપ થતો હતો, એમ કેની?" બધાએ જવાબ આપ્યો, "હા." "સારા ઇસ્હાકની મા હતી કેની?" "હા." "ઇસ્હાક યાકુબનો બાપ હતો, એમ કેની?" "હા" પણ પાદરી સાહેબે કહ્યું, "જરા થોભો, મને થોડા પ્રશ્ન પુછવા દો" તેણે પણ શિક્ષકના જેવા નિરુત્સાહી અવાજમાં શરૂ કર્યું. "ઇસ્હાક ઇબ્રાહીમનો બાપ થતો હતો એમ કેની?" "હા." "સારા યાકુબનો બાપ થતો હતો એમ કેની?" બધાં છોકરાં એકદમ બોલી ઉઠયાં, "હા." આખરે શિક્ષક અધીરો બની ગયો ત્યા સુધી તેણે આ કામ કર્યા કીધુ ત્યાર પછી આવા પ્રકારના પ્રશ્ન પુછવા કેટલુ મૂર્ખાઇ ભરેલુ ને તદન નકામુ છે એ વિષે શિક્ષકને પાદરી સાહેબે સમજણ પાડી. જો તમારા પ્રશ્નથી વિદ્યાર્થીઓને જુજ લાભ પણ પમાડવા ચહાતા હો, તો તે એવા પ્રકારના હોવા જોઇએ કે તેને લીધે જવાબ આપ્યા પહેલા વિદ્યાર્થીઓને વિચાર કરવાની ટેવ પડે.

કોઇવાર પ્રશ્નનો તદન ખોટો હસવા જેવો ઉત્તર આપી શકાય. એવુ બને તો જ્ઞાની શિક્ષક એવુ વિચારશે કે કદાચ પ્રશ્નનો દોષ હશે, અને તે પ્રશ્ન બીજે રૂપે પુછશે. પરતુ ગમે તેમ બને તો પણ જવાબને લીધે ગુસ્સે ન થવુ તેમજ હસી પડવુ નહિ. જે વિદ્યાર્થી બરાબર જવાબ આપવા કોશિશ કરે છે તેને નાહિમ્મત કરો નહિ હુશિયાર શિક્ષક ખોટા જવાબનો પણ સારો ઉપયોગ કરી શકે છે. દાખલા તરીકે, એક શિક્ષકે પૂછયુ, "ઇસુ ખ્રીસ્ત ક્યાં જન્મ્યો?" જવાબ, "યરૂશાલેમમા." મહેતાજી એમ કહી શકત કે "ખોટુ," પરતુ આ શિક્ષકે કહ્યુ કે, "ના, ખુદ યરૂશાલેમમાં નહિ, પણ તેની પડોસમાં, એક નાના ગામડામાં, જેનુ નામ " પાંચ છ છોકરા સાથે બોલી ઉઠયા કે, "બેથલેહેમ" શિક્ષકે વધારામાં કહ્યુ કે, "બરાબર, યરૂશાલેમની નજીકમાં બેથલેહેમમાં." એવી રીતે જે વિદ્યાર્થીએ જવાબ આપવામાં ભૂલ કરી હતી તેને એમ લાગ્યું કે પ્રશ્નનો

ઉત્તર આપવામાં મેં મદદ આપી છે. અને બીજી વાર કોશિશ કરવાની તેને હિમ્મત મળી.

નવી અજાણી કલાસ સાથે સહેલા પ્રશ્નોથી શરૂ કરો. આથી છોકરાંને તમારા પાછલા પ્રશ્નોના ઉત્તર આપવાની હિમ્મત મળશે. આનંદી, ધીરજવાળો, તથા આગ્રહી શિક્ષક ગમે એવા વિદ્યાર્થીઓ પાસેથી જવાબ કઢાવી શકશે. વર્ગનુ કામ ઉલટભેર ચલાવો, ધીમેધીમે ભારે પ્રશ્ન પૂછવાથી છોકરાં કટાળે છે ને તેમને રસ પડતો નથી.

દરેક પ્રશ્ન આખા વર્ગને પુછો અને જવાબને માટે વિચાર કરવાને છોકરાંને પૂરતો વખત આપો. પછી કયા છોકરાએ જવાબ દેવો જોઇએ તે જણાવો. પ્રથમ એક છોકરાને પસંદ કરીને જ્યારે પ્રશ્ન પુછવામા આવે છે ત્યારે બીજાઓ તે પર ધ્યાન આપતાં નથી. હુશિયાર અને ચાલાક છોકરાને વધારે સવાલ પુછો નહિ પણ દરેક છોકરાનો વારો આવવા દો.

પ્રશ્નો.

૧ પ્રશ્ન પુછવા એ શિક્ષણમાં ઘણી જરૂરની વાત છે એનાં કારણ આપો.

૨. જે હદપાર જુસ્સો છોકરામાં હોય છે તેનો લાભ લેવામાં પ્રશ્નો કેવી મદદ આપે છે?

૩. પાઠની શરૂઆતમાં, તે ચાલતો હોય ત્યારે, ને તેની આખરે પ્રશ્નો પુછવાથી શા શા ફાયદા થાય છે?

૪. કયા પ્રકારના પ્રશ્નો પડતા મુકવા જોઇએ?

૫. ખોટા જવાબ અપાય ત્યારે કામ લેવાની ઉત્તમ રીતિ કઇ છે?

૬. ખોટો ઉત્તર મળે ત્યારે શિક્ષકે હસવુ નહિ તેનુ શું કારણ છે?

૭. વર્ગને પ્રશ્ન કેવી રીતે પુછવા જોઇએ?

૮. જે પ્રશ્નનો ઉત્તર "હા," એવો આપી શકાય તે પ્રશ્ન નકામો છે તેનું શું કારણ?

પ્રકરણ ૧૩ મું.

તૈયારી કરવા વિષે.

કેળવણીના કામમાં પ્રવીણ એવા એક સદ્‌ગૃહસ્થે કહ્યું છે કે શિક્ષણ સફળ થાય કે નિષ્ફળ થાય એનો વિશેષ આધાર તૈયારી પર રહેલો છે. "શિક્ષકો બનાવ્યા બનતા નથી પણ જન્મસ્વભાવથી બને છે," એવું કહીને વર્ગ સબંધી પોતાની નિષ્ફળતામાથી બચી જવાને યત્ન કરવો તે, "મારા કામમા બરાબર સફળતા મળતી નથી તેનો દોષ ઇશ્વરનો છે, મારો નથી," એમ કહેવા સમાન છે ત્યારે આ વાત આપણે ખાતરી પૂર્વક માનીએ કે તસ્દી લઇને તૈયારી કરવાથી સફળતા મળે છે, અને પરમેશ્વર આપણા ઉદ્યોગનું માનવત પરિણામ થાય, એવો આશીર્વાદ આપશે. દરેક રવિવારના કામને માટે સભાળથી તૈયારી કરવામાં ન આવે તો, બાળકની પ્રકૃતિનું તથા શિક્ષાપદ્ધતિનું જ્ઞાન વિશેષ ઉપયોગી થવાનુ નથી. વિષયનુ ઉપલકિયુ જ્ઞાન હોવાથી ઘણા એમ કહે કે, "ખરેખર એ વિષય મને બરાબર માલમ છે, બે વરસ પર હુ તે શિખવતો હતો, ને મને કોઇ પ્રકારની હરકત પડતી નહોતી." આનુ પરિણામ એ થાય છે કે વર્ગને રસ પડતો નથી ને તે કટાળી જાય છે, ને એને લીધે દિલગીર થવુ ને શરમાવુ પડે છે. પાઠનુ ઉપલકિયુ જ્ઞાન ચાલશે નહિ, પણ તેનુ ઉંડુ સપૂર્ણ જ્ઞાન હોવુ જોઇએ. શિક્ષણ આપવાનો વખત એટલો થોડો છે કે જો અગાઉથી સભાળથી તૈયારી કરવામા ન આવે તો ગુંચવણ થશે ને પ્રસગનો જોઇતો લાભ લેવાશે નહિ. વેલ્સ દેશના એક પાદરીની મુલાકાતે એક બિશપ સાહેબ (ધર્માધ્યક્ષ) આવ્યા હતા તેમની આગળ પાદરી પોતાની હુશિયારી બતાવવાને આતુર હતો. તે બોલ્યો, "સાહેબ, હુ ભાગ્યેજ ઉપદેશ તૈયાર કરૂ છું. વારવાર એવુ બને છે કે બોધાસનપર ચઢતી વખતે ઉપદેશ કરવાનો વિષય મને માલમ હોતો નથી" ધર્માધ્યક્ષે જવાબ દીધો, "હુ તમારી કહેલી વાત સત્ય માનુ છું, કેમકે તમારા લોકોના મ્હોથી હુ

સાંભળુ છું કે જ્યારે તમે ઉપદેશ કરી રહ્યા છો ત્યારે તમે શી વાત કરી એ તમારા લોકોને માલમ હોતુ નથી."

વેળાસર તૈયારી કરવી એ ઉત્તમ રીત છે. ઘણા શિક્ષકો આગલા રવિવારે સાબ્બાથનો પાઠ તૈયાર કરવાનો આરંભ કરે છે, કેમકે એમ કરવાથીજ તેઓને પુરતો વખત મળશે એવી તેઓને ખાતરી છે. આ રીત ફાયદા ભરેલી છે. એણે કરીને તૈયારીમાં ભંગ પડવાની ધાસ્તી રહેતી નથી. અઠવાડીઆમાં ભિન્ન ભિન્ન પ્રકારના એટલાં બધાં કામ અણધાર્યાં આવી પડે છે કે, ઇરાદા ગમે તેવા સારા હોય તો પણ રવિવાર આવી પહોંચે છે ત્યારે તૈયારી હોતી નથી રવિવારે એક કલાક અને અઠવાડીઆના દરેક દિવસે દસ મિનિટ ખરચીએ તો કુલ બે કલાક થાય, અને એટલો સમય તૈયારી માટે પૂરતો છે. વળી વેળાસર કામ આરભ્યાથી વિષય સબધી મનન કરવાનો આખા અઠવાડિયાનો વખત મળે છે, એટલે વિદ્યાર્થીઓના મનમા પાઠ બરાબર ઠસાવવા માટે અનુકૂળ ઉદાહરણો શોધી શકાય છે રસ્તે ચાલતા ચાલતા પાઠનુ મનન કરવુ. જેમ જેમ વિષય મનમા વધારે સમય સુધી ઘોળાય છે તેમ તેમ તેમા વધનો રસ જણાય છે; અઠવાડીઆને અતે તે એટલો ચિત્તાકર્ષક દીસે છે કે એ વિષય જગતમા સર્વ કરતાં તમને વિશેષ રસિક લાગે છે. મનની એવી હાલત હોય ત્યારે વર્ગના છોકરામાં કામ કરવાને માટે ઉત્તમ તૈયારી થએલી કહેવાય.

અભ્યાસક્રમનો અભ્યાસ

શિક્ષકને માટે એક અગત્યની બાબત એ છે કે ત્રણ મહિના અથવા અરધા વરસને માટે મુકરર કરેલા અભ્યાસક્રમનો અભ્યાસ કરવો અને તેનો હેતુ શો છે એ અગાઉથી ધ્યાનમા લેવુ. એમ કરતાં તેને માલમ પડશે કે પાઠોનો ક્રમ એવી રીતે ગોઠવેલો છે કે જાણે દરેક પાઠ ઇમારતના પત્થર જેવો હોય, દરેક તેનાથી આગળના પાઠ સાથે બરાબર બેસતો આવે છે, તેમ પછીના પાઠને માટે તયારી કરે છે. દરેક સાબ્બાથના પાઠના સબધમાં સભા-

જેથી ધ્યાનમાં રાખવુ કે આગલા અઠવાડીઆમાં વિદ્યાર્થીઓના મનમાં ઠસાવેલા વિચાર સાથે તે કેવા પ્રકારનો સબંધ રાખે છે, તેમ પાછલા પાઠોને માટે તયારી થાય એવુ કયુ વિશેષ શિક્ષણ ચાલતા પાઠમાં સમાયલુ છે, તે ધ્યાનમાં લેવુ.

પાઠની તૈયારીમાં પહેલુ કામ કરવાનુ એ છે કે **પ્રાર્થના કરવી,** કેમકે પરમેશ્વર પાસેથી પ્રકાશ માગવો જોઇએ. "તારા નિયમશાસ્ત્રમાથી આશ્ચર્યકારક વાતોનુ અવલોકન કરવાને તુ મારી આખો ઉઘાડ." ત્યાર બાદ તે દિવસનો મુકરર કરેલો પાઠ બે ત્રણ વાર, જ્યાં સુધી તે સબધી પુરૂ જ્ઞાન મળે ત્યાં લગી વાંચવો જોઇએ. આપણા મનની અદર તે ઠસાવવુ જોઇએ, નહિ તો આપણે તે બહાર કાઢી શકીશુ નહિ. શાસ્ત્રપાઠો પરની ટીકાઓ ગમે તેવી હોય તોપણ તે બાઇબલ આગળ આવવી જોઇએ નહિ. જે ટીકા આપણને વિચાર કરતાં અટકાવે તો તે આપણને ઉપયોગી થશે નહિ; આપણે વિચાર કરવા ઉત્તેજીત થઇએ એવી મતલબથી ટીકા તયાર કરેલી છે.

આપણા અભ્યાસના આરભમા આપણે પોતાને **ત્રણ પ્રશ્ન** પુછવા. (૧) શાસ્ત્રનો આ ભાગ શુ શિખવે છે? (૨) તેમાની કઇ વાતમા મારા વર્ગનાં છોકરાને રસ પડશે? (૩) મારા વિદ્યાર્થીઓને તે શિક્ષણ કેવી રીતે લાગુ પડે છે?

વાર્તાનો ક્રમ

વાતા અથવા હકીકત કહેવાની શરૂઆત કરવાની તૈયારી કરતા ચાર બાબતો મનમાં રાખવાની છે, આરભ, બનાવોનો ક્રમ, મુખ્ય બનાવનો મુદ્દો અને અત. આ ચારમાંની કોઇ એક બાબત વર્ણવવામા હુશિઆરી ન રાખવાથી ઘણી સારી વાર્તાઓ નકામી જાય છે. પ્રથમ, શરૂઆત કે આરભ કરતી વખતે વાર્તામાં મુખ્ય ભાગ જેઓ ભજવે છે તે મનુષ્યોનુ આપણે વર્ણન કરવાનુ છે. એ સબધમાં છોકરાંને પહેલાથી કઇ બાબત માલમ છે તે યાદ દેવડાવવામા લાભ છે; તેને લગતી હકીકત પણ દાખલ કરવાની છે. વાર્તાને લગતી વાતો વાસ્તવિક રીતે વર્ણવવી જોઇએ,

કારણુ કે તેને લીધે વાર્તા આરંભથીજ રસિક લાગશે. હકીકતનો ક્રમ પણુ બરાબર હોવો જોઇએ. "એક વાત કહેવાની હુ ભૂલી ગયો," એમ કહેવાથી વૃત્તાંતના સબધમા ભંગ પડી જાય છે. કાચો વાર્તા કહેનાર વાર્તાના મુખ્ય બનાવનો મુદ્દો ચુકી જાય છે, અને પછી વાત કેમ નિરસ થઇ પડી હશે, એવો શકા ભરેલો સવાલ મનમાં કરે છે વાર્તાને અને મન શાંતિમા રહેવુ જોઇએ વિદ્યાર્થીઓએ એક બીજાને એમ ન પૂછવું જોઇએ કે, ફલાણા ફલાણાને પછીથી શુ થયુ ?

અમુક દિવસનો મુખ્ય પાઠ બરાબર મનમા રાખો, અને તે પૂર્ણ રીતે વિદ્યાર્થીઓના મનમા ઠસાવવાને પ્રયત્ન કરો. એકજ પાઠમા વીસ વાત શિખવવા કરતા એક વાત વીસ રીતે શિખવવી એ સારૂ છે.

પાઠ દૃષ્ટિમા રાખો

છોકરાં 'કેટલુ યાદ રાખી શકે તેમા નહિ પણુ છોકરા કેટલુ ભૂલી જઇ નહિ શકે' એ પર ધ્યાન આપવામા પાઠની સફળતા રહેલી છે. વળી પાઠની તૈયારી કરતી વખતે છોકરાને લક્ષમા રાખો. પાઠ તેમને તથા તેમની અગત્યોને અનુકૂળ હોવો જોઇએ. તેઓને ખ્રીસ્તની પાસે ખેંચી લાવવા અને તેની સેવાને માટે તેમને તૈયાર કરવા, એ મુખ્ય કામ કરવામા પાઠની મદદ લેવાની છે.

પાઠને માટે સારો ઉપોદ્‌ઘાત મેળવો, એટલે કોઇ અનુકૂળ વાર્તા અથવા સૂચક પ્રશ્ન. છોકરાંની જીજ્ઞાસા તથા ચિત્ત જાગૃત થવા જોઇએ, કેમકે મનમાં જે લાગણી સાથી પહેલી થાય છે તે ટકે છે, ને તેની અસર વિશેષ છે કોઇએકે કહ્યુ છે કે "શિખવ-વાની પહેલી પળ પર શિક્ષણુની સફળતાનો વિશેષ આધાર છે"

તૈયારીના વિષયમાં શિક્ષકની તૈયારીનો પણુ સમાવેશ થાય છે. બની શકે ત્યા સુધી તેણે શનિવારે એવી રમત રમવી નહિ, અથવા રવિવારે એવી કસરત કરવી નહિ કે જેથી શરીરને એવો થાક લાગે, કે સાબ્બાથશાળાના કામને માટે તે અયોગ્ય થઇ પડે. તેના વર્ગમાં તેણે તાજા મન સાથે આવવુ જોઇએ, આત્મિક

રીતે પણ તેણે તૈયાર હોવું જોઇએ. ડહાપણથી અને સારી રીતે વર્ગ શિખવવો તે સહેલું કામ નથી, પરંતુ જે માણસ ઇશ્વર સાથે અને આત્મિક મહાન વાતો સાથે સમાગમમાં નથી તેને માટે તે અધિક મુશ્કેલ છે.

તૈયારીના વર્ગ ઘણાજ લાભકારી છે, અઠવાડીઆમા ઘણુ કામ હોય ત્યારે તે ચલાવવો કઠણ લાગે છે, પણ તે ચલાવવામા ફાયદો છે. અમેરિકા તથા ઈંગ્લાડની ઘણી સાબ્બાથશાળાઓમાં એવો નિયમ છે કે જે શિક્ષક તૈયારીના વર્ગમા હાજર થયો નથી તે શિક્ષક રવિવારે શિક્ષણ આપે નહિ જોશિક્ષકે આગળથી તયારી પર કાઇ લક્ષ આપ્યુ હોય તો તૈયારીના વર્ગની વધારે સફળતા થશે. વર્ગને લીધે શિક્ષકોએ પોતે તૈયારી કરવાની વાત તજી દેવી નહિ, પણ નિશાળના જૂદા જૂદા વર્ગોની આગળ કેવી રીતે વિષય રજુ કરવો તે રીતિનો અભ્યાસ એમા કરવામા આવે છે, અને આગેવાન ધ્યાનમા રાખશે કે શિક્ષણ રસિક અને આબેહુબ કરવા માટે શિક્ષકોને જોઇતાં સાહિત્યો મળી આવે. ખાનગી તયારી વખતે જો પાઠ સબધી કોઇને કાઇ મુશ્કેલી નડી હોય તો તે પર ચર્ચા ચલાવવામા આવશે ને તેનો ખુલાસો થશે , જેઓથી બની શકે તેઓએ વર્ગમા ભાગ લેવો જોઇએ, અને એની ચલાવવાની રીતિ અઠવાડીક ભાષણના રૂપમા બદલાઇ જવા દેવી જોઇએ નહિ

પ્રશ્નો.

૧. પૂર્ણ તૈયારી શા માટે અગત્યની છે ?

૨ વેળાસર તૈયારી કરવાના કારણ આપો.

૩. શિક્ષકે અભ્યાસક્રમનો અભ્યાસ શા માટે કરવો જોઇએ ?

૪ તૈયારી માટે પહેલાં બે પગથિયા કયાં છે ? એને પહેલાં મૂકવાનાં કારણ શાં છે ?

૫. પાઠનો અભ્યાસ કરતી વખતે સારો શિક્ષક પોતાને કયા પ્રશ્નો પુછશે ?

૬. વાર્તા કહેવામાં કઇ મુખ્ય બાબતો ધ્યાનમાં રાખવાની છે ?

૭ તૈયારી કરતી વખતે વિદ્યાર્થીઓને દૃષ્ટિમાં શા માટે રાખવા જોઇએ ?

૮ શિક્ષકે પોતાને પાઠ શિખવવાને માટે શી રીતે તૈયાર કરવો જોઇએ ?

૯. ઉપરની સૂચનાઓ આવતા રવિવારના પાઠને લાગુ પાડો

પ્રકરણ ૧૪ મું.

વર્ગની વ્યવસ્થા રાખવા વિષે.

વર્ગમાં વ્યવસ્થા ન હોવાને લીધે ઘણા ઉત્તમ શિક્ષણની અસર નાબુદ થાય છે આપણે જોયુ છે કે જે છોકરાં લક્ષ દેતાં નથી તેઓને કશું શિખવી શકાતું નથી. હવે ચિત્ત દેવાની શક્તિ એ જીવનમા સફળતાનો પાયો છે, અને તમારી ક્લાસમા હોવાથી વિદ્યાર્થીની આ શક્તિ સબળ અથવા તો નિર્બળ થાય છે. શિક્ષકે યાદ રાખવુ કે અમુક બાબત પર જોઇતુ ધ્યાન આપવુ એ બાળકને સહેલી વાત નથી. વળી જ્યારે એક વાર ચિત્ત ઉઠી જાય છે ત્યારે તે પાછુ ઠેકાણે લાવવુ એ કઠિણ વાત છે એ યાદ રાખવાનુ છે. નિયમિત રીતે ચલાવેલા વર્ગમાં ચિત્ત દેવાની ધીમે ધીમે આદત પડી જાય છે.

ચિત્ત ખેંચવા માટે શિક્ષકનો નમુનો અતિ અગત્યનો છે. સુખી, આનદી ચહેરાથી વર્ગમાં આવો, જાણે એમ કહેતા હો કે, "જે સ્થાન મને બહુ પ્રિય છે તેમા હુ હાલ છુ; આખુ અઠવાડિયુ હુ આ પ્રસગની રાહ જોતો હતો." છોકરાને ખાતરી થવા દો કે પાઠમા તમને રસ પડે છે. દેખાદેખીથી તેઓના ચહેરા આનદી થશે ને પાઠમાં તેમને રસ પડશે. દરેક છોકરા પર કદાચ એકદમ એવી અસર નહિ થાય, પણ વહેલા કે મોડા સારી અસર થયા વિના રહેશે નહિ. "યथा गुरु स्तथा शिष्य." શિક્ષક આગેવાન છે—કોઇ વાર તે અણુધારેલી રીતે આગેવાની કરે છે. વર્ગમાં અવ્યવસ્થા થાય છે, ને વિદ્યાર્થીઓ ચિત્ત દેતા નથી તેનુ મૂળ કારણ શોધવા જઇએ તો વારવાર શિક્ષકમા મળી આવે છે. છોકરા ઘણુ કરીને તેમની લાગણીઓથી દોરાય છે, અને તેઓ સહેજ તેમના ઉપરીઓનુ અનુકરણ કરે છે.

સારો શિક્ષક કામના સજોગોનો નહિ, પણ પોતાનો તથા પોતાની કમહુશિયારીનો વાંક કાઢે છે. પોતાનો વર્ગ સુધારવાને અને પોતાને કામ કરવા માટે અધિક લાયક બનાવવાને તે હમેશા યત્ન કર્યા કરે છે. આવા શિક્ષકોની ઘણીજ અગત્ય છે.

પાઠ તૈયાર કરીને વર્ગમાં આવેલો હોવાથી, શિક્ષકને અભ્યાસ-ક્રમની ચોપડી હાથમાં રાખવાની જરૂર રહેતી નથી. પોતાની તૈયાર કરેલી નોંધ તે હાથમાં રાખે તો ફિકર નહિ. બધા સારા શિક્ષણનો આધાર આ વાત પર રહેલો કહેવાય છે કે, "બધી ચોપડીઓ બધ."

બધા પુસ્તક બધ.

મોટી વયના વિદ્યાર્થીઓના વર્ગમાં દરેક છોકરા ને છોડીના હાથમા બેમલ હોવુજ જોઇએ. પણ શિક્ષકોને માટે તૈયાર કરેલાં પુસ્તકો, છોકરાના પાનીઆ, અને ગીતની ચોપડીઓ એ બાજુ પર મુકાવી દેવાં જોઇએ, એ માટે કે વર્ગ પાઠના વિષય ઉપરજ લક્ષ દે. જરા પણ નકામો વખત જવા દો નહિ, કેમકે જો વખત મળે તો તોફાની છોકરાં તેનો લાભ લઇ અડપલું કર્યા વિના રહેશે નહિ.

સારી વ્યવસ્થા રાખવા માટે એક અતિ અગત્યની બાબત એ છે કે છોકરાએ ક્યાં બેસવુ તે આગળથી નક્કી કરવુ. જો તેઓને પોતપોતાની બેઠક પસદ કરવા દઇએ તો કદાચ તેઓ એવી બેઠક પોતાને માટે લેશે કે વ્યવસ્થા રાખવાનુ કામ શિક્ષકને માટે અઘરૂં થઇ પડશે. જો બની શકે તો વર્ગને ત્રિકોણની બે બાજુના અથવા ચોરસની ત્રણ બાજુના રૂપમાં ગોઠવો, ને શિક્ષક તેની વચ્ચે આવે, પરતુ બે છેડાથી બહાર તેની બેઠક થોડે છેટે હોવી જોઇએ એવી રીતે કરવાથી દરેક છોકરા પર શિક્ષકની નજર ફરી શકે છે. જો વર્ગમા કોઇ એક તોફાની છોકરો હોય કે જેના પર ખાસ નજર રાખવાની જરૂર છે, તો તેને તમારી સન્મુખ મધ્યભાગમા રાખો, એવી રીતે કે તે તમારી નજર ચુકવી શકે નહિ. જ્યારે શિક્ષકની શાંત, સ્થિર દૃષ્ટિ તેના પર ઠરે છે ત્યારે તેવા તોફાની છોકરામાંથી અડપલાપણુ અલોપ થાય છે. ચાલાક, ચચળ છોકરાને દરેક છેડે છેલ્લી બેઠકમાં બેસાડો, કેમકે એમ કરવાથી તેમની પાસે એકજ વિદ્યાર્થી હોવાથી લક્ષ ન દેવાની લાલચ તેઓમાંથી અરધે ભાગે કમી થાય છે

સાવધાન રહો—છોકરાં બેદરકાર રહેવાનુ શરૂ કરે તેની રાહ જોવી; એ વિષે અજાણુ દેખાઇએ તો તેમાં વધારો થશે. તસ્દી આપનાર છોકરાં સાથે નિપુણતા ભરેલી યુક્તિથી વર્તો. કલાસમાં નિપુણતા ને અઠવાડીઆમા સમાગમ એ બેની વચ્ચે નિકટનો સબધ છે. અઠવાડીઆના કોઇ દિવસે, દોષિત છોકરા સાથે ખાનગી વાતચિત કરતાં બે બોલ બોલવાથી, રવિરારે બદોબસ્ત રાખવામાં ઘણી મદદ મળે છે.

આજ્ઞાકિતપણું માગો—શિક્ષક જેમ શિખવનાર તેમજ અધિકારી છે. તેની માગણીઓમા તેણે હદ બહાર જવુ નહિ ને તેણે સભાળ રાખવી કે તેની આજ્ઞાઓ પાળવામા આવે. તે એકવચની એટલે પોતાનુ બોલેલુ પાળનાર હોવો જોઇએ. બધી વિનતિઓ, જેવી કે "હવે મહેરબાની કરી ધ્યાન દો," અને ધમકીઓ, જેવી કે "જો તમે બેદરકાર રહેશો તો હુ તમને શિક્ષા કરીશ" એ નબળાઇના ચિન્હ છે, જે હુકમ તમારાથી અમલમા ન મૂકાય એવો હુકમ કદિ આપો નહિ. તમારા સબધી વિદ્યાર્થીઓના મનમાથી માનની લાગણી નાશ પામશે તો તમે વર્ગમા બદોબસ્ત રાખી શકશો નહિ. ઢોંગ રહિત માયા અને વજનદાર દઢતા સાથે જોડાયલી હોવી જોઇએ, તેમ છતા ઉત્તમ બદોબસ્ત ઘણે ભાગે અદૃશ્ય અને અવાજ રહિત છે, ઘણી આજ્ઞાઓ માત્ર ઇસારાથી અથવા હાથના અડકવાથી આપી શકાય છે તમારી રીતભાતમાં ઢચુપચુપણુ કે અસ્થિરતા માલમ પડવા ન જોઇએ. સઘળી લાયક સત્તાને સપૂર્ણ રીતે આધીન રહો, કેમકે જો શિક્ષકો સુપ્રિન્ટેન્ડેન્ટ જે કરવાનુ કહે તે ન કરે, તો વિદ્યાર્થીઓ શિક્ષકોને આધીન ન રહે એ આશ્ચર્ય-કારક કહેવાય નહિ.

સ્પષ્ટ રીતે બોલો—તાણીને બોલવુ ને સ્પષ્ટ બોલવુ એ બેને એક ન સમજો. તાણીને બોલવાથી બીજા વર્ગોને હરકત થશે. વિદ્યાર્થીઓ તમારી વાત સહેલથી સાંભળી શકે એવી રીતે બોલો, આનાકાની કરતા હોય તેમ અટકીને બોલવાથી,

વિદ્યાર્થીઓમાં સ્વાભાવિક અશાંતિ ફેલાય છે દરેક શબ્દનું સ્પષ્ટતાથી ઉચ્ચારણ કરો, અને વિદ્યાર્થીઓને તેમ કરતાં શિખવો.

વિદ્યાર્થીઓને કામે વળગેલા રાખો—બાળકો હરવા ફરવામાં આનંદ માને છે. અને જો શિક્ષક તેમને કામે વળગેલાં રાખે તો તેમના જુસ્સાને આડો માર્ગ લેવાનો લાગ મળશે નહિ. સંભાળથી અભ્યાસ કર્યાને લીધે શિક્ષક દરેક વિદ્યાર્થીના ખાસ ગુણ તથા તેની સાથે કેવી રીતે કામ લેવુ તે સબંધી માહિતગાર થાય છે. જો કલાસમાં કોઇ આગેવાન જેવો વિદ્યાર્થી હોય તો તેને મેળવી લો ને બાકીના આપોઆપ અનુકરણ કરશે. ખાસ કરીને મોટી વયના છોકરાની બાબતમાં તેઓને માથે જવાબદારી મૂકવી એ ઉત્તમ ઉપાય છે. બધાને માટે કામ શોધી કાઢવામાં હુશિયારીનો ખપ પડશે, પણ એમ કરવામાં જે તસ્દી પડે તે વ્યર્થ જશે નહિ. વખાણનો ડહાપણથી ઉપયોગ કરવાથી સારી મદદ મળે છે, કારણ કે છોકરાં સહેજ નાહિમ્મત થઇ જાય છે.

ઘણાને અનુભવ થયો છે કે ટુંક પ્રાર્થના સાથે વર્ગનું કામ શરૂ કરવુ એ ઉત્તમ રીતિ છે. વર્ગની શરૂઆતમાં બધા સાથે મળીને પ્રભુની મદદ શોધે એ રિવાજથી તોફાની છોકરાના મન પર પણ અસર થાય છે એવુ જાણવામાં આવ્યુ છે. જો મોઢે કરવાના પાઠ હોય તો તે પછી આવવા જોઇએ. થોડી મિનીટમાંજ એ કામ આટોપી લેવુ જોઇએ, કારણ દિવસનુ મુખ્ય કામ એ નથી. સમયનો આ ભાગ આનંદકારક રાખવા યત્ન કરો, કારણ કે સહેજ તે નિરસ થઇ પડે એવી ધાસ્તી રહે છે. મુખપાઠે કરવાનો શાસ્ત્રપાઠ, અલબત નિશાળે આવ્યા પહેલાં શિખી રાખવો જોઇએ, અને શિક્ષકે કાંઇ પણ ભૂલ વગર પાઠ બોલવાની ફરજ પાડવી જોઇએ. જે ભાગ ભૂલ વિના મુખપાઠે કરવામાં આવતો નથી તેની પાછળ ગાળેલો સમય નકામો ગયા સમાન છે.

હવે ઉઘરાણું કરી શકાય. શિક્ષકે હમેશાં સભાળ રાખવી કે વિદ્યાર્થીઓ પૈસા શાને માટે અપાય છે તે સમજતા હોય.

છોકરા જો સમજીને આપતાં શિખે તો તેની અસર તેઓની વર્તણુકમાં જણાઇ આવ્યા વિના રહેશે નહિ.

દિવસને માટે ઠરાવેલો પાઠ આરભતાં, બધાં પાસે વારાફરતી શાસ્ત્રપાઠ વચાવવો એ રિવાજ ડહાપણ ભરેલો નથી. પુખ્ત વયના છોકરા હોય તો વાત જુદી છે. આપણા ઘણાખરા વિદ્યાર્થીઓ સારા વાંચનાર નથી, અને વાંચનમાં ઘણો વખત રસ પડ્યા વિના નકામો જાય એવી ધાસ્તી રહે છે. પહેલાં કહેવામાં આવ્યુ છે કે વાર્તા કહેવાથી અથવા છોકરાની જીજ્ઞાસા જાગૃત થાય ને તેમને રસ પડે એવો પ્રશ્ન પુછવાથી વિષયની શરૂઆત કરવી એ ઉત્તમ રીત છે. નિશાળ શરૂ કરતી વખતે જો ભેગા થએલા વર્ગો આગળ શાસ્ત્રપાઠ વાંચવામાં આવ્યો ન હોય તો શિક્ષક તે પુરો વાંચી જાય. પરતુ ઉપોદ્દ્ઘાત વડે શાસ્ત્રપાઠ સાંભળવાનો હેતુ વિદ્યાર્થીઓનાં મનમાં ઉપજ્યો હોવો જોઇએ, એ માટે કે તેથી તેઓને લાભ થાય.

પ્રશ્નો.

૧. વર્ગમાં બેદરકાર રહેવાની ટેવ પડવાથી વિદ્યાર્થીની ભવિષ્યની જીદગી પર શી અસર થાય છે?

૨ જ્યારે શિક્ષક વર્ગમાં દાખલ થાય છે ત્યારે તેના સબધી વિદ્યાર્થીઓના મનમાં કેવો ભાસ થવો જોઇએ?

૩. શિક્ષકે શાથી અસતોષી થવુ જોઇએ?

૪. વર્ગ ચાલતી વખતે બધાં પુસ્તક બાજુએ મૂકવામાં ફાયદો છે એનું શું કારણ?

૫. તોફાની છોકરાને તમે વર્ગમાં તમારી સન્મુખ શા માટે બેસાડશો?

૬. શિક્ષકે વિદ્યાર્થીઓને ધમકી આપવી જોઇએ? સકારણ જવાબ આપો

૭. સુપ્રિન્ટેન્ડેન્ટની વાત માનવામાં જો શિક્ષક ઢીલ કરે તો વિદ્યાર્થીઓ પર તેની કેવી અસર થશે?

૮. જે વિદ્યાર્થી બીજાઓને તોફાનમાં દોરે છે તેની સાથે તમે કેવી રીતે વર્તશો?

૯. મુખપાઠે કરવાના કામમાં કઇ બાબત સંબધી શિક્ષકે ખાસ ધ્યાન આપવુ જોઇએ?

૧૦. દિવસને માટે મુકરરર કરેલો શાસ્ત્રપાઠ વાંચવાની સૌથી સરસ રીત કઇ છે?

પુનરાવર્તન માટે પ્રશ્નો.

૧. સાબ્બાથશાળાના શિક્ષકમાં સૌથી અગત્યનો સદ્‌ગુણ કયો છે? સવિસ્તર જવાબ આપો

૨. સારા સાબ્બાથશાળા શિક્ષકને માટે બૈબલનુ કયુ જ્ઞાન અગત્યનું છે તેનુ ટુંકામાં વર્ણન કરો.

૩. સાબ્બાથશાળા મડળીનુ ધરેવાડિયુ છે એ વાત કેવી રીતે સત્ય ઠરે છે?

૪. વર્ગનું લક્ષ કેવી રીતે આકર્ષી શકાય?

૫. વાર્તા પરથી શિખવાનો બોધ તમે શી રીતે કહેશો?

૬. આપણો પ્રભુ પોતાનાં દૃષ્ટાંતો કેવી રીતે પ્રસંગોને અનુસરીને પસદ કરતો હતો તેનો ખુલાસો આપો.

૭. સારા પ્રશ્નનાં મુખ્ય લક્ષણો કયાં છે?

૮. ડહાપણથી પ્રશ્ન કરવાથી વર્ગ પર કેવી અસર થાય છે?

૯. તૈયારી-વર્ગના મુખ્ય લાભ કયા છે?

૧૦. છોકરાંને તમે વર્ગમાં કેવી રીતે ગોઠવશો તેની હકીકત આપો.